# કચ્છ રચના

KUTCH RACHANA (Gujarati Monthly)
Editor - BHAWANJI GALA
Vol. 5 | Issue No. 3 | 5 - SEPTEMBER - 2023 | Price Rs. 15=00



## ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલ સરખડી ગામના ચેતના વાળાની અનોખી સિધ્ધિ

## પુષ્પ ચિકિત્સામાં બનતા રસને પાણી સાથે નિયમિત માત્રામાં લેવાથી ભયંકર રોગોમાં રાહત મળે છે.



GO FOR GREAT
great-white.in
GreatWhite
THE FUTURE OF BRIGHT
THE JOURNEY OF GREAT.
MILESTONES. INNOVATIONS. DREAMS.
As we touch lives and change countless living spaces through our designs and technology, we keep challenging ourselves. To create, perform and soar.
Our every new electrical product is founded on your needs and keeping you in mind.
Here's to envisioning the path ahead through brighter and greater leaps in the future.
SWITCHES & AUTOMATION | LIGHTING | MCBs & RCCBs | WIRES & CABLES | FANS | uPVC CONDUITS | SENSORS

With Best Compliments




# Rachit Creations

**304, Pragati Industrial Estate, N. M. Joshi Mumbai-400 011**
**MOB. 9820155180 : 9167467321 : 9324881292**
**E-mail : summerline87@gmail.com**



9323500722
KESHAR tea
KESHAR TEA
Golden Tea
मे. केशर टी
Golden Tea
मे. केशर टी
SPECIAL PREMIUM
Buy now & GET 20% Discount on MRP
Email : shreesaitea@yahoo.co.in / keshartea@yahoo.co.in
Website : www.keshartea.com
G-10, A.P.M.C Market No.1, Kirana Bazar, Vashi, Mumbai - 400 705

A Symbol of Quality



Chheda
dry fruits

Chetanbhai Chheda
Chheda Dry Fruits Pvt. Ltd.
292, Bhanu Jyoti,
L.N. Road,
Matunga,

No Branches

Dry Fruits, Sweet & Namkeen

24141672



મુલચંદ લાલજી એન્ડ કું.

Importers & Wholesale Dealers in :

NEWSPRINT, NEWSGLAZED, LWC & PRINTING PAPER

Administrative Office : 1st Floor, 229/231,
Perin Nariman (Bazar Gate) Street,
Fort, Mumbai-400 001.

Phone : (+91-22) 2261 7223, 2261 7878, 2261 7299

Fax : (+91-22) 2261 1207 - E-mail : ntdc@vsnl.com

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street,
Near Jain Temple, Fort, Mumbai-400 001.

**ઈલેકટ્રીકલ્સ સામાન ખરીદવા માટે એક જ વિશ્વસનીય સ્થળ. ગુણવત્તાભર્યા સામાન માટે તેમજ વ્યાજબી ભાવ માટે એક જ વખતનું આપનું આગમન કાયમી નાતો બાંધશે.**

## અશોક ઈલેકટ્રીકલ્સ

૧૧, પાઠક વાડી, મણી ભુવન,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૩૪૯, ૨૨૦૬ ૫૭૫૩.

## એશીયન ઈલેકટ્રીકલ્સ


૧૩૫, તવાવાલા બિલ્ડીંગ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૬ ૧૫૧૮, ૨૨૦૫ ૧૮૨૮.

### પી.વી.સી. કન્શીલ પાઈપ અને એશેસરીઝ

પ્રીસીસીયન • પ્રેસ્ટોપ્લાસ્ટ • I.S.I.

### વાયર અને કેબલ

ફીનોલેક્ષ • પોલીકેબ • એરીસ્ટો-કેબ • I.S.I.




### સ્વીચ

એંકર રોમા • M.K. • નોર્થ વેસ્ટ
લીયોન ઈન્ટરનેશનલ • એરોલાઈટ એલીશ
પોઈન્ટર • વિનય • કોલર્સ • સાલઝર (જર્મની)



### ટ્યુબ ફીટીંગ

**અલ્ટ્રા-લાઈટ - ફીલીપ્સ - કોમ્પટન**



**અને ઈલેકટ્રીકલ્સને લગતી દરેક આઈટમ**

### એમ.સી.બી. અને ઈ.એલ.સી.બી.

ઈન્ડોકોપ • દાતાર • M.D.S. • સીમેન્સ

## એટલાન્ટા લાઈટ

૧૨૨, હરહરવાલા બિલ્ડીંગ નં. ૩,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૦ ૬૬૫૫.


## એવન્યુ લાઈટ

૧૪૭, સાગર ભવન, પ્રીન્સેસ સ્ટ્રીટ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૪૫૫૫, ૨૨૦૧ ૫૫૪૪

ડેકોરેટીવ જુમ્મર • સાઈડ વૉલ ફીટીંગ • ડ્રેસીંગ લાઈટ • મીરર લાઈટ • બાથરૂમ લાઈટ • પેસેજ લાઈટ • એકસ્લ્યુસીવ હેલોજન તથા કન્શીલ P.L. ફીટીંગ



॥ શુભ લાભ ॥
સ્વર્ણમાલા
ફક્ત નામ નહીં, સહિયારી પ્રગતિનું પ્રતિક !
સુપર ડીલક્સ ક્વોલિટી હીરા અને ૯૧૬
BIS હોલમાર્ક એપ્રુવ્હડ સોનાની અલભ્ય
જ્વેલરી. શુભ પ્રસંગોએ રિધ્ધિ સિધ્ધિને
વધારતી દૈદિપ્યમાન જ્વેલરી
સ્વર્ણમાલા
અરસપરસના વિશ્વાસના પાયા પર અડીખમ ઊભેલો જ્વેલરી શો રૂમ
પારેખ માર્કેટ, એમ.જી.રોડ, રાજાવાડી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭.
ફોન : ૬૭૯૮૩૩૭૨, ૨૧૦૨૨૮૦૪, ૨૧૦૨૧૮૪૭


મનની શાંતી...
हेम
प्रे·शि·य·स
गुलाब
अगरबत्ती
चंदन
मोगरा
સૌથી અલગ સૌથી અનોખી
હેમ
प्रे·शि·य·स
અગરબત્તીઓ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સ્પોર્ટર
હેમ કૉર્પોરેશન
મુંબઇ • બૅંગલોર
જી-૫, રિદ્ધી સિદ્ધી એપાર્ટમેંટ, મીઠાગર ક્રોસ રોડ,
મુલુંડ (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૮૧.

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ


રજી.ઓ. : ૩૩૨, સર્વોદય કોમ.સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.ની પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧૨.
(મો.) ૯૮૧૯૨૩૮૪૨૨

મુંબઈ સંપર્ક : C/o. ભાવેશ દામજી કુરીઆ
ઈશ્વરકૃપા બિલ્ડીંગ, ૩જો માળ, રૂમ નંબર-૧૨, ઘનશ્યામ ગુપ્તે રોડ, ન્યૂ ડોન બોસ્કો હાઈસ્કૂલની બાજુમાં,
ગાંવદેવી, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨. મો. : ૯૩૨૧૬૧૪૬૬૬



**કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ**

પ્રવિણભાઈ ભીમશી છેડા
વાઈસ ચેરમેન - પુનડી

❖ ❖

હરખચંદ ખીમજી ગંગર
ખજાનચી - ચુંનડી - હિંદમાતા

❖ ❖

ભવાનજી રામજી ગાલા
મે.ટ્રસ્ટી - ફરાદી

❖ ❖

બંસીલાલ મોરારજી છેડા
મે.ટ્રસ્ટી - કાંડાગરા

❖ ❖

ટ્રસ્ટીઓ
રમણીકલાલ દામજી ગાલા
સાંતાક્રુઝ-ફરાદી

C.A. શાંતિલાલ રાંભીયા
(સમાઘોઘા-મુલુંડ)

અમૃતલાલ સાવલા - ફરાદી

❖ ❖

કાયદાકીય માનદ્ સલાહકારો
તરૂણભાઈ શાહ (અમદાવાદ)
શંકરભાઈ સચદે (ભુજ-કચ્છ)


# કચ્છ રચના


તંત્રી : ભવાનજી ગાલા
(મો. ૦૯૮૧૯૨૩૮૪૨૨)

સહતંત્રી : શામજી ગાલા — મોબાઈલ : ૯૬૬૪૮૩૩૪૫૧

વ્યવસ્થાપક : મયુર ગાલા — મોબાઈલ : ૯૧૬૭૪૬૬૩૩૯

E-mail : kutchrachana332@gmail.com


"કચ્છ રચના"
દર મહિનાની ૫મી તારીખે દરેક વાચકને અમદાવાદથી પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં પોસ્ટ દ્વારા થતા વિલંબ અને અંક ન મળવા બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.

**સરનામામાં ફેરફાર કરવું હોય તો જૂનું અને નવું સરનામું વોટ્સઅપ પર મોકલવું - ૯૬૬૪૮૩૩૪૫૧**

## અંકો ન મળવાની ફરિયાદ

કચ્છ રચનાના અંકો દર મહિનાની તા.૨૨ સુધી ન મળે તો વોટ્સએપ પર ફરિયાદ કરવી.

**ફોન : ૯૧૬૭૪૬૬૩૩૯**

આપનું દાન ઓનલાઈન પણ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન દાન કર્યા બાદ મો.૯૩૨૧૬૧૪૬૬૬ નંબર પર વોટ્સએપ કરવા વિનંતી.

Kutch Rachana Gramya Vikas Trust
SARASWAT-CO.OP.BANK
BRANCH : NARANPURA, VADAJ, AHMEDABAD
A/C. No. : 366100100000346
IFSC Code : SRCB0000366

સંસ્થાને અપાતું દાન કલમ 80-G મુજબ કરમુક્તિને પાત્ર છે.




# વિજ્ઞાન - વૈજ્ઞાનિક પધ્ધતિ અને વૈજ્ઞાનિક અભિગમ



સપ્ટેમ્બર માસ એટલે શાળાઓમાં વિજ્ઞાનની ઉજાણીનો મહિનો. રાજ્યભરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ વિજ્ઞાનપર્વમાં જોડાય છે. જાતજાતનાં માડેલા મુકાય છે. પણ આમાંથી જો વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો ઉપયોગમાં આવે તો આ પ્રયત્નને ચાર ચાંદ લાગી જાય. બાળ વૈજ્ઞાનિકોને આ પ્રદર્શનમાં ખૂબ ખૂબ જાણવાનું મળે છે. અહીં પ્રશ્ન થાય કે વિજ્ઞાન એટલે શું? વૈજ્ઞાનિકો સ્વયં બીજા જે જુએ છે તે જ જુએ છે પણ બીજા જે વિચારે છે. તેનાથી ઉપરનું વિચારે તે વૈજ્ઞાનિક. વળી આ શા માટે થયું તે જોવાની દૃષ્ટિ તે વૈજ્ઞાનિક દૃષ્ટિ. વિજ્ઞાન ટેકનોલોજી દ્વારા સતત નવું સંશોધન થતું રહ્યું છે, જે માનવી માટે ઘણાં ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. ગુનાશોધનનું ફોરેન્સિક વિજ્ઞાન દ્વારા ભલભલા ગુનેગારો જે પોલીસ રિમાન્ડ દ્વારા પણ ગુના નથી કબુલતા તેને પણ સફળતાથી ઉકેલી શકાય છે. કોમ્પ્યુટર અને લેપટોપની તો આજે ભારે બોલબાલા છે. લેપટોપે તો આજના માનવીની જિંદગીનું રૂખ જ બદલી નાખ્યું છે. વિજ્ઞાન નામનું એક હથિયાર જ્યારથી માણસના હાથમાં આવ્યું છે ત્યારથી માનવી સતત થોભ્યા વિના નવી નવી શોધો કરતો રહ્યો છે. આ શોધ કરવા પાછળ માનવ પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાખે છે, છતાંયે તેની શોધ ત્યાં અટકતી નથી. વિશ્વના ઘણાં વૈજ્ઞાનિકો પોતાની નવી નવી શોધ પૃથ્વી પર રહેતા માનવી માટે કરી રહ્યા છે. તેમજ જીવસૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ, પ્રાણી સૃષ્ટિ, અવકાશમાં આવેલા અન્ય ગ્રહો પર વગેરે જ્યાં જ્યાં જરૂરિયાત પડી ત્યાં ત્યાં સંશોધનો થયા કરે છે. અત્યારે આપણે સૌ ૨૧મી સદીમાં જીવી રહ્યા છીએ. આ સદીમાં આપણી જરૂરિયાતો એટલી બધી વધી ગઈ છે કે કદાચ તે પૂરી થઈ શકે તેમ નથી. કારણ કે દરેક પેઢીની જરૂરિયાત બદલાતી રહે છે. આ જરૂરિયાતો પૂરી કરવા વિજ્ઞાન તેમજ અન્ય સંશોધન જરૂરી બનતા રહે છે. આ ખૂટતું પૂરું કરવા વૈજ્ઞાનિક અભિગમ જળવાય તે જરૂરી છે. વૈજ્ઞાનિક અભિગમ માટે દરેક વિદ્યાર્થીએ આઠ મુદ્દાની પ્રતિજ્ઞા લેવી જરૂરી છે.

(૧) વિજ્ઞાન એ મારા જીવનનું ધ્યેય છે, હું સતત કામ કરીશ અને સફળ થઈશ. (૨) હું ગમે ત્યાં હોઉં મારા મનમાં એક વિચાર હંમેશા હશે અને તે એટલે જે પરિસ્થિતિ છે તેમાં હું કંઈક પણ સુધારણા કરીશ, સંશોધન કરીશ, શોધ કરીશ. (૩) મારા આયુષ્યની કાર્યક્ષમ યુવાવસ્થાનો કાળ નકામો નહીં જાય તેની હું કાળજી રાખીશ. (૪) મારી સામે ઉચ્ચ વૈજ્ઞાનિક ધ્યેય રાખીશ અને તેને લીધે મારો વિચાર ઉચ્ચ રાખી મારા ઉદ્દેશ્ય સાધ્ય કરવા પરિશ્રમ કરીશ. (૫) મારા ઉત્તમ શિક્ષકો એટલે મોટા વૈજ્ઞાનિક, મોટા શિક્ષક અને ગ્રંથ. (૬) ગમે તેવા સંકટ પર હું સવાર થઈ જઈ, સંકટનો પરાભવ કરીશ અને યશસ્વી બનીશ. (૭) પૃથ્વી પરનું પાણી, ઉર્જા, વસતિ, ઘન કચરાનું વ્યવસ્થાપન અને પર્યાવરણની બાબતમાં આવનારી સમસ્યાઓ પર વિજ્ઞાન અને તંત્રજ્ઞાનની મદદથી વિજય મેળવીશ. (૮) મારો રાષ્ટ્ર ધ્વજ મારા હૃદયમાં રાખી મારા રાષ્ટ્રને વિજ્ઞાન ક્ષેત્રે કિર્તીમાન બનાવીશ.

વર્તમાનમાં વિદ્યાર્થીઓને જુદા જુદા વિજ્ઞાનનું શિક્ષણ તો અપાય છે, પણ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પધ્ધતિ અને

વૈજ્ઞાનિક અભિગમ (સાયન્ટિફિક ટેમ્પર)નું શિક્ષણ ભાગ્યે જ અપાય છે. તેમનાં વ્યવહાર આવરણમાં વૈજ્ઞાનિકતા નથી જોવાતી. શીતળાના કોપથી બચવા, 'બળિયાદેવ'ની પૂજા, નાગ-સાપના ડંખથી બચવા નાગપંચમી, તાવ આવે ત્યારે દોરા-ધાગા-માંદળિયાં અને વરસાદ ન આવે ત્યારે યજ્ઞ-યજ્ઞાદિ કે શિવલિંગ પર પાણી-દૂધના ઘડા ઠલવાય છે. માનસિક રોગીઓને તો ભૂત-પ્રેત વળગાડ માની ભૂવાઓને સોંપી દેવાય છે. પણ જો વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પધ્ધતિ-અભિગમનું શિક્ષણ અપાય તો જૂના પુરાણા વહેમો, અંધશ્રધ્ધા, ખોટી માન્યતાઓની પકડમાંથી છૂટી શકાય અને અંધશ્રધ્ધાનો ગેરલાભ ઉઠાવનારા-ભૂવા-તાંત્રિકો, બાવા-ફકીરની ચુંગાલમાંથી અવશ્ય બચી શકાય છે.

વિજ્ઞાન હંમેશા સત્યનો અભ્યાસ કરે છે. જે ઈન્દ્રિયગમ્ય અને તાદેશ છે તેનો અભ્યાસ કરે છે. બુધ્ધિનિષ્ઠ પ્રમાણનો અભ્યાસ કરે છે. વિજ્ઞાનનાં ક્ષેત્રમાં કાર્યકારણનો અકાટ સિધ્ધાંત જ મહત્ત્વનો પાયો મનાય છે. વૈજ્ઞાનિક પધ્ધતિમાં નિરિક્ષણ, શક્ય હોય ત્યાં પ્રયોગ, માહિતી એકત્રીકરણ, માહિતીનું વિશ્લેષણ અને માહિતીનાં એક ઘટકને બીજા ઘટક સાથે કાર્યકારણનો સંબંધ છે કે નહીં તેની તપાસ અને એને આધારે તારવણી એ વૈજ્ઞાનિક પધ્ધતિના પગથિયાં છે. આ બધા પગથિયા ચડ્યા પછી જ તેને 'સિધ્ધાંત'નો દરજ્જો અપાય છે. તારવેલા સિધ્ધાંતની પુનઃ વિચારણા, પુનઃચકાસણી થયા કરે છે. આ રીતે વિજ્ઞાનની ખોજ અવિરતપણે નિરંતર ચાલતી રહે છે. વિજ્ઞાન ક્યારેય અંતિમ સત્ય પ્રાપ્ત થઈ ગયું છે, હવે આગળ કંઈ શોધવાનું બાકી નથી તેમ નથી માનતું. વિજ્ઞાન ચોક્સાઈનો વિશેષ આગ્રહ રાખે છે, જાપાનની વિવિધ ટેકનિકોનો ઉપયોગ કરે છે. વિજ્ઞાન ક્યારેય આશરે કે બાંધેભાર નથી કહેતું. વિજ્ઞાન ક્યારેય અમુક ઘટના ભૂતકાળમાં ઘટી એટલે ભવિષ્યમાં પણ બનશે તેમ ખાતરીપૂર્વક નથી કહેતું. વિજ્ઞાનિકો પોતાની મર્યાદાઓથી સભાન રહે છે. વિજ્ઞાન ક્યારેય કોઈ મહાપુરુષે કહ્યું છે, માટે તે સાચું છે એમ નથી માનતું. આ તેમનો વૈજ્ઞાનિક અભિગમ છે. બુધ્ધિ અને તર્કની કસોટીએ પાર ઉતરે એમાં માનવું એ વૈજ્ઞાનિક અભિગમ છે.

■ **ભવાનજી ગાલા**

**તંત્રી : 'કચ્છ રચના'**




# વાત્સલ્ય વંદના

ફકીરને ગેબી અવાજ સંભળાયો. સ્વર્ગમાં તારો નંબર લાગ્યો છે પણ તારાથી વિશેષ સ્વર્ગમાં સ્થાન મળ્યું છે. તારા જ ગામનાં એક ચમારને... !! અરે ! ચમારને મારાથી વિશેષ સારું સ્થાન સ્વર્ગમાં મળ્યું ને મને નીચે...!! ફકીર ફરિયાદ કરી ભગવાને કીધું : પ્રભુ ! આ તો હળાહળ અન્યાય કહેવાય...!! મેં પરિવારને છોડ્યો સખત કષ્ટો સહન કરવા ફકીર બન્યો....! ખૂબ સાધના કરી... આપનું મેં ધ્યાન કર્યું... ત્યાગ ધર્મ અપનાવ્યો... લોભ-લાલચ છોડ્યા... મેં આમ કર્યું તેમ કર્યું એવું ભગવાનને ઘણું કીધું. મારું તો સ્થાન સર્વોત્કૃષ્ટ હોવું જોઈએ. એના બદલે સ્વર્ગમાં મારું હીન સ્થાન અને પેલો ચમાર ! નથી કોઈ દિવસ મંદિરે જતો, નથી સાધુ બન્યો... નથી કોઈ સારા કામ કર્યા... નથી સંસાર છોડ્યો... છતાં ઉચ્ચ સ્થાન. પ્રભુ એવું ન થવું જોઈએ. ભગવાને કીધું : તમારી બધી વાતો સાંભળી. તું ચમાર વિશે બોલ્યો તે હું નથી જાણતો કે તારે કોઈનાં વિષે કહેવું પડે. એક વખત તું જાતે ચમારના ઘરની, ચમારની મુલાકાત લેજે પછી તેને કાંઈ ફરિયાદ જેવું લાગે તો ફરિયાદ કરજે. ગેબી અવાજ સાંભળી ફકીર ચમારના ઘરે જવા પગ ઉપાડ્યા. ચમાર ફકીરની દૃષ્ટિએ હલકી જાતિનો... નાસમજ માણસ... અજ્ઞાની એવી ચમાર માટે ધારણાઓ લઈ ફકીર... ચમારના ઘર પાસે આવી ગયો. દરવાજા બંધ હતા... ખટખટાવ્યા... અંદરથી મીઠો જવાબ મળ્યો... જરા ઉભા રહેજો... થોડીવાર લાગશે... જવાની ઉતાવળ ના કરજો... આપને જરૂર મળવાની ઈચ્છા છે આપનાં દર્શન કરવાની ભાવના છે... થોડી ધીરજ રાખજો. ચમાર બોલીને શાંત થતાં... ફકીર દરવાજાની તીરાડમાંથી જોવા લાગ્યો શું કરે છે? ચમાર એક સ્ત્રીનાં માથાને પોતાના ખોળામાં રાખી... પ્રેમથી કાંઈક બોલી રહ્યો હતો. સ્ત્રીને લાડ કરી રહ્યો હતો. બારીકાઈથી જોયું તો સ્ત્રીના મોઢામાં રૂના પુમડાથી દૂધ પીવડાવી રહ્યો હતો. ખૂબ જ પ્રસન્નતાથી પીવડાવી રહ્યો હતો...! ફકીરે એવો અનુમાન કર્યો કે કોઈ ઔરત સાથે લફરામાં છે. ચમારની રીત બરાબર નથી. આવા માણસને સ્વર્ગમાં ઊંચું સ્થાન હોય જ નહિં. ફરી ફકીરે તીરાડમાંથી જોયું... સ્ત્રીનું મોઢું સાફ કરી... શરીર બરાબર સ્વચ્છ કરી. પથારી સાફ કરી નવી ચાદર પથારી પર બીછાવી... ધીરેથી સ્ત્રીને પથારીમાં સુવડાવી... ઉપર



સરસ નવી ચાદર ઓઢાળી સ્ત્રીને પંપાળીને હળવેકથી દરવાજા ખોલી ફકીરનું સ્વાગત કરી ઘરમાં પધારવા વિનંતી કરી...

ફકીરે ઘરમાં પ્રવેશ કર્યો... તમને દરવાજા પર ઊભા રાખ્યા એ બદલ માફી માગું છું... તરત દરવાજા ખોલ્યા નહીં... માફ કરો.

આ પથારીમાં કોણ સુતું છે...? ફકીરે પ્રશ્ન કર્યો.

બાબાજી ! આ પથારીમાં મારા વયોવૃધ્ધ માતાજી છે. શરીરે અશક્ત છે તો હું પ્રથમ મારી મા ને ભગવાન જ માનું છું ને આ ઘર મારી માનું મંદિર છે. આપ પધાર્યા ત્યારે હું રૂનાં પુમડાથી દૂધ પીવડાવતો હતો. ટીપું ટીપું ટીપું દૂધ મારી મા પીતી હતી. એ વિધિ પૂરી થતાં એનું શરીર સાફ કર્યું. પથારી સાફ કરી એના શરીરને જરાપણ તકલીફ ન થાય તે રીતે એને સુવડાવી એને પંપાળી... હમણાં એને ઊંઘ આવી ગઈ.

અરે ! આ સ્ત્રી આપની મા છે? હા... બાબાજી મારી મા છે... સાક્ષાત મારી મા ને ભગવાન જેમ પૂજા - અર્ચના - ભક્તિ - સેવા કરું છું. મારી ફરજ અદા કરું છું. મારી મા એ હું નાનો હતો ત્યારે રાત-દિવસ મારી સંભાળ રાખીને મને મોટો કર્યો. મને ઉછેર્યો મારા માટે ખૂબ તકલીફો સહન કરી ! એટલું તો હું મારી મા માટે કાંઈ નથી કરી શકતો. માની

તમામ ક્રિયા પૂરી થઈ ગયા પછી ચમારનો ધંધો કરું છું. જોડા સીવવાનાં... કોઈ ગ્રાહક સિવવા માટે કાંઈ વસ્તુ લાવે તો તે સિવી દઉ... રોજી રોટી જેટલા - ઘર ચલાવવા જેટલા પૈસા મળે છે. સંતોષ ને આનંદથી જીવું છું. થાય તેટલી મારી માની સેવા કરું છું. નિર્મળ જિંદગી જીવવાની મારી મા એ મને સંસ્કાર આપ્યા છે તે પ્રમાણે હું જિંદગી નિર્મળ રાખવા યથાશક્ય પ્રયાસ કરું છું. મારી મા મારા માટે સર્વસ્વ છે. એનો અંતર ઠરે એવા પ્રયાસ કરું છું. ભગવાનની સર્વાધિક મારી મા ને માનું છું.

ફકીર તો ચમારની વાતો સાંભળતાં અવાક થઈ ગયો. અરે ક્યાં હું ફકીર ને ક્યાં આ ચમાર? ધન્ય છે એને... એ ખરેખર સ્વર્ગમાં ઊંચા સ્થાનને અધિકારી છે. મારામાં જે સરળતા ને મા પ્રત્યે ભક્તિ નથી તે આ ચમારમાં છે. જેને હું ગમાર માનતો હતો તે ગમાર નથી પણ હું ગમાર છું. માની આવી ભક્તિ-સેવા જોઈ ફકીર ખુશ ખુશ થઈ ચમારને પ્રણામ કરી વિદાય લીધી.

સ્કોટ કવિ મા માટે અભિપ્રાય આપતાં કહે છે, ''કાવ્ય સાહિત્યનું શિક્ષણ મને મારી માતા તરફથી મળેલ છે.''

બાળપણથી માતા અંતઃકરણની ખીલવણીની તાલીમ આપે છે. ચાલ-ચલન અને ચારિત્ર્યની કેળવણી આપતી હોય છે. કારણ કે તેના હાથમાં પારણાંની દોરી હોય છે.

જોન ફોન્ડોલ્ડે પણ માની છબીને ચિતરતાં કહે છે : ''હું બાળપણમાં એટલો બધો નાસ્તિક હતો કે ઈશ્વરને જ માનતો નહિં... મારી મા એ મારા ઘુંટણવાળી હાથ જોડાવી ઈશ્વરને નમન કરતાં શીખવ્યું મને એ પણ મને મા એ શીખવાડ્યું કે જગત પિતા આપણી સાથે જ છે.''

અંગ્રેજ તત્ત્વચિંતક રસ્કીને મા માટે ખૂબ જ સુંદર વાત કરતા કહે છે, ''મારી માનું હૃદય સ્નેહ- મમતા - પ્યારનું વહેતું ઝરણું હતું જેમાંથી મારામાં મારી મા એ સ્નેહ - પ્યાર - વાત્સલ્યનું સિંચન કરી માનવતા શીખવી.

નેપોલિયન બોનાપાર્ટે પણ મા માટે સારા ભાવ દર્શાવતા કહ્યું, ''હું જે જિંદગીમાં આગળ વધ્યો છું તે મારી મા તરફથી મળેલ મજબૂત સ્નેહભરી, કુનેહભરી, દેખરેખ અને સંગીત કેળવણીનો આધાર છે.''

આવા તો અનેક ચિંતકો - લેખકો - કવિઓ મા ને પ્રાધાન્યતા આપી પોતાની જીવન પ્રગતિમાં સિર્ફ ને સિર્ફ માનાં હિસ્સાને સ્થાન આપેલ છે. કારણ કે મા ને સંતાનની પ્રગતિમાં જ સુખ-શાંતિમાં જ રસ હોય છે.

**બૈરી જુએ કંઈ લાવતો, પણ મા જુએ સુત આવતો,**
**નિઃસ્વાર્થ મા નો હાથ આશિષ આપીને પંપાળતો,**
**ચોરી કરે જારી કરે દુનિયા ગુનેગારી ગણે,**
**સ્વજનો તજે પણ માત હૈયું ભેટતું સંતાનને ॥૧૦॥**

પતિદેવ (પુત્ર) બીઝનેસ માટે દુકાને, ઓફિસે કે બહાર ગામ ગયો હોય ત્યારે મા એની સુખ શાંતિનો વિચાર કરે... મુસાફરીમાં સરખું ખાવાનું મળતું હશે કે કેમ? સુવા-ઊઠવાની અનુકૂળતા રહેતી હશે કે કેમ? મા બધી જ જાતની ફિકર કરે... ને દીકરો જ્યારે હેમ ખેમ ઘરે આવે ત્યારે મા ને હાશ






થાય... નરવો-સાજો મારો દીકરો ઘરે આવી ગયો...! બેટા ! રસ્તામાં કેમ રહ્યું? બસ ! તને સારું રહ્યું હોય તો શાન્તિ. બરાબર ઘરે આવી ગયો એ મારા માટે ખુશી. એટલે કહેવત પડી : ''બૈરી જુએ શું લાવતો, મા જુએ આવતો.'' બૈરી-પત્નીની નજર બેગ પર હોય, માની નજર દીકરાનાં મોઢા પર હોય. મુખ પરથી મા સમજી જાય દીકરાને કાંઈ તકલીફ નથી... કૃષ્ણનાં પ્રસંગોમાં આવી જ વાત આવે છે. જ્યારે જ્યારે બાલકૃષ્ણે બકાસુર-શકટાસુર-પુતના આદિ અસુરોનો નાશ કરવા મુકાબલો કર્યો અને કાળીયા નાગને નાથવાનો દુઃસાહસ કરી સૌને ઠેકાણે પાળી મા પાસે બાલકૃષ્ણ આવ્યા ત્યારે યશોદા મૈયાએ પુત્રના શરીર પર હાથ ફેરવી જોઈ લેતી કે મારા લાલનાં શરીરને ક્યાંય ક્ષતિ તો નથી પહોંચીને? અને બાલકૃષ્ણના અક્ષત શરીરને જોઈ મા એને છાતી સરસો ચાંપી, ગલે લગાડી લાડ કરી કહેતી. મારા લાલાને કાંઈ નથી થયું ક્યાંય ઈજા નથી થઈ. મારો બેટો ! બરાબર છે ! એવું જોઈ મા રાજી રાજી થતી ને લાલાને લાડ કરતી.

મા બેટો બરાબર ઘરે આવી ગયો એજ એના માટે મોટી વાત. પત્ની પતિ બહારેથી ઘરે આવે તો પૂછી લે, શું લાવ્યા? લાવ્યા હોય તો પત્ની ખુશ. નરવો સાજો આવી ગયો દીકરો ! તો મા ખુશ અને મા નિઃસ્વાર્થ ભાવે સંતાનને આશિષ આપી હાથ પંપાળતી રહે છે ! ને માનાં હાથમાં કાંઈક અલગ જ અનુભવ થતો હોય છે.

❁


જય અંબે મા જય આદેશ્વરજી દાદા

પરમ પૂજ્ય વડીલોને નતમસ્તકે વંદન

**Hetal Photo Art**

Since 1981...

- PHOTO / VIDEO & MULTI SET UP CAMERAS
- LED SCREENS
- PLASMA TV / PROJECTORS
- DIGITAL ALBUMS, FRAMES & GIFTS
- JIMMY JIBS
- CONFERENCES & AWARD NITES
- EVENTS & WEDDING PLANNERS
- SPECIAL TELECAST ON AASTHA, ARIHANT & JAY HO INTERNET TV CHANNEL

- PRE WEDDING
- CANDID PHOTOGRAPHY
- CANDID VIDEOGRAPHY
- PORTFOLIO • FASHION • JEWELLERY
- INDUSTRIAL, COMMERCIAL & INTERIOR
- DOCUMENTARIES & CORPORATE FILMS
- PRODUCT LAUNCHING FILMS
- HELICAM & HELICOPTER SHOOT

Mahesh Shah : 9821050853

**Hetal Photo Art**

38/40 Bora Bazar, Fort,
Mumbai - 400 001
Tel.: 22641387
email : hetalphotoart@yahoo.com

Karan Shah : 9773109850

**KARAN SHAH PHOTOGRAPHY**

B-45, Soman Nagar, Chinchpokli (E),
Mumbai - 400 012
email : karanshahm@gmail.com

*Only memories are forever*

# યે રંગભરી દુનિયામેં ઈન્સાન કી કિંમત કોઈ નહીં?

# રંગ વિના બેરંગ જિંદગી

■ **ભારતેન્દુ શુક્લ**

જરા કલ્પના કરો અગર દુનિયામાં રંગ ન હોતા તો દુનિયા કેવી બેરંગી દેખાતી. શું તમે જાણો છો કે રંગથી દરેક ચીજ માત્ર રંગરંગીલી જ નથી હોતી બલ્કિ રંગ વ્યક્તિને અનેક પ્રકારે પણ પ્રભાવિત કરે છે. આપણાં જીવન પર પણ રંગોનો અત્યાધિક પ્રભાવ પડે છે. રંગ આપણા જીવનનાં આકર્ષણના સ્રોત હોવા ઉપરાંત આપણા શારીરિક, માનસિક અને ભાવાત્મક સ્વાસ્થ્ય તેમજ મૂડને પણ પ્રભાવિત કરે છે. પહેરવાના વસ્ત્રો તથા રંગીન ભોજન પણ વ્યક્તિના જીવનને પ્રભાવિત કરે છે. મુખ્યતઃ મૂળ (અસલ) રંગ સફેદ, કાળો, લાલ, પીળો ને આસમાની હોય છે, બાકીના રંગ એકબીજાના મિશ્રણથી બને છે. આપણા શરીરનાં વિવિધ અંગ-ઉપાંગો પણ રંગના વૈવિધ્ય દર્શક છે, જેમ કે આંખોના ડોળા સફેદ, કીકી કાળી અથવા ભૂખરી, વાળ કાળા, ચામડી ઘઉં વર્ણ, જીભ ગુલાબી, નખ પીરોજી, હાડકાં ધૂળિયા ધોળા, ફેફસાં પીળા, નસો વાદળી અને દાડમની કળી જેવા દાંત દૂધ જેવા સફેદ. મનુષ્ય જાતિ પણ મુખ્યત્વે ત્રણ રંગોમાં વિભાજીત છે. મનુષ્યની નસ્લ ૪ ભાગોમાં વહેંચાયેલી છે - યુરોપીયન, મોંગોલીયન અને એશિયન. યુરોપીયન પ્રજા લાલગુલાબી જેમ કે ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ વિ. દેશોની પ્રજા, મોગોંલિયન નસ્લ (ચીન-જાપાન-કોરિયા-બર્મા-નેપાળિયા) વિ. દેશોની પ્રજાની ચામડી પીળાશ પડતી (ઝીણી આંખો, ચપટા નાકવાળા), નીગ્રો (હબસી પ્રજા) કાળી કાળી બ્લેક, જાપાન વાંકળિયા વાળવાળી અને એશિયન ભારત-પાકિસ્તાન વિ.ની પ્રજા ઘઉં વર્ણ છે. કાળી-ગોરી પ્રજાના સંગ્રામ પણ વર્ષોથી ચાલ્યા આવે છે. પહાડી અને મેદાની પ્રજા (મણિપુરની) વચ્ચેનો ફ્રી સ્ટાઈલ જંગ પણ રંગ પકડતો જાય છે. કાળા રંગ અને ગોરા અંગ પ્રદર્શિત કરતી કવ્વાલી આજે પણ સૌ કોઈ સરસ સાંભળે છે - 'હમેં તો લૂંટ લિયા મિલ કે હુશ્નવાલોને - ગોરે ગોરે ગાલોને - કાલે કાલે બાલોને ! માશુકાને કામમાં વ્યસ્ત જોઈ આશિક પણ પોકારી ઊઠે છે - ગોરે હાથોપે ઈતના જુલમ ન કરો, હાજીર હૈ બંદા હૂકમ કરો. સાજન ને વશ કરવા સજની પણ ગાવા લાગે છે 'ગોરી હૈ કલાઈયાં, તૂં લા દે મુઝે હરી હરી ચૂડિયાં, અપના બનાલો મુઝે સાજના?'



**લાલ રંગ :** મૂળ રંગો પૈકી લાલ રંગ માનવીને શારીરિક સ્તરે સક્રિય કરે છે. લાલ રંગનો સ્વભાવ - ગુણધર્મ - પ્રકૃતિ ગરમ છે, તેનાથી શરીરને શક્તિ અને મનને ઉત્તેજના મળે છે. આ રંગ આક્રમકતા, હિંસા અને સ્ફૂર્તિકારક છે. લશ્કરી અફસરોના પોશાક પરની લાલ પટ્ટી જવાનોમાં જોશ લાવે છે, યુધ્ધભૂમિનો લોહીનો લાલ રંગ પણ સમાન અસરકારક છે. મનોવિજ્ઞાન અભ્યાસુ ટ્રેવ શુક્લના મતે શાંત સ્વભાવવાળી વ્યક્તિને પણ કેટલાક વર્ષો સુધી નિરંતર લાલ કલરવાળા કપડા પહેરાવાય ત્યારે તેનામાં પણ ગુસ્સો - આક્રમકતા વધવા લાગશે. તેમના એક પ્રાધ્યાપક કે જેમના ચહેરા પરથી પ્રસન્નતા ગાયબ થઈ ગઈ હતી અને ઘણા સમયથી એકદમ ઉદ્વિગ્ન - ખિન્ન રહેતા હતા. આ સમસ્યાના નિરાકરણ માટે તેઓ પ્રોફેસર સાહેબને બંગલે પહોંચ્યા અને તેમને ઉપાય મળી ગયો. તેમણે ત્વરિત પ્રોફેસરનાં ડ્રોઈંગરૂમની બારી બારણાં, તેમના પર લગાવેલ પડદા, ટેબલક્લોથ, સોફા કવર વિ.જે લાલ રંગવાળા હતા તે બદલી આસમાની રંગવાળા કરવાની સૂચના આપી તેમજ તેમના પત્નીને પણ લાલ રંગની સાડી-ડ્રેસ છોડી દઈ આસમાની રંગના વસ્ત્ર પરિધાન કરવાની સલાહ આપી. સલાહ-સૂચનનો અમલ થતાં જ આસમાની પ્રભાવે પ્રોફેસરના તમામ મનોભાવ બદલી નાખ્યા. બાળકોને પણ લાલ રંગના વસ્ત્રો પહેરાવવાથી તેમનામાં ચંચળતા, હઠ વધે છે. બુધ્ધિશાળી - બુધ્ધિજીવી વર્ગ મોટે ભાગે લાલ રંગને




# Chheda's

## Chheda Insurance & Investment Services

**Contact For :**

- Mutual Fund
- General Insurance
- Fixed Deposit
- Life Insurance

**Nilesh L. Chheda**
**+91 9820134626**
**Shaila N. Chheda**
**+91 9819208711**

E-mail : nileshchheda@hotmail.com

## Chheda Graphics

**Graphic Designers**

- Packaging Designs
- Stationery
- Brochures
- Books

**Quality Printers**

- Screen Printing
- Offset Printing
- Multicolour Prints
- Banners & Sign Board

**Ketan : 98209 77922**
E-mail : ketanlchheda@gmail.com

**309-ATLANTIC COMMERCIAL TOWER, RB MEHTA MARG, PATEL CHOWK, ABOVE VODAFONE GALLERY, GHATKOPAR (E), MUMBAI-400 077**
**Tel. : +91 22 25060549 / 25060283 / 21020495 / 21020692**

પસંદ નથી કરતાં. બાળકોને લીલા-પીળા-કેસરી-આસમાની-ગુલાબી અથવા સફેદ વસ્ત્રો પહેરાવવા બુધ્ધિમાની છે. લાલ નામકરણ જ બહાદુરી દર્શક છે. 'લાલ બહાદુર શાસ્ત્રી'ની બહાદુરીએ પાકિસ્તાનના છક્કા છોડાવી દીધા હતા. પંજાબ કેસરી રણજીતસિંહજીનું સૂત્ર 'સબ લાલ હો જાયેગા' પણ આ સંદર્ભનું સૂત્ર છે. સદાબહાર સિને અભિનેતા 'શમ્મીકપૂર' દ્વારા ફિલ્મી પડદે દર્શાવાયેલ ગીત 'લાલ છડી મૈદાન ખડી એ તો કેટકેટલાયના દિલ ઘાયલ કરી નાખ્યા હતા.' શમ્મીકપૂર દ્વારા જ પ્રદર્શિત ગીતે તો રૂપાળી, નેત્રમાં કાળા કાજલ લગાવેલી પારદર્શી પરસેવાવાળી હિરોઈનને જોતાં જ 'ચાંદસી ગોરી એક હસીના, આંખોમેં કાજલ, મુખ પે પસીના - યા લયાલા દિલ લે ગઈ' એ તો પ્રેક્ષકોને ઉછળતા કુદતા કરી નાખ્યા હતા. તાજેતરમાં જ 'લાલ ડાયરી' અને લાલ ટમેટા તથા લાલ ગેસ સિલિન્ડરના ભાવે રાજનીતિમાં પણ ગરમાવો લાવી દીધો છે. મોટા ઉદ્યોગો - કારખાનાઓમાં કામદારોની હડતાલ - તાળાબંધીમાં પણ લાલ વાવટો પ્રમુખ ભૂમિકા ભજવતો હતો. લાલ રંગ સ્વાસ્થ્ય માટે અતિ લાભદાયી છે. તેનાથી હાડકાને વિશેષ તાકાત-મજબૂતી મળે છે તેમજ કફપ્રધાન રોગોને પણ ઠીક કરે છે. તદુપરાંત લાલ રંગવાળા ખાદ્ય પદાર્થ પણ અતિ ઉપયોગી છે. લાલ રંગના ફળોમાં કેન્સર પ્રતિરોધી 'લાયકોપિન' નામનું તત્ત્વ હોય છે. જે 'ઓસ્ટ્યોપોરોસિસ'થી બચાવે છે. અલબત્ત શુભ અવસરોએ લાલ રંગ જ વિશેષ ઉપયોગમાં લેવાય છે, તેનાથી પ્રસંગોચિત્ત ઉત્તેજના, ક્રિયાશીલતા તથા જોશમાં વધારો થાય છે. આપણે સૌ અવનવા રંગોથી રંગાયેલા છીએ. કચ્છીમાં અવારનવાર ગમે તે મુખે સંભળાયા કરે છે - 'લાલ લાલ ગાલ - બાપાનો માલ' ! આપણે સૌ રંગીન વિશ્વમાં વસીએ છીએ.

રંગ એક વૈજ્ઞાનિક સંયોજન છે, તે કોઈ સ્વતંત્ર ચીજ નથી, પણ વિવિધ રાસાયણિક પદાર્થોનું મિશ્રણ છે. આપણું શરીર પણ રાસાયણિક તત્ત્વોથી નિર્મિત છે. એટલે જે અંગમાં જે તત્ત્વો અધિક હોય તેવો જ રંગ એ અંગનો થઈ જાય છે. આપણા શરીરમાં ૩-૪ ભાગ ઓક્સિજન અને તે સિવાય નાઈટ્રોજન, હાઈડ્રોજન, ક્લોરિન વિ. છે. વધુમાં આહાર પણ જુદી જુદી માત્રામાં મૈગ્નેશિયમ, પોટેશિયમ, સોડિયમ, સિલિકોન, ચૂનો, કેલ્શિયમ, કાર્બન, લિથિયમ, પારો, સીસું, તાંબુ, લોહી, ગંધક, ફોસ્ફરસ જેવા પદાર્થો આપે છે - રંગોમાં પણ આ જ પદાર્થો છે, પણ તેની માત્રા જુદા જુદા રંગોમાં ઓછી-વત્તી છે. દા.ત. ચૂનાનું પાણી અને હળદર ભેગા થવાથી તૈયાર થનાર પદાર્થ લાલ રંગનો બને છે. જ્યારે મિશ્રિત કરેલા બંને પદાર્થો પૈકી એકેયનો રંગ લાલ ન હતો. આપણી સંસ્કૃતિમાં પણ યુધ્ધમેદાને લડવા જતા સૈનિકો તેમજ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને પણ તે અવસરે કપાળે લાલ - કુમકુમ તિલક અવશ્ય કરાય છે. માનવીમાત્રને રંગીલી વાતો - રંગીલા ગીતો બહુ ગમે છે. 'પ્રેમ પૂજારી' ફિલ્મનું રંગીલા રે... ગીત હોય કે પછી - કુર્તા હૈ નીલા, રંગ પઘડી કા પીલા, ઐસા હૈ વો રંગીલા મેરા છેલછબીલા, હાય શરમાઉં, કીસ કીસકો, કીસ કીસ કો સુનાઉ, અપની પ્રેમ કહાનિયા - અપની પ્રેમ... કહાનિયા ગીત કેમ ન હોય. માનવીય સંવેગોને ઉદ્દીપ્ત કરનારી રંગોની રંગીલી વાતોમાં અહીં લાલ રંગ પર પૂર્ણવિરામ મૂકું છું. સમગ્ર સૃષ્ટિ વિવિધ રંગીન પશુ-પક્ષીઓથી ભરપુર છે, તેમાં ફૂલો પણ બાકાત નથી અને પતંગિયા પણ બાકાત નથી. આકર્ષક રંગબેરંગી મૌસમી ફૂલો પર્યાવરણને પણ આકર્ષક આનંદદાયક, સ્ફૂર્તિમય અને શાંતિમય બનાવે છે. રંગબેરંગી સુગંધિત પુષ્પો પ્રકૃતિનો ઉત્તમ ઉપહાર છે અને સૃષ્ટિનો શણગાર છે. જ્યારે રંગબેરંગી પાંદડાઓથી શોભાયમાન વનસ્પતિ તો સૌ કોઈનાં દિલને હરી લે છે અને બગીચાની શોભા મનોહર બનાવે છે. તેના રંગબેરંગી


**શું તમે દવા વગર ફીટનેસ જાળવવા ઈચ્છો છો?**

બોડીનું ચેકઅપ ફ્રી કરી આપવામાં આવશે

- વજન માટે માહિતી
- પાચનમાં સુધારો
- હાથ-પગ દુઃખાવા
- હાર્ટ હેલ્થ
- સ્કીન હેલ્થ
- બાળકોના માટે ન્યુટ્રીશન
- સ્પોર્ટ ન્યુટ્રીશન
- એનર્જી અને ફિટનેસ



**દવા વગર તંદુરસ્ત જીવન ઈચ્છો છો**

**વધુ માહિતી આજે જ સંપર્ક : કોકીલા - ૯૯૨૪૬૭૮૪૧૭**

ભભકાદાર પાંદડાંઓની મનમોહક છટા કોઈપણ સ્થાનની સુંદરતામાં ચાર-ચાંદ લગાવી દે છે.

**પીળો રંગ :** પીળો રંગ માનવીની રચનાત્મકતાને પ્રોત્સાહિત કરે છે. પીળા કપડા સૃજનાત્મકતામાં વૃધ્ધિ કરે છે. આ રંગ ક્રિયાવાહિણી નાડીઓ અને માંસપેશીઓને સક્રિય અને શક્તિશાળી બનાવે છે. માનસિક નબળાઈ અને ઉદાસીનતા દૂર કરવામાં સહાયક છે. પ્રેમભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. પૂજના-અર્ચન, અનુષ્ઠાન, યજ્ઞ જેવા ઉત્સવોની ઉજવણીમાં મુખ્ય મહત્ત્વશીલ છે. બૌધ્ધિક ક્ષમતામાં વધારો કરનારો આ રંગ આરોગ્યવર્ધક છે. તેમાં સૂર્યોપાસના પ્રજ્ઞા જાગૃત કરે છે, પ્રેમ-વિવેક ઉદયમાન કરે છે. હિન્દુ સંસ્કૃતિમાં સંન્યાસીઓ ગાયત્રી ઉપાસકો પીળા વસ્ત્રને પ્રાધાન્ય આપે છે.

**લીલો રંગ :** હિન્દીમાં હરા રંગ મનને હર્યુંભર્યું બનાવી



વ્યક્તિને સુખદ અનુભવ કરાવે છે. શરીરની માંસપેશીઓને તાકાત આપે છે. આ રંગના ખાદ્યોમાં તો સલ્ફોરેફેન તથા ઈંડાલ વિ. આયસો વાયો સાઈનેટસ મળે છે જે લિવરને કેન્સર ફાઈટિંગ એન્જાઈમ બનાવવા પ્રેરિત કરે છે. લીલો રંગ 'શાંતિ' ગુણધર્મવાળો હોવાથી મસ્તિષ્કને આરામ, આનંદ તથા પ્રસન્નતા બક્ષી વૃધ્ધિ કરે છે. શાંતિ-ભાઈચારાવાળા ગુણધર્મને કારણે જ ઈસ્લામ લીલા રંગને માન્યતા આપે છે. તે થકાવટ દૂર કરનારો હોવાથી જ બીમારોને પ્રાકૃતિક હરિયાળીવાળા સ્થળે લઈ જવાથ તેઓ જલ્દી સારા-નરસા થઈ જાય છે. ઘરના કંપાઉન્ડમાં ઉગાડેલ છોડવાઓ, વૃક્ષ-વૃક્ષ-વેલાઓનો સંપર્ક પણ કાર્યક્ષમતામાં ઉમેરો કરે છે.

**સફેદ રંગ :** સ્વચ્છતા-પવિત્રતાનું પ્રતિક છે. શ્વેત વસ્ત્રો ધારણ કરવાથી ચિત્ત શાંત બને છે, તણાવ ઘટાડી ભાવોને પવિત્ર બનાવે છે. જૈન મહારાજશ્રીઓ શ્વેત વસ્ત્ર જ ઉપધાન કરે છે. જ્ઞાન, ડહાપણ અને મધુરતાની દેવી ભગવતી સરસ્વતી પણ શ્વેત વસ્ત્ર ધારીણી છે. આ રંગ જ્ઞાન મધુરતા ગંભીરતા અને પવિત્રતા પ્રદાન કરનાર હોવાથી જ સાધકો, બ્રાહ્મણો, ડૉક્ટરો, કુમારિકાઓને સફેદ વસ્ત્ર પહેરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. સફેદ વસ્ત્ર પહેરનારમાં દ્વેષ દુર્ભાવ વગર શાંતિ, સાત્વિકતા તથા મધુરતાનો આવિર્ભાવ થાય છે.

**કાળો રંગ :** અપશુકનિયાળ મનાય છે. શુભ અવસરે, સારા કામે, ઈન્ટરવ્યુ-પરીક્ષા તથા પરીક્ષાના પરિણામ વખતે, મુસાફરીમાં કાળાવસ્ત્ર ન પહેરવાની સલાહ અપાય છે. અલબત્ત વિરોધ પ્રદર્શનમાં કાળા વાવટા તથા શોક વ્યક્ત કરવા કાળી પટ્ટીનો રિવાજ છે. કાળો રંગ પ્રભાવિત નથી બનતો. આ રંગ પર બીજો કોઈ રંગ પણ નથી ચડતો તેથી જ ન્યાયાલયોમાં ન્યાયની દેવી પર નિષ્પક્ષતા માટે કાળા રંગની પટ્ટીનો પ્રયોગ થાય છે. વકીલોના કાળાકોટ બાબત કોઈ સ્પષ્ટતાની જરૂર નથી લાગતી. બજારમાં તેજી-મંદીમાં કાળુ-નાણું જ પ્રભાવક છે. કાળા નાણાંનો હુમલો સત્તા પર બિરાજીત પણ કરી શકે છે !

**આસમાની રંગ :** આ રંગ શાંતિદાયક આકર્ષક ચૂંબકીયશક્તિ ધરાવનાર, સ્વભાવે ઠંડો હોવાથી સાથે સાથે


With Best Compliments From

AMRATLAL K. SAVLA

Insurance Advisor

603, Girner Towar, Plot No.208, Ram Tekdi Road, Sewri, Mumbai-400015

Mo. : 98212 15265 - 83560 37821

ચિત્તને એકાગ્ર બનાવે છે. આસમાની વસ્ત્ર પરિધાની વ્યક્તિનો સ્વભાવ ડોમિનેટિંગ થઈ જાય છે, વીર્ય પુષ્ટ કરે છે તથા શક્તિદાયક ગર્મી ઉષ્ણ ઉત્તેજના મિટાવે છે. માનસિક તણાવ દૂર કરવામાં મદદરૂપ, વિદ્યાર્થીઓમાં ઉચ્ચ ચારિત્ર્ય ઘડતરમાં પ્રભાવક એવા આસમાની રંગની દિવાલો-બારી-બારણાં તથા પડદા વિ.મનમાં ઉદારતા, પ્રેમ, સાત્ત્વિકતા તથા સૌંદર્યના મનોભાવોનું નિર્માણ કરે છે. શયન કક્ષમાં પણ આસમાની અથવા લીલા રંગના નાઈટ લેમ્પ મજેદાર ઉંઘ આપે છે. મચ્છરોને દૂર રાખે છે.

**નારંગી રંગ :** નારંગી રંગ વાળા ફળોમાં મોજુદ તત્ત્વ આંખો તથા ત્વચા માટે આવશ્યક છે. ભૂખ વધારવામાં સહાયક છે.

**જાંબલી રંગ :** જાંબલી રંગ ઠંડો અને ભેદક છે. શરીરમાં ગરમી વધી જાય, જ્ઞાનતંતુઓમાં ઉત્તેજના વ્યાપી જાય ત્યારે આરંગ લાભદાયી છે.

**ભૂરો રંગ :** ભૂરો રંગ સુરક્ષા બોધ કરે છે. ખાદ્ય પદાર્થોમાં પણ રંગ પોષણની માસ્ટર કી છે. અનેક બીમારીઓના કારણમાં રંગહીન ભોજન પણ નિમિત્ત બની શકે છે. શરીરમાં ભરપુર પોષણ માટે સાત રંગોમાંથી કોઈ એક રંગનું ભોજન દિવસમાં એકવાર જરૂરી છે. શરીરનાં પ્રત્યેક અવયવને પોતાનો અલંગ રંગ હોય છે. રંગ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રૂપે આપણા જીવનને આવશ્યક રૂપે પ્રભાવિત કરે છે. આમ રંગો વિના આપણી જિંદગી ખરેખર બેરંગી બની જાય છે.

**ગુલાબી રંગ :** ગુલાબી રંગ અલ્પમાત્રામાં ઉત્તેજક, હલકો અને શીતલ છે, તે લીલી વનસ્પતિને અતિ પ્રિય છે. પક્ષીઓની બીમારીઓમાં ગુલાબી રંગનો પ્રકાશ લાભદાયી છે. ગુલાબી ફૂલો જોઈ મનમાં સૌંદર્યભાવના વધે છે. એટલે જ મહિલાઓ ગુલાબી લિપસ્ટિક, વસ્ત્રો, સૌંદર્ય પ્રસાધનો તથા ગુલાબી ડાયમેડઝનાં આભૂષણો વિશેષ પસંદ કરે છે. ✽

# બિદડાની યુવતી બીએસએફમાં જોડાઈ સરહદનું રખોપું કરશે

કચ્છની દીકરીઓ ખૂબ જૂજ સંખ્યામાં સૈન્ય દળમાં જોડાતી હોય છે. તેવામાં માંડવી તાલુકાના બિદડા ગામની એક યુવતી સીમા સુરક્ષા દળમાં જોડાઈ સરહદનું રખોપું કરવા માટે સજ્જ બની છે.

માંડવી તાલુકાના બિદડાના વતની એવા મારવાડા પાયલ શિવજીભાઈએ તાજેતરમાં રાજકોટ ખાતે આયોજિત લશ્કરી ભરતી મેળામાં ભાગ લીધો હતો. લેખિત પરીક્ષા, મેડિકલ ફિટનેસ સહિતના પસંદગી પ્રક્રિયાના તબક્કા પાર પાડી જાહેર થયેલા પરિણામમાં સીમા સુરક્ષા દળમાં જોડાવવાના સપનાને સાકાર કર્યું છે.

પાયલ બિદડાની બીબીએમ હાઈસ્કૂલની ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે. તેમણે કહ્યું કે, સૈન્ય દળમાં જોડાઈ રાષ્ટ્રસેવા કરવાનું સપનું હતું જે આ પસંદગી સાથે સાકાર થયું છે. આ જ હાઈસ્કૂલના સંઘાર રાજન હીરાલાલ, જાડેજા યક્ષરાજસિંહ, કીર્તિરાજસિંહ જાડેજા, જયદીપસિંહ જાડેજા બીએસએફમાં તો ઋષિરાજસિંહ જાડેજા સીઆઈએસએફમાં પસંદગી પામ્યા છે. બીબીએમ હાઈસ્કૂલ બિદડાના શાળા પરિવારે આ પસંદગી બદલ ગર્વની લાગણી વ્યક્ત કરી છે.


**વિનોદ કે. શાહ ફોન (ઘર) ૨૪૧૪૪૪૪૧**
**ગામ : મોટા આસંબીયા**

**વાડીલાલ કે. શાહ ફોન (ઘર) ૨૪૦૯૬૬૯૪**
**મો. : ૯૮૨૦૦૫૯૬૨૧, ૯૩૨૨૮૬૫૯૪૩**

**મેસર્સ ભાવેશ એન્ડ કાં.**

**અનાજ, કઠોળ અને દાળોના જથ્થાબંધ અને છૂટક વેપારી તથા કમિશન એજન્ટ**

**ડી/૩૨, એ.પી.એમ.સી. માર્કેટ નં.-૨, દાણાબંદર, વાશી, નવી મુંબઈ - ૪૦૦૭૦૫.**
**ફોન : ૨૭૮૩૮૨૮૦, ૨૭૮૪૯૦૧૬**

# ટીકા ચરિત 'માણસ' !

■ હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'



કેટલાંક એવાંય લોકો છે કે જ્યાં સુધી એ કોઈની ટીકા ન કરે ત્યાં સુધી એમને ખાધેલું પચતું નથી અને પેટ સાફ આવતું નથી. ટીકા એમના માટે રેચક પદાર્થ છે. આવા લોકો ટીકાને એક પ્રકારનું ટોનિક માને છે. ટીકા કરવાથી એમનાં પેટ તો સાફ આવે છે, દિમાગ પણ એ પછી હળવાં ફુલ થઈ જાય છે એવું એ લોકોનું માનવું છે. અહીં જોકે પ્રશ્ન એ પેદા થાય કે આવા લોકોનાં દિમાગ હળવાંફૂલ થઈ જાય છે એ, પેટ સાફ આવવાથી થઈ જાય છે કે ટીકા કર્યા પછી થઈ જાય છે એ સંશોધનનો વિષય છે. ટૂંકમાં, ટીકા એક રામબાણ ઔષધનું કામ કરે છે એવું કેટલાક ટીકા નિષ્ણાંતોનું કહેવું છે.

એક આ જ એવો વિષય છે, જેની કોઈ ટ્રેનિંગ આપવામાં નથી આવતી. 'ટીકાજ્ઞાન મેળવો માત્ર ત્રણ માસમાં' કે ટીકા શિક્ષણ આપતી અમારી એકમાત્ર ઈન્સ્ટિટ્યુટમાં એડમિશન મેળવો અને ટીકાશિરોમણીની ડીગ્રી પ્રાપ્ત કરો આવી કોઈપણ પ્રકારની જાહેરાત કરતી સંસ્થાઓ હજુ શરૂ નથી થઈ. આના માટે સરકારની કે સમાજની ઉદાસીનતા અને આળસ જવાબદાર છે એવું કહેવાનો અમારો લેશમાત્ર આશય નથી. આ બાબતે અમારે એક જ સ્પષ્ટતા કરવાની કે જે જ્ઞાન, જે શિક્ષણ અને જે કેળવણી વ્યક્તિમાં 'સ્વયંભૂ' જ પ્રગટે છે. એનું જ સાચું મહત્ત્વ છે. જે જ્ઞાન સ્વયંભૂ હોય એના માટે સ્કૂલો, કોલેજો, વિદ્યાપીઠો, યુનિવર્સિટીઓ કે પછી કોચિંગ કલાસીસ જેવી સંસ્થાઓ ન હોય એ સ્વાભાવિક છે.

ટીકોપનિષદમાં ટીકાના બે સ્વરૂપ દર્શાવ્યા છે. બે સ્વરૂપોમાં એક છે : સકારાત્મક ટીકા અને બીજું છે : નકારાત્મક ટીકા.

'શંકાસંહિતા'માં શંકાના બે સ્વરૂપોનું વર્ણન આવે છે. (૧) પ્રામાણિક શંકા - ઓનેસ્ટ ડાઉટ અને (૨) અપ્રામાણિક શંકા - ડિસઓનેસ્ટ ડાઉટ. આમાં ડિસઓનેસ્ટ ડાઉટ વ્યક્તિ માટે ઓછો અને સમાજ માટે વધારે ખતરનાક હોય છે જ્યારે ઓનેસ્ટ ડાઉટ વ્યક્તિ અને સમાજ બંને માટે ઉપકારક હોય છે. ન્યૂટને એવો ઓનેસ્ટ ડાઉટ ન કર્યો હોત કે સફરજન ઉપરની તરફ કે આડું-આવળું ન ગયું અને નીચે જ કેમ આવ્યું? તો આપણને ગુરુત્વાકર્ષણનો નિયમ હજુ પણ ન મળ્યો હોત, પરિણામે સાયન્સમાં એક ચેપ્ટરનો સમાવેશ થતો રહી ગયો હોત.

ટીકાનું પણ એવું છે. ઓનેસ્ટ ટીકા એટલે કે સકારાત્મક ટીકા અને ડિસઓનેસ્ટ એટલે કે નકારાત્મક ટીકા. નકારાત્મક ટીકા બંને પક્ષે નુકશાનકારક છે. સકારાત્મક ટીકા બંને પક્ષે ફાયદાકારક છે. કેટલાક તો ટીકા કરવા માટે જ જન્મ્યા છે. 'ટીકામેવ જયતે' એજ એમનો જીવનમંત્ર છે. આવા લોકો ટીકા કરવાની એક પણ તક ચૂકતા નથી. 'ટીકામ્ શરણમ્ ગચ્છામિ'માં અચૂક માને છે. એમના માટે ટીકા ફક્ત શસ્ત્ર જ નહીં, પણ શાસ્ત્ર પણ છે.

તક મળી નથી કે ટીકા શરૂ કરી નથી. પહેલાં એવું કહેવાતું કે નિંદારસ સૌ રસોમાં શ્રેષ્ઠ રસ છે, પણ છેલ્લા કેટલાક સમયથી નિંદારસને પણ નિંદા કરવાનું મન થાય એટલી બેહદ હદે ટીકારસે હરણફાળ પ્રગતિ કરી છે. જોકે આ માટેનો સંપૂર્ણ યશ ચોવીસે કલાક રાજકારણમાં અને અડતાલીસે કલાક સોશિયલ મીડિયામાં ફ્રી સર્વિસ આપતા સેવાભાવી લોકોને જાય છે. આ સંદર્ભે મારા બાપુ બોસનું એક વિધાન યાદ આવે છે. એ કહે છે : મગજની જેટલી વર્કિંગ મેમરી

લોકોની ટીકા કરવામાં વપરાશે એટલી 'રેમ' લોકોની પ્રશંસા કરવામાં ઓછી વપરાશે !

જેમ કવિઓ જન્મે છે, બનતા નથી, એમ ટીકાકારો પણ જન્મે છે ! કેટલાક આત્માઓ તો ટીકા કરવાનું એકમાત્ર અવતારકાર્ય પૂર્ણ કરવા જન્મતા હોય છે. જ્યાં સુધી નાની અમથીય ટીકા ન કરે ત્યાં સુધી ચેન ન પડે, ટીકામાન્ય વ્યક્તિને નહીં, ટીકા કરનારને !

સાહિત્યની ભાષામાં ટીકાકારને વિવેચક કહેવાય. હમણાં આવા જ એક વિવેચક મળ્યા. એમની એક જ ખાસિયત-જેને મળે એના સિવાય, લગભગ બધી જ વ્યક્તિઓની ઈમેજનાં કપડાં ઉતારે.

''તમારા લેખો હું વાંચું છું હોં !'' ટીકાકાર સામે ઊભેલી વ્યક્તિના વખાણ કરે ત્યારે બોલાતા વાક્યની પાછ 'હોં ! તો આવે જ ! મનોવિજ્ઞાન કહે છે કે સાવ ગપ્પું મારો તો પણ એને સાચું ઠસાવવા છેલ્લે 'હોં !' બોલવું ! સાંભળનાર (જો મારી જેમ અડબંગ હોય તો !) તરત સાચું માની લેશે !'

''એમ !'' વખાણ સાંભળીને હું સહેજ રેસમાં આવી ગયો. પેલાનું જૂઠ મને સત્ય લાગવા માંડ્યું. (એમ તો કેમ કહેવાય કે એણે મને અડબંગ સાબિત કરી દીધો !) ખરેખર, કેટલીક લાયકાતો, ડિપ્લોમાં કે ડિગ્રી કર્યા વગર પણ મળી જાય છે. મેં ખુશ થઈને પેલા મિત્રને કહ્યું, ''તમને મારા હાસ્યલેખો ગમે છે એ જાણીને આનંદ થયો !''

''આલે...લ્લે...!'' એમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું, ''તમે હાસ્યલેખો પણ લખો છો?! હું તમને સૂચન કરવાનો જ હતો કે આવું ફાલતું લખીને છાપાંના કાગળો અને વાચકોનો ટાઈમ બગાડો છો એના કરતાં હાસ્યને લગતું કંઈક લખો તો મજા આવે. સારું થયું કે તમે આજે કહ્યું કે તમે હાસ્યલેખો પણ લખો છો. ચાલો... હવેથી તમારા લેખો વાંચતી વખતે મેગ્નિફાઈંગ ગ્લાસ લઈને હાસ્યને શોધવાની કસરત શરૂ કરી દઈશ ! બીજું શું શું લખો છો?''

''બીજું તો કંઈ લખાતું નથી'', ફૂલેલા ફુગ્ગાને સોય ભોંક્યા પછી એની જે દશા થાય એનું વર્ણન કરવાનું ન હોય એમ સમજી હું મારી હાલતનું વર્ણન નથી કરતો.

''પેલા નવલકથાકાર ખરાને...'' ટીકાકારે કહ્યું, ''હમણાં જેમની નવલકથાનો ચાઈનીઝ ભાષામાં અનુવાદ થયો, એને ઈનામી સ્પર્ધામાંથી રિજેક્ટ કરવામાં આવી... ઓળખ્યા એમને?''

''ના ભાઈ'', મેં કહ્યું, ''હું એમને નથી ઓળખતો.''

''લખવામાંથી ઊંચા આવો તો બધાંને ઓળખોને?'' એમણે કહ્યું, ''થોડાં સમય પહેલાં એક પ્રકાશક સાથે એમણે ઝઘડો કરેલો...ના ઓળખ્યા એમને?''

મને થયું કે ના કહીશ તો હિન્દી સિરિયલની જેમ એમની વાતોનો અંત નહીં આવે, એટલે મેં પણ જૂઠનો આશરો લઈને કહ્યું, ''હા, હા... ઓળખ્યા ! શું છે એમનું?''

''એ જ્યારે ગુજરી ગયા...''

''શું વાત કરો છો?'' હું ઓળખું છું એવું પ્રતીત કરાવવા મેં દુ:ખદ આશ્ચર્યના ભાવથી પૂછ્યું, ''બીમાર હતા? ક્યારે ગુજરી ગયા?''

''પૂરી વાત તો સાંભળો... એમણે ટીકાત્મક સ્મિત કરીને કહ્યું, ''તમે સમજો છો એવું નથી અને એમ એ જલદી આપણો પીછો છોડે એમ નથી !'' મારી વધારે નજીક આવીને એમણે કહ્યું, ''હું એમ કહેતો'તો કે ગયા રવિવારે જૂનાં પુસ્તકો ખરીદવા ગુજરીમાં ગયા'તા અને ત્યાંથી પાછા ફરતા મને મળ્યા ત્યારે તમને યાદ કરતા'તા કે પંડ્યાજીએ લખવાની


**J.P. Sangoi,**
**Manish J. Sangoi**
**Jayesh J. Sangoi**
**(Kapayawala)**

# PARAS
## REXINE HOUSE

**Phone : 24307609**
**M. : 9820156242**
**M. : 9820786889**

**A.C. Show Room**

**Mattress - Pillows - Cushion**
**P.V.C. Floor Carpet, P.V.C. Tiles - Wooden Flooring - Wall Paper - Wall Poster - Vertical Blind - Vanishing Blind - Speaker Box Carpet - Roller Blinds - Roman blinds - Suncontrol Films**
**Plastic Mat - Grass Mat - Bath Mat - Flaxy Mat - Coir Mat - Rubber Mat**
**Dealers in : ❁ All Kinds of Art Leather Cloth, Rexine, P.U. Foam, Rubber Foam, Rubberised Coir, Upholstry Materials & ETC. Memory Foam Mattress & Products ❁ Sleepwell ❁ Springwel ❁ MM Foam ❁ Kurlon ❁ Centuary ❁ Libra Mattres ❁ Mattress, Pillows, Cushion ❁ Sofa Cover**

**Tirthankar, Shop No. 5, S.K. Bole Road, Dadar (W), Mumbai-400 028.**
**Email : parasrexinehouse@gmail.com - Fecabook : parasrexinehouse**
**Intagama : parasrexinehouse**

## શુભ પ્રસંગોની
## રંગતમાં સંગત માણવા મહેમાન ને નવાજવા,
## સંતોષના ઓડકારની અપેક્ષા એટલે જ

# Gala Caterers

FINEST IN FOOD INDUSTRY

SINCE 1977

### આ શુભ સ્થળો માટેનાં અધિકૃત કેટરર્સ

**સેન્ટ્રલ મુંબઈ :**

- કામગાર ગ્રાઉન્ડ-પરેલ
- હાલાઇ વાડી-દાદર
- કિંગ જોર્જ હૉલ એન્ડ ગ્રાઉન્ડ-દાદર
- વસંત સ્મતી-દાદર
- ગુજર વાડી-માટુંગા
- ગુજરાતી સેવા મંડળ-માટુંગા
- ફ્લેમિંગો હૉલ-માટુંગા
- પંજાબ હૉલ-માટુંગા
- રામવાડી-માટુંગા
- નારાયણજી શામજી વાડી-માટુંગા
- નપ્પુ હૉલ-માટુંગા
- ખાલસા હૉલ એન્ડ ગ્રાઉન્ડ-માટુંગા
- લોહારવાડી-માટુંગા
- માનવ સેવા સંઘ-સાયન
- સુમતી ગુજર-કુર્લા
- ભાટિયા વાડી-ઘાટકોપર
- સોમૈયા ગ્રાઉન્ડ-ચુનાભટ્ટી, ઘાટકોપર
- શિવાજી ટેક્નિકલ ગ્રાઉન્ડ-ઘાટકોપર
- ધી પેલેસ હૉલ-મુલુંડ(વેસ્ટ)
- આર.આર બેન્કવેટ-મુલુંડ (ઈસ્ટ)
- સુરજ વૉટર પાર્ક-થાણા
- રીટ્ઝ બેન્કવેટ-થાણા

**સાઉથ મુંબઈ :**

- એસ.આઇ.ઇ.એસ. ગ્રાઉન્ડ-વડાલા
- નીક્કો હૉલ-વડાલા
- એસ.એન.ડી.ટી. કૉલેજ-વડાલા
- એકર્સ ક્લબ-ચેંબુર
- ચેંબુર જીમખાના હૉલ એન્ડ ગ્રાઉન્ડ-ચેંબુર
- ગ્રાન્ડ બેન્કવેટ-ચેંબુર
- ગ્રાન્ડ નાલંદા-ચેંબુર
- સિંધી જીમખાના-ચેંબુર
- ગુજરાત ભવન-વાશી
- આયુષ રીસોર્ટ-પનવેલ

**વેસ્ટર્ન મુંબઈ :**

- એમ.ઇ.ટી-બાન્દ્રા (વેસ્ટ)
- અંધેરી સ્પોર્ટસ કૉમ્પલેક્સ-અંધેરી
- વાગડ વિશા ઓસવાલ મહાજન વાડી-અંધેરી
- કમલ અમરોહી-JVLR
- એફ.એમ.બૅંક્વેટ-ગોરેગામ અને રામ મંદીર
- તેરાપંથી ભવન-કાંદીવલી
- વુડ સ્ટૉક રીસોર્ટ

**પ્રવીણ ગાલા : 9892183338**

અતુલ ગાલા : 93222 21205 • રાજેશ ગાલા : 98200 32010

રોહિત ગાલા : 98200 99251 • ચિરાગ ગાલા : 97020 29280

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૪૦૦ ૦૧૯

ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭

E: galacaterers@gmail.com | W: www.galacaterers.in

GET IT ON Google Play

**અમે આઉટ સ્ટેશન તથા કૉર્પોરેટ ઑર્ડર્સ સ્વીકારીએ છીએ**

color-spot.com

સારી એવી મજૂરી કરવા માંડી છે ! તે હેં પંડ્યાજી, તમારી લેખન પ્રવૃત્તિને એ મજૂરી કહે, એ સારું કહેવાય?''

''મજૂરી જ કહેવાય ને'' મેં હસીને કહ્યું, ''મારામાં અને બળદમાં આમ જુઓ તો કોઈ જ ફેર નથી. બળદ ખેતરમાં ખેડાણ કરે છે ને હું સાહિત્યમાં...''

''હા... હોં !'' એમણે ખુશ થઈને કહ્યું, ''એ વાતેય સાચી ! બસ ત્યારે, હું જાઉં, મારે હજુ ઘણાને મળવાનું બાકી છે.''

મારો બાબુ બોસ તો ટીકાને આયુર્વેદના એક ઉપચાર સાથે સરખાવે છે. એ તો ટીકા - એક શસ્ત્ર કે શાસ્ત્ર એ વિષય પર પીએચ.ડી. પણ કરી રહ્યો છે. બાબુનો અભ્યાસ એવું કહે છે કે કોઈપણ ટીકાપ્રિય વ્યક્તિ, નાની મોટી કે સાચી-ખોટી ટીકા કર્યા વગર રાતે સૂઈ જાય તો સવારે એને પેટ સાફ ના આવે ! ટીકાને રોકી રાખવાથી કબજિયાત થઈ ગઈ હોય એવાય ઘણા દાખલા નોંધાયા છે. આ અર્થમાં આયુર્વેદની પરિભાષામાં ટીકાને 'રેચક' પણ કહી શકાય !

એક શહેરમાં કોઈ છાપાવાળાએ ત્રણ અનુવાદકો, બે પ્રૂફરીડરો અને એક ટીકાકાર જોઈએ છે એવી જાહેરાત આપી. અનુવાદકો અને પ્રૂફરીડરો માટે તો લેખિત પરીક્ષા રાખવામાં આવી, પણ ટીકાકાર માટે મૌખિક ઈન્ટરવ્યૂ રાખેલો, કારણ કે ટીકા તો બોલીને, કરવાની હોય ને ! ટીકાનો આધાર બોલનારની કલા પર છે. ઈન્ટરવ્યૂ શરૂ થયો :

''તમે ટીકામાં ડિપ્લોમા કર્યું છે કે ડિગ્રી?''

''કંઈ જ નથી કર્યું'' ઉમેદવારે આત્મવિશ્વાસથી કહ્યું, ''અભ્યાસ કરવાથી ટીકા શીખી નથી શકાતી, એમાં તો ગત જન્મના સંસ્કારો જ કામ આવે. અભ્યાસ કરવાથી સાચા ટીકાકાર ન થવાય. ટીકા તો ગળથૂથીમાં જ મળે...''

''ધારો કે સરકારના વખાણ કરતા કોઈ સમાચાર તમારી પાસે આવે અને એને ટીકારૂપે લખવા હોય તો તમે કઈ રીતે લખો એ જરા બોલી બતાવશો?''

''ઓહ યેસ્સ'', ઉમેદવારે કહ્યું, ''સરકારે પ્રજાહિતના શરૂ કરેલાં કાર્યો'' આ સમાચારને મારે ટીકાત્મક શૈલીમાં રજૂ કરવા હોય તો હું એમ કહું : ''છેવટે સરકારે પ્રજાહિતનાં કાર્યો શરૂ કરવા જ પડ્યાં !''

''વાહ ! હવે મારો બીજો પ્રશ્ન એ છે કે ટીકા કરતી વખતે ખાસ કઈ વાતને ધ્યાનમાં રાખવી જોઈએ?''

''જેની સામે આપણે અન્યની ટીકા કરી રહ્યા હોઈએ ત્યારે ભૂલથી પણ સાંભળનાર વ્યક્તિની ટીકા ન થઈ જાય, એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ !''

''એ માટે કોઈ ઉદાહરણ આપશો?''

''દાખલા તરીકે, મારે તમારી ખૂબ ટીકા કરવી હોય તો પણ તમારી હાજરીમાં તો હું ન જ કરી શકું ને?!''

''પણ ધારો કે મારી હાજરીમાં મારી સામે જ મારી ટીકા કરવાની તમને ફરજ પાડવામાં આવે તો કઈ રીતે ટીકા કરો?''

''વેરી સિમ્પલ સર, મારે તો એટલું જ કહેવાનું કે જે વ્યક્તિ ટીકાનેય લાયક ન હોય, એની ટીકા કરીને માટે ટીકારૂપ શા માટે બનવું?!''

નથી લાગતું કે આપણી ચારેબાજુ આજે ટીકાદાસ જ વસતા હોય !!

❁


**શ્રી ક.વિ.ઓ.બોરીવલી-કાંદીવલી સોશ્યલ ફોરમ (રજી.)**

**દહિંસર, બોરીવલી તથા કાંદીવલી પરિસરમાં વસતા ક.વિ.ઓ. પરિવારોના કલ્યાણ અર્થે કાર્યરત શ્રી ક.વિ.ઓ.બોરીવલી કાંતીવલી સોશ્યલ ફોરમ દ્વારા થતા ઉન્નત કાર્યોની ઝલક નીચે મુજબ છે.**

**આછેરી ઝલક...**


- નાતજાતના ભેદભાવ વગર શુદ્ધ અને સાત્વીક સૌને પરવડે એવું રૂા.૫૦/-માં ટીફીન સેવા છેલ્લા ૨ વર્ષથી શરૂ આ યજ્ઞમાં અત્યાર સુધી ૬૩,૦૦૦/- થી વધુ ટીફીનોનું વિતરણ.
- આર્થિક રીતે નબળા પરિવારો માટે રૂા.૫૧,૦૦૦/-માં સ્વાભિમાનથી સ્વમાન લગ્ન જેમાં લગ્નના સંપૂર્ણ આયોજન બને બાજુથી ૧૦૦ જણમાં કરી આપવામાં આવે છે. જરૂરિયાતમંદ પરિવાર માટે દાતાશ્રીના આર્થિક સહયોગથી લગ્નો તદ્દન ફ્રીમાં પણ થાય છે.
- ગરમીમાં ઠંડક પહોંચાડવા છાસ વિતરણ કેન્દ્ર જેમાં દરરોજના ૨,૫૦૦ થી વધુ ગ્લાસ છાશનું વિતરણ.
- ક.વિ.ઓ. પરિવાર માટે મેડીકલ કેમ્પ, પિકનીક મનોરંજનના કાર્યક્રમ જેમકે સંગીત મહેફીલ, ડાયરા, ચલચિત્ર, મહિલા માટે સિવણ વર્ગો વગેરે વગેરે.
- એકલા રહેતા વયોવૃદ્ધ વડીલોના ખબર અંતર પુછવા તેમની સાથે મેળાવડો જરૂરિયાત મુજબ સેવા જેવા કાર્યો થાય છે.

**વધુ વિગત માટે સંપર્ક**

લહેરચંદ મારૂ (ના.ભાડીયા) 9821064181
રમેશ ગડા (ના.ભાડીયા) 9320055122
સુરેશ સંગોઈ (ટોડા) 8983452796
જખ્ખુ મામા (બિડડા) 9323733000
મનીષ મામણીયા (પુનડી) 9820072425
એડ.લલીત છેડા (રાયણ) 9324575746
પંકજ દેઢિયા (ભુજપુર) 9757380573

# નવા કરવેરા : સુખટેક્ષ

■ દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'



"માગણ, છોરું ને મહિપતિ, ચોથી ઘરની નાર,
સુખદુઃખમાં સમજે નહીં, કહે લાવ, લાવ ને લાવ-"

'નવા કરવેરા પડ્યા' એ જાણીને, વાંચીને અને સાંભળીને ભારતવાસીઓ ભડક્યા છે, ગભરાય છે અને અનેકગણી કાગરોળ કરી મૂકી છે. મહિપતિઓએ ત્યજી દીધેલી કરવેરા ઉઘરાવવાની અમૂલ્ય ફરજ હવે આઝાદ ભારતમાં સરકાર બજાવે છે. એમાં આંદોલનો, સરઘસો, હડતાળો અને ભાષણો કરવાનો શો અર્થ? આધુનિક જગતમાં કરવેરા તો મનુષ્યો માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. આધુનિક જગતને અંકુશમાં રાખવા, મનુષ્યપ્રાણીને સ્વચ્છંદી થતું અટકાવવા કરવેરા જેવો બીજો કોઈ અમૂલ્ય ઉપાય નથી. નવી વસ્તુ હંમેશાં સારી હોય છે એ અનુભવસિધ્ધ હકીકત છે. હવે તો આપણે એક નવું સૂત્ર અપનાવ્યું છે 'ગરીબી હટાવો'. સૂત્ર અપનાવવું સહેલું છે. એટલું સહેલું છે કે આખા દેશમાં જન્મી ચૂકેલા અને જન્મવાની રાહ જોવાતી હોય તેવી પ્રત્યેક વ્યક્તિને કાંડાઘડિયાળ આપવામાં આવશે તેવું કહેવું. નવા કરવેરા નાખ્યા વિના ગરીબી શી રીતે હટવાની હતી ભલા?

હું નાનો હતો ત્યારે વારંવાર પિતાશ્રીના હાથનો પ્રસાદ ધરાઈને ખાતો. પણ પ્રસાદ ખાવાની ઈચ્છા ન હોય ત્યારે વાઘે પકડ્યો હોય તેમ મોટા અવાજે રડતો. આ જોઈ હાથનો જુસ્સો મંદ પડી જતો અને ધાર્યા કરતાં ઓછો માર પડતો. પણ ખરેખર મને હલકો કરવાની જરૂર જણાય ત્યારે મારું રૂદન કે બૂમો સાંભળ્યા વિના બમણો પ્રસાદ પીરસી દેતા. એ જ પ્રમાણે વ્યવહારમાં જેમ બને તેમ કરવેરામાં પણ બનવાનો સંભવ છે. 'અમે મરી ગયા રે, મોંઘવારી વધી જશે રે, હવે શી રીતે જીવાશે રે' આવી બૂમાબૂમથી ગભરાઈ જઈને 'વધુ પડતો માર પડ્યો કે શું?' એવું વિચારતી સરકાર મા-બાપ પ્રજાને રાહત આપતી, પણ હવે બુધ્ધિશાળી બાપના જેવી સરકાર આપણો ઢોંગ સમજી ગઈ છે અને આપણું આર્થિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તેની તકેદારી રાખી, નવા કરવેરા પૂરતા પ્રમાણમાં નાંખે છે. પિતા જેમ શરીરના કોઈપણ અંગને સ્પર્શ કર્યા વિના અટકતા નથી તેમ કરવેરા નાખવા જેવા તમામ અંગોને તે સ્પર્શે છે અને પછી મહાન કાર્ય કર્યું હોય તેમ, પછી કશું કરવાનું ન રહેતાં ઊંઘી જાય છે - પિતા પણ પ્રસાદ વહેંચ્યા પછી ઊંઘવાનું જ બાકી રાખે છે ને?

ગરીબી હટાવવા જેવું મહાન અને અદ્‌ભુત કાર્ય સામે પડ્યું હોય ત્યારે, દુઃખી, દરિદ્ર અને રોગગ્રસ્ત કરોડો માણસો



આપણા દેશમાં પેદા થયા હોય ત્યારે, માનવતાની દૃષ્ટિએ તેમને સહાય કરવા નવા કરવેરા નાખવા જ રહ્યા. આપણા ભારતદેશમાં જ માણસો વસે છે તેનો ખ્યાલ રાખવો જોઈએ ! સમાજવાદી નેતાઓએ કરવેરા નાખવામાં કરકસર કર્યા વિના કે પોતાના અઢળક ખર્ચા ઓછા કર્યા વિના કરવેરા નાખવા જોઈએ, જેથી જેનું આયુષ્ય દીર્ઘ હશે તેની ગરીબી દૂર થઈ ગઈ હશે જ.

મોંઘવારી વધશે તો ખોટું શું થશે? લોકો અમુક વસ્તુઓ વિના ચલાવી લેતાં શીખી જશે. 'ના, ના એ ચીજ વિના મારે ન જ ચાલે' એવું કહેતાં અટકી જશે અને આમ અનેકવાર બનતાં એમના પૈસા બચશે, એટલા અંશે તેઓ પૈસાદાર થશે અને પછી ગરીબ કહેવાશે નહીં. કારણ કે બચત કરનારને ગરીબ કહી શકાય નહીં. સહકારી પ્રવૃત્તિ માત્ર મકાનો બાંધવામાં સ્થગિત થઈ ગઈ હતી. તે હવે એ પ્રવૃત્તિ અટકી જતાં, જ્યાં ખરેખર સહકારની જરૂર છે, તેવી અન્ય

વસ્તુઓમાં સહકાર ઊભો કરશે. 'વધુ અનાજ વાવો' એમ ખેડૂતોને વારંવાર કહેવામાં આવ્યું, છતાં રોકડિયો પાક જ વાવવા માંડ્યો. ખેડૂતોને વધુ તો શું કહેવાય? એટલે રોકડિયો પાક ઉપરના કરને લીધે જે ખેડૂતો કળે અનાજ વાવતા ન હતા તે હવે બળે અનાજ વાવતા થશે. અંતે દેશને તો લાભ જ છે. વીજળી પરની ડ્યૂટી વધારીને સરકાર સરવાળે વીજળીની પૂરતી સગવડો જ આપવા માંગે છે. લોકો વીજળી ઓછી વાપરતા થશે અને વધેલી વીજળી આપી ઘણાં ગામડાં ઝળહળતા કરી શકાશે અને 'હવે વોટ આપજો, અમે તમને ઝળહળતા કર્યા છે' એવો પ્રચાર કરી શકાશે. નિષ્ફળતાને સફળતામાં બદલવાના જ આ બધા પ્રયોગો છે.

પેટ્રોલનો થોડો જ ભાવ વધારીને સરકારે એને અતિપ્રિય એવા ગરીબ રિક્ષાવાળાઓ ઉપર રહેમ નજર જ રાખી છે. સરકાર લોકો માટે, લોકો પાસેથી અને લોકો દ્વારા એમના ભલા માટે કરવેરા ઉઘરાવે છે. એમાં રાક્ષસી ઢબ નથી કે દયાદાન પણ નથી !

'નવા કરવેરા પ્રજા પર અસહ્ય બોજ કરી મૂકશે' એવું કોઈ મૂર્ખ જ માને, કારણ કે આ નાખેલો બોજ તો ઈસપના બોજ જેવો છે. મિત્રો સાથે જતા ઈસપે વધુ બોજ ઉપાડેલો ત્યારે મિત્રોએ એને મૂર્ખ ગણેલો પણ એક પછી એક પડાવો પસાર થવા લાગ્યા તેમ એનો બોજ ઓછો થતો ગયો. એ જ પ્રમાણે જેમ જેમ યોજનાઓ પૂરી થતી જશે તેમ તેમ પ્રજા ઉપરનો કરબોજ ઓછો થતો જશે અને પછી એવી સ્થિતિ સર્જાશે કે કશું રહ્યું જ નહીં હોય !

રાતોરાત ગરીબી હટાવવી એ નાના બાળકના ખેલ નથી, પણ મોટા કહેવાતા માણસોના ખેલ છે. અલાઉદ્દીનનો જાદુઈ ચિરાગ એમ કાંઈ બધાં માટે રેઢો પડ્યો નથી અને એવો દીવો હાથમાં આવી જાય તો પણ આ વિશાળ દેશની ગરીબી દૂર કરતાં એ દીવામાં રહેલા જીનનો પણ દમ નીકળી જાય તેમ છે અને ભલભલાને હાંફ ચઢી જાય તેમ છે. એના માટે બીજું કશું કરવાનું રહેતું નથી, કશું કરવાનું હોય પણ નહીં. માત્ર શબ્દો દ્વારા બોલવું જોઈએ, 'હે પ્રિય ! હિતેચ્છુ સરકાર નવા કરવેરા !'

પણ નવા કરવેરાનો વિરોધ કરનારાઓ કહે છે, 'મોંઘવારી વધશે, જીવન જરૂરિયાતની પ્રાથમિક જરૂરિયાતો મોંઘી થશે, મકાનો બાંધવાની સહકારી પ્રવૃત્તિ તરફ વસવાટની તંગીથી પીડાતી જનતા વળી હતી, તેથી જમીનની કિંમત પાછળના ખર્ચમાં વધારો થશે. એક સરખો રોકડિયા પાક પરનો કર ખેડૂત પર બોજ વધારશે, વીજળી પરની ડ્યૂટી વધારે છે, વીજળીની પૂરતી સગવડો આપવામાં નિષ્ફળ ગયેલી સરકાર ડ્યૂટી વધારી ન શકે, હાથવણાટ પરના કરને લીધે એ ઉદ્યોગને ઉત્તેજન નહીં મળે. પેટ્રોલના ભાવ વધતાં રિક્ષાઓ, ખટારાઓ, મોટરો, ટેમ્પાઓ બધું બંધ પડી જશે અને તેના મશીનો કાટ ખાઈ જશે. સાબુ પર કર પડતાં લોકો સાબુ વાપરશે નહીં અને ઓઘરાળાવાળા શરીરે ફરશે. તેથી અત્યાર સુધી ઊજળો દેખાતો દેશ મેલો ઘાણ દેખાશે. વળી આ કરવેરા બતાવે છે કે સત્તાધીશોની ગરીબ અને મધ્યમવર્ગ તરફની સહાનુભૂતિ માત્ર જીભ ઉપરની જ છે. આ કરવેરા નથી પણ રાક્ષસી ઢબનું ઉઘરાણું છે.' આવું કહેનારાઓએ એ વાતનું વિસ્મરણ થયું લાગે છે કે આપણે ભેગા થઈને દેશની ગરીબી દૂર કરવાની છે, કોઈ ગરીબ દેશમાં ન રહે તે જોવાનું છે.

મહાભારતના યુધ્ધમાં અર્જુનને વિજય મળે એ આશયે સ્વર્ગાધિપતિ ઈંદ્રે માગણ બનીને કર્ણ પાસે કવચ-કુંડળ માંગેલાં અને કર્ણે રાજીખુશીથી આપેલાં. આ દેશની છાશવારે ફંડ-ફાળા આપતી દાનેશ્વરી પ્રજા કરવેરાનો વિરોધ કરી શકે જ નહીં, કારણ કે ઉદાર લોકો વિરોધ કરી શકે નહીં. 'મા મને આભલેથી ચંદ્ર ઉતારી આપ' એવી હઠ રામચંદ્રજીએ લીધેલી ત્યારે એમનું માતુશ્રીએ દર્પણમાં ચંદ્ર બતાવી પરમાત્મા સ્વરૂપ રામચંદ્રજીને છેતર્યા હતા અને છાના રાખ્યા હતા. આ દેશની રડી રહેલી ગરીબ જનતાને સુખનો ચંદ્ર ક્યાંથી લાવી આપવો? એટલે કરવેરા નાખી સસ્તું દર્પણ ખરીદી આભાસી સુખચંદ્ર બતાવીને રામચંદ્રની માફક છાના રાખી શકાય. મોટા થતાં રામચંદ્રની ભ્રમણા દૂર થઈ ગઈ હતી, તેમ સમય જતાં ગરીબ જનતાની ભ્રમણા પણ દૂર થશે જ. ઘરમાં સુખી થવું હોય તો નાઈલોનની સાડીની માગણી થતાં પતિ મહાશયે તાબડતોબ ઉછીના રૂપિયા લઈને પત્નીને ખુશ કરવી જોઈએ. ગરીબી હટાવવા વધારે કમાણી કરવી જોઈએ અને મોંઘી ચીજો ખરીદવાની ટેવ પાડવી જોઈએ, જેથી જે જે ચીજો પર કરવેરા પડતાં મોંઘી થઈ હોય તેનો વપરાશ વધતાં સરવાળે સરકારને લાભ થાય અને પછી લોકોને.

'માયા ઓછી કરશો તો સુખી થશો' એ બાબતમાં પૂર્ણ જ્ઞાન મેળવવા અત્તર છાંટીને પડેલા, લાલ ગલગોટા જેવા થઈને સૂતેલા, તાલકું ચળકાટ મારતું હોય તેવા સાધુ-સંન્યાસીઓ પાસે જવાની જરાય જરૂર નથી, પણ ઈન્કમટેક્ષ ઓફિસમાં જવાની જરૂર છે. કરવેરાને વાસ્તવિક રૂપમાં જોતાં બોજારૂપ નહીં લાગે પણ સુખટેક્ષ લાગશે ! બાકી જે થઈ ગયું છે કે પડી ચૂક્યું છે તેનો શોક ડાહ્યા માણસો કરતા નથી. ધનવાનો કરવેરા સીધા ઊભા રહીને ભરે છે, જ્યારે ગરીબો આડકતરો લાભ મેળવી વાંકા પડીને ભરે છે. સુખટેક્ષનો લાભ ભેદભાવ વિના મળે છે.

✽

# ડાકિયા ડાક લાયા

■ મણીલાલ રૂધાણી - રાણાવાવ

કોઈ એક ફિલ્મમાં એક બાળકની ચડીના બટન ખુલ્લા જોઈને શબાના આઝમી કહે છે તેરી પોસ્ટ ઓફિસ ખૂલી હૈ.

સ્કૂલ ખૂલી હૈ નહીં કોલેજ ખૂલી હૈ નહીં દુકાન ખૂલી હૈ નહીં ને પોસ્ટ ઓફિસ ખૂલી હૈ શબ્દ ક્યારનો વપરાય છે એ તો મારો રામ જાણે પણ એ શબ્દ વપરાઈ છે ખરો. ભારતના ૪-૫ હજારની વસ્તીવાળા ગામમાં મોટે ભાગે પોસ્ટ ઓફિસ છે જે ટપાલની કામગીરી ઉપર બેંકિંગ સુવિધા પણ આપે છે. પ્રજાને આને કારણે શહેરની બેન્કોમાં ધક્કા ખાવા પડતાં નથી.

મોબાઈલને કારણે છેલ્લા ઘણા વરસો થયા પોસ્ટ ઓફિસનો વહેવાર ઘણો ઓછો થઈ ગયો હોવા છતાં આ પોસ્ટ ઓફિસની સેવા હજુ પણ નાના સેન્ટરોમાં આશીર્વાદ રૂપ છે.

અગાઉ તો લોકો ટપાલોની રાહ જોતાં પણ હવે એવું રહ્યું નથી. ટપાલની કામગીરી ઘણી જૂજ થઈ ગઈ છે છતાં પોસ્ટ ઓફિસ જરૂરિયાતની તો છે જ. લોકો કોઈ પ્રસંગમાં ટપાલ લખતા મરણના સમાચાર પોસ્ટ કાર્ડમાં જ લખતા અને લોકો એને 'મેલો' કહેતાં. પોસ્ટમેન ટપાલ દેવા જાય એ વાંચીને લોકો તુરંત આ મેલો ફાડી નાખતા અને કોઈને વંચાવવાની હોય તો પણ ટપાલ ઘરમાં ન લઈ જતાં બહાર મકાનના વરણમાં સટકાવી દેતા. ટપાલો પણ પધ્ધતિસર લખવાની લોકોને ટેવ હતી. કવર અને આંતરદેશીયમાં તો પાછળ મોકલનારનું સરનામું લખવાની સુવિધા હતી. પોસ્ટકાર્ડમાં પાછળ થોડી જગ્યામાં મોકલનાર પોતાનું સરનામું લખતા જેથી કોઈ સંજોગમાં ટપાલ ન મળે તો લખનારને પરત મળી જતી.

જેમાં કોઈ મોકલનારનું સરનામું લખ્યું ન હોય અને લેનાર વ્યક્તિનું સરનામું યોગ્ય ન હોય તો એના માટે એક અલગ શાખા હતી એનું નામ હતું ડી.એલ.ઓ. મતલબ ડેડ લેટર ઓફિસ. આવા પ્રશ્નો આ ઓફિસમાં જાય એને ખોલીને વાંચવામાં આવે, અંદર સરનામું લખ્યું હોય તો મોકલનાર વ્યક્તિને પાછી પોસ્ટ કરી દેવામાં આવે અને કઈ સરનામું ન હોય તો એનો નાશ કરી નાખવામાં આવે છે.

પત્રો ખરેખર મરતા નથી, અંદર મોકલનાર વ્યક્તિનું સરનામું હોય અને પત્ર પરત મળી જાય છે. પત્ર જીવંત જ હોય છે એટલે પછી આ વિભાગનું નામ ડેડ લેટર ઓફિસથી બદલીને આર.એલ.ઓ. મતલબ કે રિટર્ન લેટર ઓફિસ



રાખવામાં આવ્યું. આ ઓફિસમાં પત્રો ખોલવામાં આવે અને અંદર સરનામા હોય તો યોગ્ય સરનામે પહોંચાડી દેવામાં આવે. આને લગતો એક સરસ મજાનો કિસ્સો આવેલો.

મુંબઈમાં એક સરનામે એક પત્ર આવ્યો. નામ સરનામું પૂરું હતું પણ ક્યાં વિસ્તારનો હતો, ક્યાં પરાના હતો એની ખબર ન પડી. નીચે ''ડાર્ક'' મુંબઈ એટલું લખેલું ખરું પણ ડાર્ક એટલે શું? બાકી રસ્તાનું નામ કે ગલીનું નામ તો આખા મુંબઈમાં એક સરખા ઘણા હોય બહુ કોશિશ કરી નિવાડો ન આવ્યો એટલે પત્ર આર.એલ.ઓ. શાખામાં મોકલવામાં આવ્યો ત્યાં એક મદ્રાસી કર્મચારી હતા. એમણે આ પત્રનું નિરીક્ષણ કર્યું. કોઈ અંગ્રેજી શીખતા ૧૦-૧૨ વરસના છોકરાએ પત્ર લખેલો હોય એવું લાગ્યું. પૂરા સરનામાનું નિરીક્ષણ કરતાં આ કર્મચારીને મગજમાં ટ્યૂબલાઈટ થઈ. શીખાવ છોકરાએ પરાનું નામ પણ અંગ્રેજી કરી નાખેલું. મુંબઈના અંધેરી પરાને ડાર્ક કરી નાખેલું. પેલા કર્મચારીએ ડાર્ક શબ્દ ચેકીને ત્યાં અંધેરી કર્યું એટલે પત્ર યોગ્ય વ્યક્તિને પહોંચી ગયો. કેવી સરસ સેવા કહેવાય? પત્રોના સંબોધન પણ સરસ હતા. એક કિસ્સામાં મુંબઈ કમાવા ગયેલા એક યુવાનને એના પિતાશ્રી ટપાલમાં ચી.જયેશ એવું સંબોધન કરીને ટપાલ લખે. સામો જયેશ પણ ચી.પિતાશ્રી લખે અને બિચારાને ખબર નહીં કે બાપુજીને ચી.નું સંબોધન ન થાય. પૂજ્ય પિતાશ્રી લખાઈ એના પિતાશ્રીએ ધ્યાન દોર્યું એટલે પેલા યુવાનને સમજણ પડી.

એક સંબોધન રા...રા... લખીને કરવામાં આવતું. આ રા...રા... નો અર્થની આજની પેઢીને કદાચ ખબર નહીં પણ એનો અર્થ રાજમાન રાજેશ્વરી એવો થાય. કેવા સરસ સંબોધન લખતા? પણ હવે એ બધું ભૂતકાળ થઈ ગયું છે. પત્રો જ જ્યાં લખતા નથી ત્યાં આવા સંબોધનો ક્યાંથી થાય?

ઈતિશ્રી પોસ્ટ ઓફિસની કથા સમાપ્ત ❁

# ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલ સરખડી ગામના ચેતના વાળાની અનોખી સિધ્ધિ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જીવનમાં બચપણ, કિશોરાવસ્થા અને યૌવનનો સમય બહુ જ મહત્ત્વનો છે. આ સમય દરમિયાન તમારી જિંદગીનું ઘડતર થાય છે અને આનંદ પણ માણી શકાય છે. નાનપણમાં માતાપિતાની છત્રછાયા મેળવનાર બાળક નિર્દોષ હોય છે અને અસ્થિરતા ધારણ કરીને જે હિલચાલ કરે છે, એથી ઘરના સભ્યો માટે એક રમકડું બની જાય છે. કિશોરાવસ્થામાં સમજણ શરૂ થતાં ઘરના સંસ્કાર ગ્રહણ કરે છે. જ્યારે યૌવનનો સમય જિંદગીનો શ્રેષ્ઠ કાળ છે. કુમારાવસ્થાનું જ્યારે યુવાનવસ્થામાં પરિવર્તન થાય છે, ત્યારે એ અત્યંત ચેલેન્જિંગ સમય હોય છે.

યૌવનની સ્વાભાવિક પ્રવૃત્તિ રમત-ગમતની હોઈ, સવાર અને સાંજનો સમય કિશોરો અને યુવાનો તેમના ગ્રુપમાં રમતો માટે નીકળી પડે છે. યૌવનનો આ સમય રમત અને મસ્તીનો હોય છે. જે યુવાનો અને કિશોરો રમતની પ્રવૃત્તિમાં અને તેમાં પણ ખાસ કરીને મેદાની રમતોમાં પ્રવૃત્ત થતા નથી, તેઓ જીવનના એક અમૂલ્ય અવસરથી વંચિત રહી જાય છે. મેદાની રમતોથી શરીર કસાય છે અને શરીરનું કૌવત વધે છે. ઘણી વખત વ્યાયમશાળાની કસરતો કરતાં પણ મેદાનમાં રમાતી રમતોથી વધારે ફાયદો થાય છે. મેદાનમાં રમાતી રમતોથી ખેલાડીમાં ચપળતાનો ગુણ પણ વિકસે છે.

આજે આપણે એવી પ્રતિભાની વાત કરવા જઈ રહ્યા છીએ, જે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર ભારતદેશનું ગૌરવ છે. જેમના અથાગ પ્રયત્નો અને દૃઢ નિશ્ચયથી તેમણે ગુજરાત અને ભારત દેશનું નામ રોશન કર્યું છે. આજે આપણે વાત કરવા જઈ રહ્યા છીએ, ભારતીય મહિલા વોલીબોલના કેપ્ટન રહેલા અને ગુજરાત તરફથી સૌથી વધારે વખત ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરનાર ''ચેતના વાળા'' વિશે. જેઓ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દરિયાકાંઠાના નાનકડા એવા સરખડી ગામના એક મધ્યમવર્ગીય ખેડૂતપુત્રી છે. ચેતના વાળા વિશે વાત કરીએ, તો તેઓ હાલમાં જ ઈન્ડોનેશિયા મુકામે ૧૮થી ૨૫ જૂનના આયોજિત એશિયન વોલીબોલ ચેલેન્જ કપમાં ભારત દેશનું ૫મી વખત પ્રતિનિધિત્વ કરી પરત ફરેલા છે અને જેમાં ભારતીય ટીમે ખૂબ સારું પ્રદર્શન કરી સેમિફાઈનલ સુધી પહોંચ્યા હતા. આ અગાઉ તેઓ બ્રિક્સ ટુર્નામેન્ટ અંતર્ગત ભારતીય વોલીબોલ ટીમના કેપ્ટન પણ રહી ચુકેલા છે. આમ તેઓ ગુજરાતના એક માત્ર ખેલાડી છે જેઓએ સૌથી વધારે ૫ વખત ભારતીય વોલીબોલ ટીમમાં પ્રતિનિધિત્વ કર્યું હોય. તેમની બ્રિક્સ ટુર્નામેન્ટમાં રહેલી સફળ કેપ્ટનશીપના કારણે આપણા માનનીય વડાપ્રધાન શ્રી

### ''ખીલેલા ચહેરાનું સૌંદર્ય''



વિશ્વના શ્રેષ્ઠ માનસ ચિકિત્સકો, ન્યુરોલોજિસ્ટો તથા ઈમ્યુનોલોજિસ્ટોએ પૂરતો અભ્યાસ કરી એક તારણ કાઢ્યું છે કે ''મનની સ્વસ્થતા દરેક કાર્યને સફળતા બક્ષે છે.'' આવી મનની સ્વસ્થતા ધારણ કરી ભારતીય રેલ્વે મહિલા વોલીબોલ ટીમને વિજયી બનાવી મેડલ અપાવ્યા બાદ જ્યારે ચેતના વાળાનું સન્માન થાય છે, ત્યારે તેણીનો ચહેરો કેવો ખીલી ઊઠે છે ! તે ઉપરોક્ત ચિત્રમાં જોઈ શકાય છે.

### "રમતવીર જ્યારે રમતમાં ખોવાઈ જાય છે"



મનુષ્ય નામનો પ્રાણી એક સાથે બે વિશ્વમાં જીવે છે. વસ્તુ જગતમાં જીવવું એ એની શારીરિક પ્રક્રિયા હોય છે, જ્યારે ભાવવિશ્વમાં મહાલીને એ અનેરો આનંદ માણી શકે છે. ચેતનાબેન રમતવીર બની ક્યાં ખોવાઈ જવાની કલા હાંસલ કરી છે, એટલે ચીનની ધરતી પર વિદેશની ટીમ સામે એકલા-હાથે પડી જઈને ખૂબ સારું રમતા નજરે પડે છે. ખરેખર ! જીવનસાધના વગરની કલાસાધના ખરા આનંદની જનેતા ન બની શકે. સાચી વાત છે ને નરેન્દ્રભાઈ?

નરેન્દ્રભાઈ મોદી સાહેબના હસ્તે સન્માનિત કરવામાં આવેલા. તેઓની સિધ્ધિ વિશે વાત કરીએ, તો તેઓએ ગુજરાત રાજ્ય તરફથી ૩૦ જેટલા નેશનલ કક્ષાએ રમેલા છે. તેમાંથી તેમણે ગુજરાત રાજ્યને ૮ ગોલ્ડમેડલ, ૭ સિલ્વર મેડલ તેમજ ૨ બ્રોન્ઝ મેડલ અપાવ્યા છે. તેમની આ પ્રતિભાઓના કારણે ગુજરાત સરકાર તેમજ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તેમને રમતજગતના નામાંકિત એવોર્ડ એવા સરદાર પટેલ એવોર્ડ, જયદીપસિંહ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલા. તેમજ ગુજરાતના નામાંકિત એવોર્ડ એવા ફૂલછાબ એવોર્ડ જે પૂજ્યશ્રી મોરારી બાપુના હસ્તે અર્પિત કરવામાં આવેલ સાથે સાથે ગુજરાત સરકારની શક્તિદૂત યોજનાના ફોર્મલ ખેલાડી પણ રહી ચૂકેલા છે.

આમ, નાના એવા ગામડામાંથી આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીની ઊડાન ભરનાર ચેતના વાળાની જન્મભૂમિ વિશે વાત કરીએ તો સરખડી એટલે 'ધ વિલેજ ઓફ વોલીબોલ'. સરખડી એટલે વોલીબોલ અને વોલીબોલ એટલે સરખડી. સરખડી ગામ આજે વોલીબોલનું પર્યાય બની ગયું છે. આ ગામના લોકો વોલીબોલને જાણે છે, માણે છે અને રમે છે. વોલીબોલના કારણે આ ગામના ૧૧૫થી પણ વધારે પુરુષો અને મહિલાઓ વિવિધ સરકારી વિભાગોમાં નોકરી કરી રોજગારી મેળવે છે. આજે એક નાનકડા ગામની યુવતીઓ પોતાની રમતથી વિશ્વ વિખ્યાત બની છે. સરખડી ગામમાં માત્ર ૪૫૦૦ની વસ્તીમાંથી ૫૦૦ જેટલા વોલીબોલ ખેલાડી હોય તે આશ્ચર્યજનક છે. વાળાઓના ગામ તરીકે ઓળખાતા આ ગામમાં ૧૯૮૨થી સ્વ.જેવાઈબેન રામભાઈ વાળા હાઈસ્કૂલના મેદાનમાં રમતગમત શિક્ષકશ્રી વરજાંગભાઈ વાળા દ્વારા પાસિંગ વોલીબોલની શરૂઆત થયેલી જે આજે વટવૃક્ષ બની ગયું છે. તે પહેલા અહીં શૂટીંગ વોલીબોલ રમતા હતા.

### "ખાનદાની પાત્રતા સફળતા અપાવે છે"



વ્યક્તિના ઘડતરમાં અનેક વ્યક્તિઓ-ક્રિયાઓ અને પરિસ્થિતિઓ પોતપોતાની રીતે ભાગ ભજવતી હોય છે. તેમાંય કૌટુંબિક ઉષ્માભર્યો સહકાર મળે છે, ત્યારે નાનપણમાં સેવેલા અરમાનો સુવર્ણ રજ બનીને ઉચ્ચ કક્ષાએ સન્માનિત થવાની પાત્રતા બક્ષે છે. ઉપરોક્ત ચિત્રમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચેતના વાળાને સન્માનિત કરી મેડલ અર્પણ કરી રહેલા નજરે પડે છે.

ગુજરાતના સૌ પ્રથમ ભારતીય મહિલા વોલીબોલ ટીમમાં રમનાર ખેલાડી કચ્છનું ગૌરવ કેના ધોળકીયા હતા, ત્યારબાદ સરખડી ગામના અને ગુજરાતના બીજા નંબરના ભારતીય વોલીબોલ ટીમમાં સિલેક્ટ થનાર શિલ્પા વાળા હતા. ત્યારબાદ પરિતાવાળા, કિંજલ વાળા, ચેતના વાળા એ પણ ભારતીય વોલીબોલ ટીમમાં પ્રતિનિધિત્વ કરેલું, જેમાં કિંજલ વાળા અને ચેતના વાળા જેવા પ્રતિભાશાળી ખેલાડીએ તો ભારતીય વોલીબોલ ટીમનું કેપ્ટન પદ પણ શોભાવ્યું છે.

સરખડી ગામની ૬૨ જેટલી બહેનો નેશનલ મેડાલિસ્ટ છે, તો ૩૦ જેટલા મેડલો આ ગામની યુવતીઓએ ગુજરાતને અપાવેલા છે. આ ગામના અનેક યુવાનો અને યુવતીઓએ વોલીબોલ રમતના કારણે બેન્ક, રેલ્વે, પોસ્ટ, શિક્ષણ, પોલીસ, આર્મી તથા વોલીબોલ કોચ તરીકે અલગ અલગ વિભાગોમાં સરકારી નોકરી કરી રહ્યાં છે. આ સમગ્ર ગુજરાત માટે એક ગૌરવની વાત કહેવાય.

આમ, ચેતના વાળા અને તેમના સરખડી ગામ એ સમગ્ર ભારત માટે એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે કે, જીવનની અંદર ખૂબ જ ઓછી સુવિધાઓ અને સગવડ વચ્ચે પણ દૃઢ ઈચ્છાશક્તિ, મનોબળશક્તિ તેમજ સખત પરિશ્રમ કરવાની શક્તિ હશે, તો દુનિયાની કોઈ બંધન કે બાધાઓ તમને રોકી શકશે નહીં.



# ‘‘સર્જનાત્મક મગજની સિદ્ધિ’’



**મગજનો ડાબો ભાગ વૈચારિક, તાર્કિક, ગાણિતિક અને યાંત્રિક પ્રકારના કાર્યો સાથે સંકળાયેલો છે. જ્યારે તેનો જમણો ભાગ કલા, સંગીત, રમત-ગમત, કલ્પનાજન્ય અનુભવો અંતજ્ઞાન સર્જનાત્મકતા સાથે સંકળાયેલો રહે છે. લાગે છે, ચેતનાબેને પોતાના મગજના જમણા ભાગને કાર્યરત બનાવીને આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ઉપરના ચિત્રમાં પોતાને મળેલ ગોલ્ડ મેડલ તથા ટ્રોફી સાથે ચેતનાબેન વાળા દેખાય છે.**

# પુષ્પ ચિકિત્સામાં બનતા રસને પાણી સાથે નિયમિત માત્રામાં લેવાથી ભયંકર રોગોમાં રાહત મળે છે

ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો પર્યાવરણમાં અનેક વાતો ખરેખર અચરજ પમાડે તેવી હોય છે. જેમાંની આજની મારી વાત છે તે છે પુષ્પ ચિકિત્સા વિશેની. આવો જાણીએ અને માણીએ પુષ્પ ચિકિત્સા વિશે.

આકડો, કમલપુષ્પ, ગરમાળો, શતપુષ્પા અને શોભાંજન, કરેણ, ગુલાબ, જાસૂદ, શિરીષ, કડવા લીમડાના મોર જેવા અનેક પુષ્પોથી આપણે વિવિધ રોગોમાં આરામ અને અક્સીર સારવાર મેળવી શકીએ છીએ. તો આવો જાણીએ અને માણીએ પુષ્પ ચિકિત્સા વિશે. 'અર્ક' એટલે આકડો અને આકડાના રસમાં સિધ્ધ કરેલું તેલ એટલે 'અર્ક તેલ'. આયુર્વેદમાં આકડાના જે ગુણદોષ અને અનેક ઉપયોગ વર્ણવ્યા છે તેમાં ચામડીના રોગોનો પણ સમાવેશ થયો છે. તે વર્ણ, સોજો અને ક્રુમિનો પણ નાશ કરે છે. અર્ક તેલ બનાવવું હોય તો અઢીસો ગ્રામ લીલી કે સૂકી હળદર લાવી લસોટી નાખવી. એનો ચટણી જેવો જે કલ્ક બને તેમાં હળદરના પ્રમાણથી ચાર ગણું સરસીયું તેલ તથા તેલથી ચાર ગણો આકડાનો સ્વરસ તથા એટલું જ પાણી મેળવી ધીમા તાપે ઉકાળવું. ઊતારીને ગાળી લેવું. આકડાનો સ્વરસ કાઢવા માટે તેના પીળા, પાકાં, મોટા અને રસદાન પાન લાવી વરાળમાં બાફી નાખવા, પાન ગરમ હોય ત્યાં જ કપડામાં મૂકી દબાવીને તેનો રસ કાઢવો અને એ રીતે તેલ બનાવી શકાય. તેલ ખાસ કરીને ખંજવાળ, ખરજવું, ખસ અને સોરાઈસીસ જેવા રોગોમાં ઉત્તમ પરિણામ આપે છે. ખસને આયુર્વેદમાં 'પામા' અને લોકભાષામાં 'લૂખસ' કહે છે. મોટા ભાગે હાથની આંગળીઓના મૂળમાં નાની નાની ફોલ્લીઓ દ્વારા આ રોગનો પ્રારંભ થાય છે. ફોલ્લી ફોડવામાં આવે તો એમાંથી પાતળું, ચીકાશવાળું પ્રવાહી બહાર આવે છે. વારંવાર આ ફોલ્લી ભરાઈ જતી હોય છે અને એ ભાગમાં અતિશય ખંજવાળ પણ ઉપડતી હોય છે. ઘણીવાર આ ફોલ્લી પાકી જતી હોય છે અને તેમાંથી પરૂ પણ નીકળતું જોવા મળે છે. ચેપ વધતો જાય તો હાથ-પગ અને ગુપ્ત ભાગમાં પણ આ રોગ પ્રસરતો જાય છે. એકમાંથી બીજી વ્યક્તિને અને એમ આખા મહોલ્લાને કે ગામમાં પણ લૂખસનો રોગ પ્રસરી શકે છે. ખરજવું ભીનું અને સૂકું એમ બંને પ્રકારનું થાય છે. આ બંને પ્રકારમાં અર્ક તેલ અક્સીર જણાયું છે. ખરજવાના દર્દીને જ્યારે ખંજવાળ ઉપડે છે ત્યારે લોહી નીકળી જાય છતાં પણ મટે નહીં એવી સ્થિતિ સર્જાતી હોય છે. આવા વખતે તરત જ અર્ક તેલ લગાવી દેવાથી ખંજવાળ ઉપડતી નથી અને ઉપડે તો થોડીવારમાં શમી જાય છે. ખસ, ખરજવા જેવા રોગમાં જેમ ખંજવાળ ઉપડતી હોય છે તેમ ક્યારેક અકાંગમાં કે આખા શરીરમાં પણ 'વલૂર' ઉપડી આવતી હોય છે. આવા વખતે ખંજવાળ એ કોઈ બીજા રોગના લક્ષણરૂપે નહીં પણ સ્વતંત્ર રોગ રૂપે હોય છે અને એની સારવારમાં રક્તશુધ્ધિકર ઔષધો ઉપરાંત લગાડવા માટે અર્ક તેલ, ચર્મરોગહર તેલ કે મહામરિચ્દિ તેલ આપવું જોઈએ. ખંજવાળને આયુર્વેદમાં 'કંડૂ' કહેવામાં આવે છે. ચામડીના કોઈપણ રોગમાં એકલા ઔષધથી પરિણામ મળતું નથી એ ખાસ યાદ રાખી લેવું જોઈએ. ઔષધની સાથે પરેજી અનિવાર્ય હોય છે. આથી



ખસ, ખરજવું કે ખૂજલી જેવા ઉપર લખેલા વ્યાધિમાં અથવા તો કોઈપણ ચર્મરોગમાં મીઠું ખાસ બંધ કરાવવું જોઈએ. મીઠું લોહીમાં ભળીને અશુધ્ધિ અનેકગણી વધારી દે છે. એ જ રીતે ગોળ, કેળા, દહીં, આથો આવીને બનતી કોઈપણ વાનગી, ફળો, ફ્રુટજ્યુસ, મિલ્કશેઈક આ બધું જ બંધ કરાવવું જોઈએ. દિવસની ઊંઘ, ઉજાગરા અને કબજીયાત પણ ચામડીના રોગો માટે નુકસાનકારક છે. સ્નાન કરતી વખતે કે તે ભાગને સાફ કરતી વખતે જો પાંદડા નાંખીને ઉકાળેલું પાણી વાપરવામાં આવે તો ઉત્તમ પરિણામ આપે છે. વ્રણને સાફ કરવા માટે ત્રિફળાનું પાણી પણ પરિણામ આપે છે. ભયંકર સોરાઈસીસમાં પણ અર્ક તેલનો ઉપયોગ અક્સીર છે. આમઆ સામાન્ય લાગતું, સસ્તું, સરળ ઔષધ પણ ચામડીના રોગી માટે અક્સીર ઔષધ છે એમ કહેવામાં અતિશયોક્તિ લાગતી નથી. અર્ક તેલ ગરમ અને તિક્ષ્ણ ઔષધ હોવાથી એનો ઉપયોગ કરતાં પહેલાં નિદાનની બાબતમાં પૂરી સાવધાની રાખવી. કરેણ આ ફૂલ-ઝાડ ગુજરાતમાં પુષ્કળ ઊગે છે. સફેદ, ગુલાબી, રાતી અને પીળી એવી એની ચાર જાત છે. કરેણના મૂળ ઘણાં વિષયુક્ત છે. માઈગ્રેનમાં પીળી કરેણના ફૂલો વાટીને કપાળ તથા લમણા પર લેપ કરવો. ઝેરી જીવજંતુના ડંખ પર ગુલાબી કરેણના ફૂલોને વાટી લેપ કરવો. સડતા જખમ પર રાતી કરેણના ફૂલ વાટી લેપ કરવો. ગુલાબ ગુલાબના ફૂલોની પાંખડીનો ગુલકંદ બનાવી શકાય. ચૈત્ર માસ પછી પડતા તાપમાં રાખી બનાવેલો ગુલકંદ ઘણો સારો બનો છે. સુગંધવાળા તાજા લાલ દેશી ગુલાબની પત્તી સારી રીતે ધોઈ લેવી. કાચની મોટા મોઢાવાળી સ્વચ્છ બરણીમાં સૌ પ્રથમ સાકરનો થર કરી, એની ઉપર ગુલાબની પત્તીનો થર કરવો. આમસૌથી ઉપર સાકરનો થર આવે એ રીતે બરણી ભરી, ઉપર કપડું બાંધી, દસથી અગિયાર દિવસ તડકે મૂકી હલાવતા રહેવું. તડકામાં તપી ગુલાબની પત્તી અને સાકર એકરૂપ થઈ જશે. સ્વાદ અનુસાર ઈલાયચી ઉમેરી ગુલકંદ ઉપયોગમાં લેવો. ગુલકંદના ઉપયોગો જૂની કબજિયાતમાં પાંચથી દસ ગ્રામગુલકંદનું સેવન વહેલી સવારે કરવું. નસકોરી વારંવાર ફૂટી લોહી પડતું હોય, ઊનાળામાં થતાં ગૂમડા, વધુ પડતું માસિક આવવું અને લાંબા સમય સુધી ચાલવું. આંખોની બળતરા, આખા શરીરમાં વિશેષ કરીને હથેળી અને પગના તળિયે થતી બળતરા પર ગુલકંદનું સેવન કરવું લાભદાયી છે. ગુલાબનું શરબત અને ગુલાબજળ શરીરમાં થતી દાહ, બળતરા, એસીડીટીને દૂર કરનાર હોઈ ગરમીના દિવસોમાં સેવન કરવા યોગ્ય છે. જાસૂદમાં ધોળી, રાતી, પીળી એવી લગભગ અઢાર જાતો હોય છે. વારંવાર ગર્ભપાત થતો હોય તો લાલ જાસૂદના ફૂલ સાકર સાથે ખાવા. માથાના વાળ ખરતાં હોય તો લાલ જાસૂદના ફૂલ વાટી લેપ કરવો. શ્વેતપ્રદરમાં ચોખાના ઓસામણ સાથે બે નંગ સફેદ જાસૂદના ફૂલની કળી ચાવીને ખાવી. વજન વધતું હોય તો સફેદ જાસૂદની ચારથી પાંચ કળી ઘીમાં સાંતળી સાકર સાથે સવારે ચાવી-ચાવીને ખાવી અને એની ઉપર દૂધ પીવું. માસિક પુષ્કળ આવતું હોય અને અટકવાનું નામ ન લેતું હોય તો સફેદ જાસૂદની ચાર-પાંચ કળીઓ ઘીમાં સાંતળી ચાવી-ચાવીને ખાવી, એની ઉપર પાંચ-પાંચ ગ્રામ સાકર અને નાગકેસર દૂધમાં મેળવી પીવું. ગુપ્તાંગ પર પડતી



ચાંદી માટે

જાસૂદના સફેદ ફૂલ વાટી, તલનું તેલ મેળવી લેપ કરવો. શિરીષ

ગુજરાતની ગ્રામ્ય પ્રજા એને સરસડાના નામથી ઓળખે છે. એના વૃક્ષ ઘણાં મોટાં થાય છે. એના પાંદડા આમલીના પાંદડા જેવાં હોય છે. એના પુષ્પો આછાં પીળાં રંગના કોમળ તંતુઓ વાળા હોય છે. ઉનાળામાં રાત્રિ પછી ખીલતાં શિરીષના આ અત્યંત નાજુક પુષ્પો ચોમેર મધુર સુગંધ પ્રસરાવતા હોય છે.

ઝેરી સર્પદંશ પર શિરીષના પુષ્પો અને મરી ખલમાં વાટી લેપ કરવાથી ઝેર... ફેલાતું અટકે છે. લાંબી માંદગીને કારણે પથારીવશ રહ્યા પછી પીઠ પર પડતાં ધારા હોય કે ગરમીને કારણે થતાં ચાઠા. કેમિકલ કે એસિડને કારણે દાઝવાથી વિકૃત થયેલી ત્વચા હોય કે ન રૂઝાતા વ્રણ આ બધા પર શિરીષના પુષ્પો વાટી એમાં હળદર મેળવી લાંબા સમય સુધી લેપ કરવો. જ્યારે ખીલ ઘણા મોટા થઈ તેમાં પાક-પરૂ થઈ સોજો આવતો હોય ત્યારે શિરીષના ફૂલ વાટી એમાં હળદર અને મુલતાની માટી મેળવી લેપ કરવો. તદુપરાંત ખસ જેવા ત્વકવિકાર, ચામડીના ઈન્ફેક્શન પર માત્ર શિરીષના ફૂલો વાટી લેપ કરવાથી સારું પરિણામમ ળે છે. કડવા લીમડાના મોર

લીમડાના મોર એ લીમડાની મંજરી છે. ચૈત્ર માસના પહેલા દિવસો એટલે કે 'ગુડી પડવા'ના દિવસો



લીમડાના મોરનો રસ પીવાનો મહિમા મહારાષ્ટ્ર બાજુ ઘણો છે. હવે ગુજરાતમાં પણ લીમડાના મોરને રસ પીવાનો મહિમા વધતો જાય છે. લીમડાના મોરના ઉપયોગો સૂચવતાં પહેલા એક સ્પષ્ટતા કરી દઉં. લીમડાના મોરનું સેવન વધુમાં વધુ દસથી અગિયાર દિવસ કરવું. પુરૂષો માટે કડવા રસનું વધુ પડતું સેવન વીર્યજંતુની સંખ્યામાં ઘટાડો કરતું હોઈ લાંબા સમય સુધી સેવન કરવા યોગ્ય નથી. એમાં પણ સંતાન ઈચ્છુક પુરુષોએ આ પ્રયોગ કરવો નહી. આશરે દસ ગ્રામલીમડાના મોર વાટી એક ગ્લાસ જેટલું પાણી ઉમેરી આખી રાત માટીના પાત્રમાં પલાળવા. સવારે એમાં ચપટી નમક, સાકર અને શેકેલું જીરું મેળવી નરણાં કોઠે હાજત જતાં પહેલાં સેવન કરવું. અગિયાર દિવસ કરવામાં આવતા આ પ્રયોગથી શરીરમાં રહેલા વિષતત્ત્વો દૂર થતાં ત્વચા શુધ્ધ થાય છે. લિવર અને બરોળની કાર્યક્ષમતા સુધરતા પાચનતંત્ર વધુ સારી રીતે કામકરવા સક્ષમ બને છે. લીમડાના મોર મૃદુરેચક હોઈ જૂની કબજિયાતમાં ફાયદો થાય છે. રક્તશુધ્ધ થાય છે. ઉપરાંત ત્વચાના રોગ જેવા કે ખસ, ખરજવું, ખુજલી, કોઢ, વધતી બરોળ, પેટના કૃમિ, જૂનો તાવ, શરીરના ચેપ, ગડગૂમડ વિગેરેમાં ફાયદો થાય છે અને સિઝનલ વાયરલ ઈન્ફેક્શન સામે શરીરની પ્રતિકારક શક્તિ વધે છે. આમ ખરેખર પુષ્પ ચિકિત્સામાં બનતા રસને પાણી સાથે નિયમિત અને યોગ્ય માત્રામાં લેવાથી ઘણા ભયંકર રોગોમાં રાહત મળે છે. જ્યાં દાક્તરી સારવારની જરૂર હોય ત્યાં જરૂર એક વાર દાક્તરી સારવાર લેવી જરૂરી છે.

સંદર્ભ : પુષ્પ ચિકિત્સા - વત્સલ વસાણી, વિકિ પીડિયા - ગૂગલ ફોટો

# આ દેહના ધર્મ મૃત્યુની ચિંતા કરી, વૃધ્ધો અશાંતિ અનુભવે છે

■ **પ્રા.સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ**

મૃત્યુ એ તો દેહનો ધર્મ છે. આ શાસ્ત્ર સંમત હકીકત છે. આપણો આ માનવદેહ આકાશ, પૃથ્વી, જળ, વાયુ અને તેજ એમ પંચમહાભુત સભર છે. જીવાત્મામાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણ દેહ છે. વિશ્વ સૃષ્ટાએ જો મૃત્યુની વ્યવસ્થા ન કરી હોત તો દીર્ઘાયુષ્ય બોજરૂપ જ લાગત. મૃત્યુ એટલે પીડામુક્તિ, મૃત્યુ એટલે શાશ્વત શાંતિ અને મંગલ.

ગીતાજીના બીજા અધ્યાયના ૨૨મા શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને સમજાવતાં કહ્યું છે કે -

વાસાંસિ જિર્ણનિયથા નિહાય, નવાનિ ગૃહયાતિ નવોપરાણિ।

તથા શરીરાણિ વિદાય જિર્ણોન્ય ન્યાનિ સંયાતિ નવાની દેહી॥

અર્થાત જેવી રીતે માનવી જૂના વસ્ત્રો ત્યાગીને નવા ગ્રહણ કરે છે તેવી જ રીતે જીવાત્મા જૂના શરીરો છોડીને બીજા નવા વસ્ત્રો ધારણ કરે છે. મૃત્યુ પછી મારા દેહનું શું થશે? બાળી કે દાટી દેશે એવા નકારાત્મક વિચારો કરી વૃધ્ધો અજંપો, અશાંતિ, મુંઝવણ વહોરી લે છે. વાસ્તવમાં આત્મા, અજર, અમર, અછેદ્ય, અભેદ્ય પ્રકાશે યુક્ત છે. સૂક્ષ્મ દેહ ૧૯ તત્ત્વોનો બનેલો છે.

પશ્ચિમના વિચારકોમાં પ્લેટોએ આત્માના અમરત્વ પર સમજણ આપી છે. મિલ્ટન વર્ણવે છે કે Death is the fothen key that opens the Palace of eternity. અર્થાત મૃત્યુ તો સોનાનો મહેલ ખોલનાર અમરત્વની ચાવી છે. અમેરિકાના અન્વેસુક ડૉ.મેકડુનલે આત્માનું વજન ૧૪ થી ૨૮ ગ્રામ સુધીનું છે તે પ્રયોગશાળા દ્વારા સાબિત કર્યું છે. જર્મન ફિલોસોફર મેક્સમૂલરના વર્ણવ્યા પ્રમાણે "આત્મા જ પ્રાણમાં પ્રકાશ પૂરે છે. બુધ્ધિમાં ચેતન જગાવે છે, આદર્શોને વાસ્તવિકતા સાથે જેવો સંબંધ છે તેવો સંબંધ આત્માને દેહ સાથે છે."

ગીતાજી વર્ણવે છે કે નૈનંછિદંતિ શસ્ત્રાણિ, નૈનંદહતિ પાવકઃ।

નચૈનં કલેદયજંયાપો ન શોષ્યતિ મારૂતઃ॥

આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણીમાં તે ડૂબી શકતો નથી, વાયુ તેને સૂકવી શકતો નથી. આત્મા તો સર્વવ્યાપક, નિશ્ચલ, શાશ્વત, અચિત્વ, અવ્યક્ત અને નિર્વાકર જ કહેવાય છે.

વૃધ્ધાવસ્થામાં અનેક વૃધ્ધજનોને મૃત્યુનો ભય લાગે છે.



એકવાર એક યક્ષે યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછ્યો કે, "જગતમાં સૌથી મોટું આશ્ચર્ય શું છે?" યુધિષ્ઠિરજીએ પ્રત્યુત્તર આપ્યો કે "દરરોજ આપણે આપણા અનેક મનુષ્યોને મૃત્યુ પામતાં નિહાળીએ છીએ છતાં દરેક જણ વિચારે છે કે અનેકો મૃત્યુ પામશે સ્વયં બચી જશે." સ્મશાનમાં કોઈના અગ્નિ સંસ્કાર સમયે ક્ષણભેર વૈરાગ્ય આવે જેને "સ્મશાન વૈરાગી" કહેવાય છે.

રાજકવિ, ટેનિસન આત્માને માટે વર્ણવતાં જણાવે છે કે, "તે એક વિશાળ મહાસાગરમાંથી બીજા વિશાળ મહાસાગરમાં વિલીન થઈ જાય છે." કવિઓના વર્ણવ્યા મુજબ - મારું મારું કરી તું શા માટે મરે છે કાળ તારી પાછળ તો ક્યારનોય ફરે છે. મૃત્યુ નથી રાખતું કોઈનીય શેહ, શરમ, કોઈ ઝુંપડીમાં તો કોઈ મહેલમાં મરે છે.

આપણા ભૂ.પૂ.રાષ્ટ્રપતિ ફિલોસોફર ડૉ.એસ.રાધા કૃષ્ણન લખે છે, "Both Immortality and Death are to Cared in the heart of man by pursuit of worlds glitter and infatuation or pass in to death and ashed by the pursuit of truth we gain life eternal."


અર્થાત્ અમરત્વ અને મૃત્યુ બંને મનુષ્ય દલદલમાં જ સ્થાન પામ્યા છે. જગતના ઝગમગાટ અને મોહમાયા ઉપર દિલ લગાવવાથી આપણે મરણ પામી ખાક થઈએ છીએ. પણ સત્યગ્રહણ કરવાની ધગશ રાખવાથી આપણે સનાતન જીવન પ્રાપ્ત કરીએ છીએ.

આટલી સ્પષ્ટતા બાદ મૃત્યુનો ડર રાખવાની આવશ્યકતા જણાતી નથી. પ્રભુને પ્રાર્થીએ કે જેમ માખણમાંથી મુંવારો (વાળ) કાઢીએ તેમ મારા જીવાત્માનું કરવા વિનંતી. ❁

આરોગ્ય વિજ્ઞાન

લે. વૈદ્ય રામ ભારતેન્દુ શુક્લ

# ભગંદરની ક્ષારસૂત્ર ચિકિત્સા



વર્તમાનની સતત અવિરત પ્રવૃત્તિમય જિંદગીમાં લોકો ગમે ત્યાં ગમે તેવું ખાતાપિતા થયા છે. હોટલમાં ખાવાના શોખ વધતા જાય છે. વાસી, તળેલા તથા વિરુધ્ધાહારનાં પ્રયોગ પણ વધ્યા છે. અધુરામાં પુરું વ્યસનોએ દાટ વાળ્યો છે અને શારીરિક શ્રમ ઘણો ઓછો થઈ ગયો છે. ફળ સ્વરૂપ કબજીયાત, અગ્નિમાંદ્ય, શૂલ, પેટ-આંતરડાં તથા ગુદાના રોગો વધ્યા છે. આ બધા રોગોમાં વિશેષ અને ન કહેવાય ન સહેવાય તેવા અકળાવનાર બે રોગો છે. જે છે - અર્શ અને ભગંદર. આજે મારે ભગંદરની વાત કરવાની છે. મૂળ વ્યાધિના કેટલાક કારણો તથા ગરમી ભરેલી છતાં તેના ઉપશમાર્થ અતિ દુ:સહ ઔષધો સેવવાથી, તીખા પદાર્થોના અતિ ભક્ષણ તથા વધારે પડતા ઉજાગરાથી ભગંદર રોગ થાય છે. આ રોગના લક્ષણો જોઈએ તો ગુદાથી બે આંગળ ઉપર અને વૃષણથી બે આંગળ નીચે પીડા કરનારી એવી ફોલ્લીઓ ઉત્પન્ન થઈ ફૂટી જઈ - ફૂટી ગુદા, બસ્તિ અને ભગનું વિદારણ કરે છે તેને ભગંદર કહે છે. કમરના કપાલાસ્થિને, સૂમા લાગવા જેવી વેદના થાય, આગ થાય, કંડુ છૂટે, સણકા લાગે આવા લક્ષણો ભગંદર થવાના હોય ત્યારે જરૂર થાય છે.

ભગંદર રોગ પાંચ પ્રકારના છે. તેમાં (૧) શતયોનિ પ્રકાર વાયુથી થાય છે, એમાંથી થયેલી ફોડલીનો તાત્કાલિક ઉપાય ન કરવાથી તે પાકીને પીડા કરી છિદ્ર પડતાં તેમાંથી પરૂ સાથે મળમૂત્ર અને વીર્ય પણ નીકળે છે. (૨) ઉષ્ટ્રગ્રીવ પ્રકાર પિત્તથી થાય છે. તેમજ ગુદાની ચારે તરફ બબ્બે આંગળ ફરતી ચામડીમાં લાલ ફોડલી થઈ તત્કાલ પાકી જાય છે, તેમાંથી ગરમ પરૂ વહે છે અને તે ઉંટની ગરદનની માફક ઉંચી હોય છે. ત્રીજો પ્રકાર છે પરિશ્રાપી - જે કફથી થાય છે. તેમાં ખૂબ જ ચળ આવે છે, પરૂ જાડું, પીળા થોડી અને ફોડલી ધોળી હોય છે, તે હંમેશાં વહ્યા કરે છે. ચોથો પ્રકાર છે - શંબુકાવર્ત જે સન્નિપાતથી થાય છે. તેમાં ઘણાં પ્રકારની પીડા અને ઘણાં પ્રકારના રંગ હોય છે. તે વહ્યા કરે છે અને ફોડલી કાળી દ્રાક્ષ જેવી હોય છે અને તેનો આકાર શંખની નાભિ જેવો હોય છે. પાંચમો પ્રકાર છે - ઉન્માર્ગી ભગંદર - જે શસ્ત્રાદિકની ચોટથી થાય છે. તે ચેપી હોય છે. ભગંદરના સ્થાન અને રચના અનુસારના જે પ્રકાર બતાવવામાં આવેલ છે. તે બધા જ અહીં નીચે જણાવેલ ત્રણ પ્રકારમાં સમાવિષ્ય કરી શકાય છે. આ ત્રણ પ્રકાર છે : (૧) ભંસેનીડી કૈજોનીચ (૨) મ્નૈહગઈટીહિચન કૈજોનચ અને (૩) મ્નૈહગહિહિચન કૈજોનચ. ભેસેતી કૈજોનચ ભગંદરનું મુખ ત્વચા ઉપર અને બીજું મળાશયમાં રહેલું હોય છે. આ બે મુખને જોડતો સળંગ માર્ગ હોય છે. બીજા પ્રકારમાં કેવળ એક માર્ગ ખુલે છે. ત્વચા ઉપર ખુલે છે. મળાશય સાથે કોઈ સંબંધ નથી હોતો. પણ આ ભગંદર ગુદા સ્થિત પેશીઓ મ્યુક્સમાં અંદર મધ્યમાં જઈને ખુલે છે અને ત્રીજા પ્રકારનો સંબંધ મળાશયમાં છિદ્ર કરી અંદરની તરફ ખુલે છે. આનું પરૂ મળાશયમાં જાય છે. ભગંદરના લક્ષણોમાં બહારથી જોવાથી એક કે વધુ છિદ્રો જોવા મળે છે. પ્રોક્ટોસ્કોપ પરીક્ષણમાં મળાશયની અંદરના ભાગનું છિદ્ર મળાશયની દિવાલ પર જોવા મળે છે. બાહ્ય છિદ્રમાં ''ઐષણી'' નાખવાથી ભગંદરના માર્ગનો ખ્યાલ આવે છે. આ ઉપરાંત ઠ-ઈચઅ પરીક્ષણ દ્વારા પણ જોઈ શકાય છે.

ક્ષારસૂત્ર ચિકિત્સા એ ભગંદરની વિશિષ્ટ વિશ્વસનીય

ચિકિત્સા છે. આ ચિકિત્સામાં ભગંદરમાં સૂત્રનો ઉપયોગ થાય છે. સૂત્ર-દોરાને આયુર્વેદીય ઔષધોની ભાવના આપીને તૈયાર કરવામાં આવે છે ત્યારે તે ધીમે ધીમે ભગંદરને રૂઝવવાનું કામ કરે છે, અંતે બહાર નીકળી જાય છે અને ક્રમશઃ ભગંદર સંપૂર્ણપણે મટી જાય છે. ક્ષારસૂત્ર બનાવવા માટે સ્નુહીક્ષીર અપામાર્ગ ક્ષાર તથા અન્ય પ્રયુક્તક્ષાર અને હરીદ્રાચૂર્ણ આ ત્રણ દ્રવ્યોની જરૂર પડે છે. સૌ પ્રથમ સર્જીકલ થ્રેડ નં.૨૦ લઈને તેનો ક્ષારસૂત્ર નિર્માણાર્થે ઉપયોગ કરાય છે અને તેને ક્ષારસૂત્રમાં ઉપયોગમાં લેવાતી વિશિષ્ટ એલ્યુમિનિયમની ભાવના આપવામાં આવે છે. ત્યારબાદ વિશિષ્ટ પધ્ધતિથી સ્નુહીક્ષીર અને અપામાર્ગ ક્ષારની ભેગી સાત ભાવના આપવામાં આવે છે અને તેની ઉપર સ્નુહીક્ષીર તથા હરિદ્રાચૂર્ણની ભેગી ત્રણ ભાવના અપાય છે. આ રીતે ટોટલ એકવીસ ભાવના આપીને ક્ષારસૂત્ર તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ આ ક્ષારસૂત્રને કાચની નળી કે પોલીથીન બેગમાં પેક કરી એને અલ્ટ્રાવાયોલેટ કિરણોથી જીવાણુમુક્ત કરવામાં આવે છે. આવી જીચહગચહિણજરચચિજોચિનો ભગંદર ચિકિત્સામાં ઘણી સાવધાની રાખવામાં આવે છે.

સીધીસાદી ભાષામાં ભગંદર બાબત જણાવું તો ગુદાદ્વારની બાજુમાં જે નાડીવ્રણ બને છે તેને ભગંદર કહેવાય છે. આ માર્ગ ગુદામાર્ગથી નજીકની ત્વચાથી ગુદાદ્વાર કે મળાશય સુધી આવે છે. આ માર્ગમાં પૂયની ઉત્પતિ થયેલ હોય છે અને માર્ગ સંક્રમિત હોય છે. આ યૂમ પોતાનો માર્ગ કરી બહાર નીકળે છે. આ ભગંદર કહેવાય છે. ક્ષારસૂત્ર પ્રયોગવિધિમાં સૌ પ્રથમ ભગંદરનો માર્ગ પ્રોબ દ્વારા બરાબર તપાસાય છે. પ્રોબની પાછળના ભાગે એક છિદ્ર હોય છે. જેમાં સૂત્ર (દોરો) પરોવી વૈદ્ય પોતાની એક આંગળી ગુદામાં રાખીને પ્રોબને ભગંદરના છિદ્રમાંથી પ્રવેશ કરાવે છે. જો ભગંદર પૂર્ણ હોય તો ગુદા સ્થિત આંગળીમાં પ્રોબ પ્રતિત થાય છે અને એ આંગળી દ્વારા પ્રોબને ગુદામાંથી બહાર કઢાય છે. આમ કરવાથી ક્ષારસૂત્ર પ્રવિષ્ટ થઈ જાય છે. જો ભગંદર મ્નૈહગ હોય તો તેને ભેગ્રેની કરી સૂત્ર ભગંદરના માર્ગમાં પરોવાય છે. આમ ગુદાદ્વારમાંથી નીકળેલી સૂત્રના છેડાને ભગંદરના છિદ્રના છેડા સાથે મેળવી બંને છેડાની ગાંઠ મારવામાં આવે છે. ત્યારબાદ ભગંદર માર્ગમાં અણુતેલ નાખવામાં આવે છે. આથી શોધન અને રોપણની કામગીરી ઝડપથી થાય છે. ભગંદરની આ ચિકિત્સા દરમ્યાન સાત વિંશતિક ગુગળ, કેશોર ગુગળ, યોગરાજ ગુગળ આપવાથી ભગંદરની રૂઝ આવવામાં લાભ થાય છે.

❁


*With Best Complimants*

KALYANJI RAMBHIA　　PARAS RAMBHIA









- ❁ B.P.MACHINE
- ❁ GLUCO METER
- ❁ WHEEL CHAIR
- ❁ NEBULIZER
- ❁ AIR BED
- ❁ MORNING WALKER
- ❁ PULSE OXYMETER
- ❁ ADULT DAIPPER
- ❁ HOT WATER BAG
- ❁ HEATING PAD
- ❁ WEIGHT SCALE
- ❁ WATER BED

**FORTUNE SURGICALS**

**C/004, SUPATH-2, NEAR OLD VADAJ BUS STAND,**
**ASHRAM ROAD, USMANPURA, AHMEDABAD-380013**
**PH.27560480 M.9375022555**




# સોની કાનજી આણંદજી જ્વેલર્સ પ્રા. લી.

**IN MUMBAI**
**Since 1968**

બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, ૨જે માળે, સહકાર નગરની સામે,
નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧. ફોન : ૨૪૧૫૦૫૭૨, ૪૧૭૫૫૫૦૦
E-mail : admin@sonikanji.com - Website : www.sonikanji.com

કચ્છ : ફરાદીવાલા

# વાનગી

## મખાનું રાયતું

**સામગ્રી :** મખાના ૮ થી ૧૦ નંગ (જોઈતા પ્રમાણમાં), દહીં ૨૫૦ ગ્રામ, મીઠું સ્વાદ મુજબ, જીરા પાઉડર ૧ ચમચી, ચાટ મસાલો ૧ ચમચી.

**રીત :** સૌ પ્રથમ મખાનાને પેનમાં મૂકી શેકી લો. મખાના મોટા હોય તો તમે તેના નાના પીસ કરી શકો છો. એક બાઉલમાં દહીં લઈ તેને વલોવી લો. પછી તેમાં મીઠું, જીરા પાઉડર અને ચાટ મસાલો ઉમેરો. તેમાં મખાના ઉમેરી હલાવી મિક્સ કરી લો. તેને પંદર મિનિટ રહેવા જઈ પછી તેનો ઉપયોગ કરો. તમારે સ્પાઈસી રાયતું ખાવું હોય તો તેમાં લાલ મરચું અથવા ચિલી ફલેક્સ ઉમેરી શકાય.

## શેઝવાન પૂરી

**સામગ્રી :** મેંદો ૧ કપ, રવો ૨ ચમચા, શેઝવાન સોસ ૫ા કપ, કોર્નફલોર ૧ ચમચો, અજમો ૧ ચમચી, મીઠું સ્વાદ મુજબ, ઘી જરૂર પૂરતું.

**રીત :** મેંદોમાં રવો, અજમો, મીઠું અને બે ચમચા તેલનું મોણ નાખી કઠણ કણક બાંધો. શેઝવાન સોસમાં કોર્નફલોર મિક્સ કરી પેસ્ટ બનાવો. હવે મેંદામાંથી લૂઆ લઈ વણી લો. તેની લાંબી પટ્ટીઓ કાપી લો. દરેક પટ્ટી પર શેઝવાન પેસ્ટ લગાવી વાળીને દબાવી દો જેથી તળતી વખતે તે ખૂલી ન જાય. આને ગરમ ઘીમાં ધીમી આંચે બદામી રંગની તળી લો. શેઝવાન સોસમાં કોર્નફલોર મિક્સ કરી પેસ્ટ બનાવો. હવે મેંદામાંથી લૂઆ લઈ વણી લો. તેની લાંબી પટ્ટીઓ કાપી લો. દરેક પટ્ટી પર શેઝવાન પેસ્ટ લગાવી વાળીને દબાવી દો જેથી તળતી વખતે તે ખૂલી ન જાય. આને ગરમ ઘીમાં ધીમી આંચે બદામી રંગની તળી લો. શેઝવાન પૂરી તૈયાર છે.

## ઈન્સ્ટન્ટ મિની હાંડવો

**સામગ્રી :** એક બાઉલમાં મકાઈનો લોટ, ૨૫૦ ગ્રામ દૂધી, ૧ વાટકી દહીં (ખાટું), સ્વાદાનુસાર મીઠું, ૧ ચમચી લાલ મરચું, અડધી ચમચી અજમો, અડધી ચમચી હળદર, ૨ ચમચી તેલ, એક ચમચી ખાંડ, ચપટી સોડા, ૧ ચમચી આદું-લસણ-મરચાંની પેસ્ટ, ૨ ચમચી કોથમીર, વઘાર માટે ૧ ચમચી તેલ, ૧ ચમચી અજમો, તલ.

**રીત :** સૌપ્રથમ એક બાઉલમાં મકાઈનો લોટ લો. તેમાં દહીં તથા બધા મસાલા ઉમેરી મિક્સરમાં હલાવી લો. ત્યારબાદ દૂધીને છીણી લો. તેને બનાવેલા મકાઈના લોટના મિશ્રણમાં ઉમેરી થોડું તેલ ઉમેરી મિશ્રણને બરાબર હલાવી લો. હવે તેમાં ચપટી સોડા ઉમેરી મિશ્રણ બરાબર મિક્સ કરો. હવે એક પેનમાં તેલ મૂકી તેમાં તલ ઉમેરી તેલ ગરમ થવા દો. હવે તેમાં હાંડવાના બનાવેલા મિશ્રણના નાના નાના ગોળા વાળી થેપીને પેનમાં મૂકો. તેને તાવેથાથી સરખો આકાર આપી ઢાંકણ ઢાંકી દો. તેને ધીમા તાપે થવા દો. એક બાજુ ગોલ્ડન બ્રાઉન થયા બાદ બીજી બાજુ ફેરવી લો.

તેમાં થોડું તેલ મૂકો જેનાથી પેનમાં ચોંટી ન જાય. તેને ધીમા તાપે થવા દો. બંને બાજુ ગોલ્ડન બ્રાઉન થવા દો. આ રીતે બધો મિની હાંડવો બનાવી લો. તેને ગરમ ગરમ ગ્રીન ચટણી સાથે પીરસો.

આ રીતે તમે રવો અને ચોખાનો લોટ લઈને પણ મિની હાંડવો બનાવી શકો છો. તેમાં તમારા મનગમતા વેજિટેબલ પણ ઉમેરી શકાય.

## ડ્રાયફ્રૂટ સમોસા

**સામગ્રી :** મેંદો ૧ કપ, સોયાનો લોટ ૧ ચમચો, મીઠું સ્વાદ મુજબ, તેલ ૨ ચમચા, સ્ટફિંગ માટે વટાણા ૧ કપ, પનીર ૧૫૦ ગ્રામ, કાજુના ટુકડા ૧ ચમચો, અખરોટના ટુકડા ૧ ચમચો, દાડમના દાણા ૧ ચમચી, સમારેલા મરચાં ૧ નંગ, મીઠું સ્વાદ મુજબ, મરચું-ધાણા, મરીનો પાઉડર ૧ નાની ચમચી, ગરમ મસાલો સ્વાદ મુજબ.

**રીત :** મેંદો અને સોયાના લોટને મિક્સ કરી ચાળી લો. તેમાં મીઠું અને મોણ નાખી કઠણ કણક બાંધો. એક પેનમાં તેલ ગરમ કરી તેમાં સમારેલાં મરચાં, વટાણા, મેવો, પનીર અને બધો મસાલો નાખી સાંતળી અને પછી ઠંડું થવા દો. લોટમાંથી નાના નાના લૂઆ લઈ તેમાંથી પૂરી વણો. ચપ્પુથી તેની પહોળી પટ્ટીઓ બનાવો અને સમોસાનો આકાર આપી તેમાં સ્ટફિંગ ભરી ડીપ ફ્રાય કરો. આ સ્ટફ્ડ ડ્રાયફ્રૂટ સમોસાનો સોસ અને ચટણી સાથે સ્વાદ માણો.



# હસજો હળવે હળવે

■ ગુલાબચંદ ધારશી રાંભીયા

❖ દાંતના ડૉક્ટર (દર્દીને) : મોઢું ખોલો.
દર્દી : લો આ ખોલ્યું એમ કહી શક્ય એટલું પહોળું કર્યું.
ડૉક્ટર : આટલું બધું પહોળું કરવાની જરૂર નથી. હું બહાર ઊભો રહીને જ દાંત કાઢવાનો છું.

❖ શિક્ષક : પાણી વિપુલ માત્રામાં ક્યાં મળે?
વિદ્યાર્થી : દૂધમાંથી સાહેબ.

❖ ડૉક્ટર : તમારા પત્ની ખૂબ આનંદ અને મજાના છે. એ જ તમારી દવા.
દર્દી : સાહેબ એ પાણી સાથે લેવાની કે મધમાં.

❖ દર્દી : ડૉક્ટર સાહેબ આ બજારમાં મળતા મીઠાઈ ફરસાણ ખાવામાં કોઈ વાંધો ખરો?
ડૉક્ટર : નારે. મારા જીવનનો એ તો આધાર છે.

❖ મારો અવાજ કેવો લાગ્યો? ચાલશે ને. સંગીત વિદ્યાલયમાં પ્રવેશ મળશે ને?
સારો છે... રસોડામાં ભડકો થાય તો ઘણા લોકોને ભેગા કરી શકે તેવો તમારો અવાજ છે.

❖ મહિલા : જજ સાહેબ મને જલદીથી મારા પતિથી છૂટાછેડા અપાવો.
જજ : છુટાછેડા પછી તમે શું કરશો?
મહિલા : હું બીજા કોઈ પુરુષ સાથે લગ્ન કરીશ.
જજ : તમે ચાર વાર પરણ્યા છો અને ચારેય પતિમાં તમને કાંઈ ને કાંઈ ખામી જણાઈ છે તો પણ પાંચમાં લગ્ન કેમ?
મહિલા : પાંચેય આંગળીઓ કાંઈ બરાબર નથી હોતી.

❖ પતિ (ખાતાં ખાતાં પત્નીને કહ્યું) : તેં જે શાક બનાવ્યું છે તે ચાર ગણું વધુ બનાવ્યું હોત તો સારું થાત.
પત્ની : કેમ શું એટલું બધું સરસ થયું છે?
પતિ : ના એવું નથી. પણ એમાં જે મીઠું નાંખ્યું છે તે હિસાબે કહી રહ્યો છું.

❖ શેઠાણી : અરે ભૈયાજી, આ તે દૂધ છે કે પાણી?
ભૈયાજી : બહેનજી આ તો થ્રી ઈન વન છે. આપ તેને દૂધ અથવા પાણી તરીકે વાપરી શકો અને ચા પીવી હોય તો માત્ર ખાંડ અને ચા નાખી ઉકાળીને ચા તરીકે પણ પી શકો.

# હસવાની મનાઈ છે

❖ ગોવર્ધનભાઈને અકસ્માત થયો.
ડૉક્ટરે કહ્યું : "ટાંકા લેવા પડશે. બે હજારનું ખર્ચ થશે."
ગોવર્ધનભાઈ : ના સાહેબ ! મારી બૈરી સાડીમાં ભરતકામના ટાંકા મારે જ છે. એની પાસેથી ટાંકા મરાવી લઈશ.

❖ ગમન : તારા કપડા તો તારી નોકરાણી ધોતી હતીને ! તો હવે હાથે કપડા કેમ ધૂએ છે?
ધવલ : દોસ્ત ! એ નોકરાણીમાંથી મારી રાણી બની ગઈ છે.

❖ ગીતાંગ : ડૉક્ટર સાહેબ ! રાતે ઊંઘ લીધા પછી ઊંઘ આવતી નથી.
ડૉક્ટર : તમે અમાસની રાતે ઘરમાંથી બહાર નીકળી ખીલેલો ચાંદ જોતા રહો.

❖ ગુણાંક : મુશાયરમાં શાયરી બોલવાનું શરૂ કર્યું.
"મહેફીલમાં મારા જુતા ખોવાયા. હવે ઘરે જવાના વાંધા."
ત્યાં જ સ્ટેજ પર જુતાની જોડી પડી. ને અવાજ આવ્યો.
"જલ્દી અહીંથી ભાગ. ઘરે પહોંચી જા."

❖ "ગુજરાતી આપણી માતૃભાષા છે. પિતૃભાષા કેમ નહીં."
ઉત્તર મળ્યો : માતા જ બોલબોલ કરે, પિતાએ ચૂપ રહેવાનું હોય.

■ લઘુગોવિંદ

## બચુડો

| | | |
|---|---|---|
| અધા | : | પુત્તર બચુડા? |
| બચુડો | : | કો અધા? |
| અધા | : | અકબર બાદશાહ કાણો વો? |
| બચુડો | : | આંકે કેર ચેં? |
| અધા | : | ઈતિહાસમેં ઈ લખ્યો આય. |
| બચુડો | : | ઈતિહાસમેં ઈ લખેલ આય કે અકબર હિંદુ અને મુસલમાન બીં કે હકડી નજર સે નેરે તેં. તેમેં આંકે ઈ લગો કી અકબર કાણો વો. |

# તુલસીશ્યામ

પુષ્પો અને હરિયાળીથી શોભતા કુદરતનાં ભવ્ય સાનિધ્યમાં તલશ્યામનું સ્થાનક છે. જૂનાગઢથી સત્તાધાર કનકાઈ થઈને ગીરનાં ચારે તરફ ફરતાં જંગલમાં આવેલ તુલસીશ્યામ ૧૨૩ કિ.મી.ના રોડ રસ્તે છે. તેમજ વેરાવળ કોડીનાર ઉના થઈને ૧૯૬ કિ.મી.ના રોડ રસ્તે તુલસીશ્યામ આવે છે. આ માર્ગમાં પ્રભાસ, સોમનાથ, પ્રાચી, ગોરખમઢી વિગેરે તીર્થોના દર્શન થઈ શકે છે.

જૂની પુરાણ કથા એવી છે કે દિતીનોં પુત્ર તલ નામનો અસુરરાજ મહર્ષિ ચ્યવન ઋષી પાસેથી આ ક્ષેત્રમાં આવેલ તપ્તીકુંડમાં સ્નાનનો મહિમા જાણી પોતાના સાથીઓ સાથે નહાવા આવ્યો.

અહીં સ્નાન કરીને તલરાજા વનની શોભા જોતો હતો ત્યાં એક સાલ વૃક્ષનાં થડમાં અનેક બાણો જોયા. સાલ વૃક્ષ પાસે ઉભેલા બાણાવળી મુનીને જોયા અને મુની ઉપર ક્રોધાયમાન થયો. થડમાં કેમ બાણ માર્યા છે? કહી તે ધર્મ રૂપ નારાયણ મુનિ સાથે લડવા લાગ્યો. હજાર હજાર વર્ષ લડાઈ કરી પણ મુનીને જીતી શક્યો નહીં. આથી નિરાશ થઈ નારદઋષી પાસે આવ્યો. ઋષિ કહે કે દિતી પુત્ર તલ ભગવાનની ઈચ્છાથી તું મુનીને જીતી શક્યો નથી. માટે સરસ્વતીમાં સ્નાન કરી તપોબળથી મુનીને જીતી લ્યો. આથી તલરાજાએ તપ્તોદકમાં સ્નાન કરી તપોબળથી નારાયણ મુનીને પ્રસન્ન કર્યા. પ્રસન્ન થયેલા નારાયણે રાજાને પોતાની પ્રિતિનું વરદાન આપતા કહ્યું કે તારા અને મારા નામથી આ સ્થાન પ્રસિધ્ધ થશે. જેથી તલ+શ્યામ કહેતા તુલસીશ્યામ કહેવાયું.



એક કથા પ્રમાણે દૈત્યની પત્ની તુલસીના નામ સાથે શ્યામ જોડાય ને તુલસીશ્યામ કહે છે.

અહીંયા શ્યામસુંદર ભગવાનનું મંદિર છે. ગરમ પાણીના કુંડો છે. તેમજ તપ્તી કુંડમાં સ્નાન કરી ભગવાનનાં ષોડષોપચાર પૂજન કરવાનો મહિમા છે. પુષ્પોની હરિયાળીમાં મહાપ્રભુની બેઠકજીના દર્શન થાય છે. દરેક યાત્રિક દર્શનનાં લાભ લઈ કુદરતનો આનંદ મેળવે છે.

અહીંયા ભાદરવા સુદ ૧૧ના જળઝીલણીના દિવસે મેળો ભરાય છે. તલશ્યામનાં ભવ્યમંદિરની ચારે તરફ ગીરનું જંગલ હોવાથી આજુબાજુ કોઈ ગામ નથી. જંગલઝાડીઓમાં માલધારી પોતાના ઢોર સાથે રહે છે. જગ્યાનાં સંચાલકો યાત્રિકોને મદદરૂપ થવા પાગરણ, સીધા સામગ્રીની વ્યવસ્થા કરી આપે છે. તેમજ જગ્યાનાં અન્નક્ષેત્રમાં ભોજન અને ચા આપવામાં આવે છે.


**અમે ખરીદીએ છીએ**

ફર્સ્ટ ડે કવર, દલાલ, પોસ્ટલ સ્ટેમ્પ, મીનીએચર સાઈટ, કોમિક, બુક, અનયુઝ સ્ટેમ્પ પેપર, આરબીઆઈએ બહાર પાડેલ પ્રુફ અને યુએનસી સેટ પેન, ઘડિયાળ, મેડલ્સ, ટોકન, એન્ટીક આઈટમ, જુના સિક્કા, નોટ (ભારતીય - વિદેશી ૧૯૯૦ પહેલાની)

**સાગર નોટ ભંડાર®**

કાંદીવલી (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૭

9321530449

email : gangar9@gmail.com

ફક્ત એપોઈંટમેન્ટ દ્વારા 24 x 365 x Days

We are Specialist in
Numismatic & Philtalies
Last 30 year's Known as

**SAGAR NOTE BHANDAR®**

Kandivali (w), Mumbai-400 067.
Contact us for BEST PRICE of

Old Coins ❁ Notes ❁ Stamps ❁ FDC Cover ❁ Medal

More than 50 year's old

9321530449

email : gangar9@gmail.com

By appointment only 24 x 365 x Days

With Best Compliments From



# JAINAM

## OPTICS & CONTACT LENS CLINIC

5-B, HASAN MANZIL, 71-77, A.K. MARG,
NEAR AUGUST KRANTI MAIDAN,
GOWALIA TANK, MUMBAI-400036.

**TEL. : 23814446**

E-mail : jainamoptics@yahoo.com

**કુંવરજી ઠાકરશી છેડા - (ગામ-તલવાણા)**

લઘુવાર્તા

# ઈનામ

■ ધીરજલાલ ડી. તન્ના - કેશોદ

નવાગામથી શહેરની કોલેજમાં અભ્યાસ અર્થે અપડાઉન કરતી દિશા આજ બસમાં કોલેજેથી નિયત સમયે છુટી બસમાં બેસી ગઈ હતી. અંધકાર થયા પહેલા પોતાને ઘરે પહોંચી જવાની ગણતરીમાં હતી. કારણ કે ગામ નવાગામના પાટીયેથી ગામ ૧ કિ.મી. અંદર હોઈ ચાલીને જવું પડતું હતું.

પરંતુ રસ્તામાં બસમાં ટાયર પંક્ચર થતા બસ એક કલાક મોડી નવાગામના પાટીયે પહોંચી, બસમાંથી દિશા ઉતરી ત્યારે સાવ અંધારું થઈ ગયું હતું, એટલે છાનો ભય પણ સતાવતો હતો પાછી એકલી હતી. પ્રભુસ્મરણ કરતી ગામના પથે ચાલતી પકડી.

સો એક મીટર હજુ ચાલી હશે ત્યાં વડલાની આડસમાંથી એક મોટી કાર રસ્તા પર આવીને દિશાનો રસ્તો રોકી ઉભી રહી ગઈ. જે ભય સતાવતો હતો તે સામે આવીને ઉભો હતો. ઓડી કારમાંથી એક યુવાન સાથે બે અન્ય શખ્સો ઉતરી દિશા કશું સમજે વિચારે એ પહેલા તેનો હાથ પકડી રીતસર અપહરણ કરી મોટરમાં બેસાડી ગાડી પુરપાટ હાંકી મુકી.

બે શખ્સોમાં એક ડ્રાઈવર અને બીજો શખ્સ આગળ બેસી ગયેલ અને પેલો યુવાન દિશાની બાજુમાં પાછલી સીટ પર બેસેલ. ગાડીની હેડલાઈટના પ્રકાશમાં યુવાનને દિશા ઓળખી ગઈ કે એ ગામના નગરશેઠનો વંઠેલ પુત્ર દેવાંગ હતો અને અત્યારે દારૂના નશામાં હતો. દિશાએ છુટવાના કોઈપણ પ્રયત્નો કર્યા નહીં કે બુમાબુમ કરી નહીં.

ગાડી ચાલુ હતી અને દેવાંગ બબડતો હતો કે દિશા હું મહિના દિવસથી તને પામવા ગાડી લઈને આવતો હતો, પરંતુ દિવસે કોઈ દેખી જાય એટલે તને ઉપાડી નહોતો શકતો, પણ આજ આ સોનેરી ઘડી આવી ગઈ. દિશા હું તને અનહદ પ્રેમ કરું છું. આ જ તો તને ભોગવીને મારી આંતરડી ઠારીશ. આજ તને મારાથી કોઈ છોડાવી શકે એમ નથી અને તને પણ ન્યાલ કરી દઈશ.

દેવાંગ તું મને શું ન્યાલ કરી દઈશ? મારે રૂપિયાને શું કરવા છે? પણ તારી જેમ હું પણ તને મેળવવા સ્વપ્ના જોતી હતી કારણ મારી પાસે તો સાયકલ પણ નથી પણ તું જો મને મળી જાય તો આ ઓડી કારમાં ફરવા તો મળશે અને મારો રૂઆબ પણ પડશે, દેવાંગ તેં તો આજ મારા મનની વાત કરી દીધી. બોલ તું મારી સાથે લગ્ન કરીશ?

દેવાંગે વિચાર્યું આ તો અનાયાસે આંકડે મધ આવી ગયું. એને તો દિશા સાથે હવસ સંતોષવી હતી પરંતુ જો પોતે લગ્નની ના પાડશે તો દિશા હાથમાંથી કાયમ માટે જતી રહેશે અને હા પાડશે તો કાયમી પોતાની હવસ સંતોષાય તેમ હતી એટલે પોતે ધારે ત્યાં સુધી દિશા સાથે પ્રેમના ફાગ ખેલી પછી તરછોડી દેશે તો એ ક્યાં જવાની છે ! અને એની આબરૂ લુંટાયા પછી તો મારી આંગળીના ટેરવે પૈસાની લાલચે નાચવાની છે એટલે તેણે લગ્નની હા પાડી દીધી.

પંદર મિનિટમાં નિયત સ્થળે ગાડી પહોંચી જતા બધા ગાડીમાંથી નીચે ઉતર્યા હવે તો દિશા ઉપર બળજબરી



કરવાનો પ્રશ્ન જ નહોતો. બધાની સાથે દિશા ઉતરી. દેવાંગ બોલ્યો જો દિશા આ અમારું ફાર્મહાઉસ છે ૨૫ વીઘા જમીન બંગલો બધું છે દિશા વિસ્ફારિત નયનોથી બધું જોવા લાગી. એટલે દેવાંગ કહે આવી તો અમારી ઘણી પ્રોપર્ટી છે. દિશા તું રાણી થઈને રાજ કરીશ ! આમ કહી બધા રૂમમાં આવ્યા. રૂમમાં આવતા જ દેવાંગ દિશાનો હાથ પકડી પોતાની બાહોમાં લેવાનો પ્રયત્ન કર્યો.

દિશાએ પેલા બંને વ્યક્તિની હાજરીનો ઈશારો કર્યો એટલે દેવાંગ સમજી ગયો અને હવે તો તેને દિશાને ભોગવવા બળજબરી કે ઉતાવળની જરૂર જ નહોતી. આ અરસામાં દિશાએ ફ્રેશ થવા બાથરૂમ કઈ બાજુ છે તે પુછી બાથરૂમ જતી રહી. ફ્રેશ થઈ બહાર આવતા દેવાંગ દિશાને જોતો જ રહી ગયો. કારણ અત્યારે તે મેનકા કરતા પણ વધુ સુંદર લાગતી હતી, હવે તે પોતાની રાણી હતી એટલે તે કેમ ખુશ રહે તેવા પ્રયત્નો કરતો હતો. કલાક વાતો કરી બાદમાં દિશાએ કહ્યું, દેવાંગ મને કકડીને ભુખ લાગી છે. ડ્રાઈવરને કહેને મારા માટે ગામમાંથી નાસ્તો લઈ આવે ! આમ કહી પાછી વાતોએ વળગી.

હુકમનું પાલન થયું. ડ્રાઈવર નાસ્તો લેવા ગયો એટલે દેવાંગે દિશાનો હાથ પકડી પોતાની બાંહોમાં જકડી લીધી. પરંતુ દિશા કોઈ ઉતાવળ કરવા માંગતી નહોતી એટલે બોલી દેવાંગ મને જોરદાર ભુખ લાગી છે એટલે કશી મજા નહી આવે, જમી લીધા બાદ આ બધું કરીએ તો? હવે તો આખીરાત હું તારી જ છઉંને ! આટલું કહેતા દેવાંગે દિશાને છુટી કરી એ અરસામાં ડ્રાઈવર નાસ્તો લઈ આવ્યો અને બંને નાસ્તો કરવા બેસી ગયા. નાસ્તો ચાલુ હતો ત્યાં ડ્રાઈવરે પોલીસ આવી એમ ત્રાડ પાડી. મુઠ્ઠીયું વાળી બીજો શખ્સ વંડી ઠેકી ભાગી ગયો. દેવાંગને પોલીસે પકડી લીધો અને પોલીસ સ્ટેશને લઈ આવ્યા. રસ્તામાં દેવાંગે ઘણી દલીલો કરી કે આ મારી થનારી પત્ની છે અને એ રાજીખુશીથી મારી સાથે આવી છે, પણ પોલિસે એની એક પણ વાત ન માની.

બીજા દિવસે દેવાંગની દલીલો સહિતની મેટર દિશાના બદલાવેલા નામ સહિત અખબારમાં છપાણી, થ્યોરી હતી પોલિસની સમયસુચકતાથી એક દીકરીની આબરૂ લુંટાતા રહી ગઈ.



બે માસ પછી સંયમ, બહાદુરી અને બુધ્ધિમતા માટે દિશાનું જાહેર સન્માન થયું, વીરતા મેડલ તેમજ રોકડ ઈનામની રકમ મિનિસ્ટરના હસ્તે એનાયત કરવામાં આવી. પ્રોગ્રામ પૂર્ણ થતા પત્રકારે પ્રશ્ન કર્યો, હેં દિશાબેન તમે તો તમારું સ્વાત્માર્પણ કરવા તૈયાર હતા તો એકાએક પોલિસ ક્યાંથી આવી ગઈ?

બાથરૂમમાંથી મેસેજ અને લોકેશન મોકલેલને? ❁

**જીંદગીની દોડમાં એકાદ વળાંક એવો અચૂક આવે છે કે જ્યાં સત્ય અને સમજણ બંને માણસ પાસે હોય છતાં પણ નિર્ણય લઈ શકાતો નથી...!!!**

**ટુંક સમયમાં**
**નવેમ્બર-ડિસેમ્બરમાં**
**હોમિયોપેથી વિશેષાંક**
**બહાર પડશે**

Mahendra M. Goggree
(M) 9821924090

**CITY STORAGE SYSTEMS** ®

**Manufacturers of**

Slotted Angles/Two Tire Rack/Heavy Duty/Racks/Loft & Mobile Racks/Trolleys/Steel Furniture/Super Market, Display Racks.

**Office : B/03, Nyay Sagar, 1st Floor, Old Nagardas Road, Opp. Post Office, Andheri (E), Mumbai-400069. E-mail : cityslotted@rediffmail.com - Website : www.cityslottedsystem.com**
**Cell : 9821924090, Tel. : 26824141, 65001097 - Tele Fax : 26834742**



# મહિલા મંચ

સંપાદિકા : રેખાબેન શુક્લ



## છોકરીઓ સ્વયં પસંદગીના વર નક્કી કરવા લાગી ગઈ છે !



ભારતમાં નવા આર્થિકયુગના મંડાણ સાથે જ હવે કોર્પોરેટ તેમજ નાની મોટી કંપનીઓમાં નોકરીઓની ઓફરો વધવા લાગી છે અને છોકરીઓ પણ હવે વધુને વધુ નોકરી કરતી જોવાઈ રહી છે. સમાજની શિક્ષિત-અશિક્ષિત છોકરીઓમાં પણ હવે નોકરી કરવાની ઈચ્છા વધવા લાગી છે. છોકરીઓ નોકરી શોધવામાં પણ પોતાની પસંદગી વખતે પણ છોકરીઓ જાતે જ ચકાસવા લાગી છે. સામેનું પાત્ર ક્યાં નોકરી કરે છે અને તેનું વાર્ષિક પેકેજ કેટલા લાખ રૂપિયાનું છે. પ્રતિવર્ષ કેટલીવાર વિદેશ ફરવા જાય છે. જ્યાં સુધી વરરાજા નહી પણ વહુરાણીની પસંદગી બાબતે પહેલાના જમાના તરફ નજર માંડીશું તો પહેલી નજર દુલ્હન કેટલી ખૂબસુરત છે, સારું ભોજન બનાવતી હોય, દેખાવડી હોય, ભણેલી-ગણેલી હોય, વિજ્ઞાન-ગણિત જેવા વિષયોમાં હોંશિયાર હોય જેથી કરીને બાળકો માટે કોઈ ટ્યુશન રાખવાની જરૂરત ન રહે. સમાજ સમારંભોમાં - સોસાયટીઓમાં જીવવાલાયક હોય, તેના ઘરમાં સમાનતા હોય અને તેને સાથ-સહકાર-મદદરૂપ બની શકે તેવા તેને ભાઈ-બહેન પણ હોય, એ યુગમાં મહિલાઓની આર્થિક આત્મનિર્ભરતા તરફ જોવાની કોઈને જરૂરત નહોતી પડતી. શિક્ષણનો મતલબ પણ એવો થતો હતો કે તે લખી-વાંચી શકે અને પત્ર લખીને કુશળતા જણાવી શકે, મધ્યમવર્ગ તથા ઉચ્ચ મધ્યમવર્ગની છોકરીઓ ભાગ્યે જ નોકરી કરતી જોવા મળતી હતી. બહુ-બહુ તો શિક્ષકની નોકરીને માન્યતા હતી. પછીથી ટેલિફોન આવતાં ટેલિફોન ઓપરેટર તરીકેની નોકરીમાં જોવા મળતી હતી. પરણિતા માટે તો છોકરાઓ-સંતાનોનું પાલન-પોષણ અને સાર સંભાળ પૂરતી જ ફરજ કાફી મનાતી હતી. વધુમાં વધુ નોકરી કરતી જોવા મળતી સ્ત્રી-છોકરીઓમાં ડૉક્ટર, નર્સ, અધ્યાપિકા, બેંક, ઓપરેટ જેવી નોકરી તરફ નજર મંડાતી હતી. મધ્યમવર્ગની તુલનાએ ગરીબ પછાત વર્ગની મહિલાઓ હંમેશા પોતાના પેટગુજારા ખાતર ખેતરોમાં મહેનત મજૂરી સાથે જોડાયેલા શ્રમમાં જોડાતી હતી.

પણ જ્યારથી સરકાર દ્વારા મહિલાઓ માટે શિક્ષણ અને આત્મનિર્ભરતા પર ધ્યાન અપાવા લાગ્યું અને સામાજિક સંગઠનો મીડિયા અને પરિવારોએ પણ ફોક્સ કર્યું ત્યારથી નાના-મોટા નગરો-શહેરોમાં નોકરી કરનારી મહિલાઓની

# A LEGACY OF OVER 9 DECADES IS SURE TO LEAD YOU AHEAD WITH STRENGTH & GLOBAL BELIEF




The foundation of LILADHAR PASOO is built on strong business ethics and a solid legacy since 1919. Business Partner, Innovator, Industry Expert is what you will find every LILADHAR PASOO professional to be.

Our strength includes a solid know-how combined with an extensive geographical offering. We offer global reach being a complete one stop supply-chain solution provider, present in 170 countries worldwide.

LILADHAR PASOO is the only partner you need in logistics.

57, Mulji House,
41-45, Devji Ratansey Marg.,
Dana Bunder, Masjid (East),
Mumbai-400 009. India.
Tel. : +91-22 6616 6900. +91-22 6743 1800
Fax : +91-22 6616 6966, +91-22 6631 1875
E-mail : info@liladharpasoo.com

Liladhar Pasoo LP
FUTURISTIC SINCE 1919

kreaté-12072012

www.liladharpasoo.com

સંખ્યામાં જોરદાર વધારો જોવાઈ રહ્યો છે અને કોઈ પણ ક્ષેત્ર એવું ભાગ્યે જ જોવા મળશે જેમાં મહિલા કર્મચારીઓ ન હોય, મહિલાઓ-છોકરીઓ ભલે નોકરી કરતી હોય પણ તેમને માટે રસોઈ એ પણ સારી બનાવતા આવડવું એ અન્યને મહત્ત્વની બાબત ગણાય છે અને સંબંધ નક્કી થતાં પહેલા ઘણી વાર એવી શરત પણ રખાય છે કે ભોજન તેણે જાતે જ બનાવવાનું રહેશે. પણ અત્યારે પરિસ્થિતિ ઘણી પલટાઈ ગઈ છે. છોકરીના માતાપિતા પહેલેથી જ ચોખવટ કરી લે છે કે અમારી દીકરી ભણી રહી હોવાથી કારકિર્દીને દહેશત ન પહોંચે તે ખાતર અમે તેને રસોઈ બનાવતા શીખવાડ્યું જ નથી એટલે એને રસોઈ નથી આવડતી. પછીથી તે ધીરે ધીરે શીખવા પ્રયત્ન કરી શકે છે. ઘણી છોકરીઓ ભણવામાં અવ્વલ નંબર લઈ આવી ગોલ્ડમેડલ હાંસલ કરીને તરત જ કૅમ્પસ પ્લેસમેન્ટ મેળવી કોઈ લાખો રૂપિયાના પૈકેજ મેળવી લે છે. ખૂબ કમાય છે અને ચોખ્ખું જણાવી દે છે કે હું શા માટે રસોઈ બનાવું. હું આટલું બધું કોના માટે કમાઉ છું. સવારે દફતરે જવા નીકળી ગયા બાદ મોડી સાંજે ઘરે પાછી ફરે ત્યારે ઘરે આવીને રસોઈ ખાવાને બદલે બારોબાર હોટલમાં ખાઈપીને ઘરે આવે છે અને ઘર માટે પાર્સલ લઈ આવે છે અને ઘરમાં રસોયણ પણ ગોઠવી લે છે. સાસરિયાઓ પણ દરેક સગાં-વહાલાંને ગૌરવભેર કહેતા ફરે છે કે અમારી પુત્રવધૂને રસોઈ આવડતી જ નથી અને બનાવવાતી પણ નથી, તેને તો વળી બાળકો પાસે પસાર કરવાનો પણ સમય નથી.

આ જમાનામાં છોકરીઓનો પોતાને માટે પતિ પસંદ કરવાનો માપદંડ પણ બદલાઈ ગયો છે. છોકરીઓ પણ છોકરા જેવી બની ગઈ છે. આ એક મોટો બદલાવ છે. છોકરીના માતા-પિતા પણ ભાવિ જમાઈ શોધવા જવાની કોશિશ નથી કરતાં, સામેથી જ છોકરાને ઓફર આપી દે છે કે તારી નજરમાં કોઈ સારો અનુકૂળ છોકરો કોઈ હોય તો તું તેને ઓફર આપી શકે છે. કેટલાક મા-બાપ તો લગ્ન બાદ છોકરી કેટલી મિલ્કતની વારસદાર બની શકે તેમ છે તે ધ્યાનમાં રાખી છોકરીને પસંદગીનો રસ્તો બતાવી દે છે. અત્યારના યુગની છોકરીઓ તમે ગમે તે માનો ખરેખર ભાગ્યશાળી તો છે જ, કારણ કે તેમને તેમની જિંદગીના મામલામાં તેના શિક્ષણ તથા તેના પરિવારની ભૂમિકા મહત્ત્વનો રોલ ભજવે છે. જુના જમાનાની દુલ્હન પસંદગીની પ્રક્રિયા તદ્દન ખોરંભે પડી ગઈ છે. તેઓ સ્વીકારી લે છે કે છોકરીઓ જ્યારે નવા જમાનાની આઝાદ બની ગઈ હોય પછી તો તે પોતાની સમસ્યાઓ પણ આસાનીથી હેન્ડલ કરી લેશે. છોકરીઓ અગર નોકરીને કારણે ઘરના કામકાજ જવાબદારી પ્રત્યે પૂરતો સમય ન ફાળવી શકે તો પણ કોઈના પણ તરફથી કોઈ ફરિયાદ નથી થતી. પહેલા પિયરિયાં અને પછીથી સાસરિયા પણ સ્વીકારી લે છે કે છોકરી કે વહુ આખો દિવસ ઘરની બહાર રહેતી હોય પછી તેને સમય ક્યાંથી મળે? છોકરીઓની આત્મનિર્ભરતાએ પણ સાબિત કરી આપ્યું છે કે સમાજને ચલાવવાની અસલ ચાલકશક્તિ તો પોતાના પર્સના પૈસા જ છે. સારી આવક રળી આપતી હોય એટલે ઘર-પરિવાર-સસુરાલમાં માન-પાન વધતાં રહે છે. કમાઉ વહુ સૌને પ્યારી લાગે છે. કારણ કે ઘરની આર્થિક સ્થિતિનો આધાર મુખ્યત્વે તેના પર જ છે. અત્યારના સમયમાં માતા-પિતા દ્વારા નક્કી કરાયેલા વિવાહ-સગપણમાં છોકરા અને છોકરીના મા-બાપ પહેલાં એ જ પૂછે છે કે છોકરો-છોકરી કેટલું કમાય છે અને છોકરીનાં મા-બાપ તો જમાઈ પોતાની છોકરી કરતાં વધારે કમાતો જ હોવાનો આગ્રહ રાખે છે અને કદાચ જ્યારે એમ બને કે પતિ-પત્નીની કમાઈમાં પત્નીની આવક વધારે છે ત્યારે પણ સાસરિયા તો એ સ્વીકારે છે, ખુલ્લા દિલે સ્વીકારે - આવકારે છે, પણ બીજી બાજુ છોકરીઓ પણ ઉદારતા દાખવે છે કે પોતે પતિ કરતાં વધારે કમાતી હોય તો એમાં કંઈ ફરક નથી પડતો. મુખ્ય વાત તો એ જ છે કે પરસ્પર સમજુતિ હોવી જોઈએ. પરસ્પર વિશ્વાસ આદર સત્કાર સાથે મોટું દિલ હોવું ખાસ જરૂરી છે. કારણ કે ઘણીવાર છોકરી એટલું બધુ કમાતી હોય છે કે તેના કરતાં વધુ આવકવાળા મનમેળવાળા સમાન શિક્ષિત છોકરા મળવા મુશ્કેલ બને છે.

વર્તમાન યુગમાં હવે છોકરીઓના માતા-પિતા છોકરીઓને પોતાનો જીવનસાથી શોધવા માટે છોકરીઓને જ છૂટ આપી દે છે અને પોતે જવાબદારીમાંથી છટકી જાય છે. છોકરીની પસંદગીનો માતા-પિતા સહર્ષ સ્વીકાર કરી લે છે. બીજી બાજુ છોકરીઓ પણ છોકરાના પેકેજની તુલનાએ એ વાતને જ પ્રાધાન્ય આપે છે કે છોકરો વાસ્તવમાં પોતાનો જીવનસાથી બનવાને લાયક છે જ ને. પોતાના મોજશોખ-પિયર પક્ષ પ્રત્યે ઉદારભાવના વાળો છે જ ને. આ પ્રકારની સ્વતંત્ર પસંદગીમાં જાતિ-ધર્મની દિવાલો-સાંકળો તૂટી જાય છે. પતિ-પત્નીની સમજૂતિ મુખ્ય પત્નિની વ્યસ્તતા હોય ત્યારે પતિ ઘરમાં રહીને બધા કામકાજ સંભાળી લે છે. ઘરકામમાં મદદમાં કોઈ શરમ-સંકોચ નથી અનુભવતા. છોકરાઓ હવે સમજતા થઈ ગયા છે કે પતિ એટલે ધણી-માલિક નહી અને પત્ની ગુલામ નહીં. ઘર ચલાવવા પરિવાર નિભાવવા બંનેની સમાન જવાબદારી છે. ❁

# બાળકનું માન જળવાય એ રીતે માબાપે વર્તવું જોઈએ

■ ડૉ.સ્વાતિ નાયક



સલોની જયારથી કોલેજમાં આવી ત્યારથી એણે સ્કૂલના છોકરાઓને ટ્યૂશન આપવાનું શરૂ કરી દીધું હતું. એ સુંદર હતી, એની બોલવાની છટા, પ્રેમાળ સ્વભાવ અને તેજસ્વિતાથી એને ટૂંક સમયમાં ઘણાં ટ્યૂશન્સ મળવા લાગ્યા હતા. એની બચતનો આંકડો મોટો થવા માંડ્યો હતો. જોકે એના પપ્પા અનિલભાઈ અને મમ્મી અવનીબહેન બંને નોકરી કરતા હતા એટલે પૈસાની કમી તો નહોતી. જે માંગે તે મળતું હતું. અલબત્ત, અનિલભાઈ એને પૈસા આપે ત્યારે સતત કહેતા કે પૈસા સંભાળીને વાપરવા અને બચાવતા શીખવું. પૈસા કમાતા મહેનત પડે છે, પૈસા ઝાડ પર નથી ઊગતા એટલે વાપરતા પહેલાં વિચાર કરવો વગેરે વગેરે. એટલે પૈસાના મહત્ત્વને સલોનીએ જરા વધારે ગંભીરતાથી લીધું અને નાની ઉંમરથી કમાવાનું શરૂ કરી દીધું. એ વાતથી અનિલભાઈ ખુશ પણ હતા કે દીકરી કમાશે તો પૈસાના મહત્ત્વને સમજશે અને ગમે તેમ ખર્ચાઓ નહીં કરે.

પણ આજે સહેજ પણ વિચાર કર્યા વગર સલોનીએ કોન્સર્ટમાં જવા માટે પાંચ હજારની ટિકિટ લઈ લીધી. એક તો શહેરના સૂમસામ વિસ્તારમાં થનાર એ કોન્સર્ટના વાતાવરણ માટે અવનીબહેન અને અનિલભાઈ સારો અભિપ્રાય નહોતો ધરાવતાં ઉપરથી એકબે કલાકના એવા કાર્યક્રમ માટે પૈસા ખૂબ વધારે હતા અને ત્રીજું સલોની અત્યારથી આવા શોખ રાખે તો એમાં ઘણાં જોખમ હતા. પૈસાની બરબાદી ઉપરાંત ખરાબ સોબત, ખોટાં વ્યસનો બધાં જ જોખમો રહેલાં હતા.

'જો બેટા, તું કોન્સર્ટમાં જાય એનો વાંધો નથી પણ સમય રાતનો છે.'

'કોન્સર્ટ સવારે ન હોય મમ્મી.' 'તું એકલી, તને હું મૂકી તો જાઉં પણ લેવા આવવાનો સમય ક્યારે હોય અને એ સમયે રસ્તાઓ લગભગ બ્લોક થઈ જતાં હોય છે. હજારોની મેદનીમાં તને શોધવી.' 'પપ્પા, મેં કહ્યું તમને? મારા કોલેજના ફ્રેન્ડસ આવવાના છે. તમે ચિંતા ન કરો. એમ? એમાં તો છોકરાઓ પણ હશે...'

'છોકરાઓ જ છે, એમની કારમાં જઈશ.' બેટા, અમને તારી ચિંતા થાય છે. આવી જગ્યાએ દારૂ, ડ્રગ્સ... 'પપ્પા, એ લોકો કંઈ પણ કરે, આપણે શું?'

'તો પણ, હું તને આવી જગ્યાએ મોકલવા માટે સંમત નથી.'

'મેં ક્યાં તમારી પરવાનગી માંગી? મમ્મી, પપ્પા આ મારો નિર્ણય છે. હું મોટી થઈ ગઈ છું...' 'એટલી મોટી નથી થઈ કે તારે અમારી પરવાનગીની જરૂર ન પડે.'

'શું કામ પડે? હું કમાઉ છું અને હું ખર્ચ કરું એમાં તમારી પરવાનગી ક્યાં આવી? અને હું વીસ વરસની થઈ છું, મેચ્યોર છું, મોર્ડન છું, એટલે વધુ માથાકૂટ ન કરો. હું જઈશ કોન્સર્ટમાં.'

સલોની જેવાં બાળકો ઘરેઘરે છે. આજકાલ બાળકો જલદી કમાતા થાય ત્યારે થોડાં સ્તતંત્ર પણ બની જતાં હોય છે. તેમાંય જો સારું ભણી જાય અને સારી નોકરી મળી જાય તો તો માબાપ જે પગાર આખી જિંદગી નોકરી કર્યા પછી મેળવે તે પગાર બાળકોને શરૂઆતથી જ મળી જતો હોય છે. અલબત્ત, બાળકો પોતે સારું-નરસું સમજીને પછી એ પ્રમાણે જીવે તે વાત આવકાર્ય છે પણ નાની ઉંમરે માત્ર કમાતાં થવાથી મેચ્યોર થવાતું નથી. સમજદાર થવાતું નથી એ વાત બાળકો સ્વીકારતાં નથી. પોતાનો પગાર કોઈને આપતાં નથી ઉપરાંત એનો મનફાવે તેમ ખર્ચ કરે છે અને માબાપની સલાહની કે પરવાનગીની હવે જરૂર નથી એમ માની લે છે.

આથિક સ્વતંત્ર હોવું અને પોતાના વડીલોને અવગણવા એ બે અલગ વાત છે. આવું કેમ બને છે? કેમ બાળકો સ્વચ્છંદી બની જાય છે એ હવે તરત વિચારવું પડે એવો પ્રશ્ન છે. એક

તો માબાપ બાળક નાનું હોય ત્યારે જાણેઅજાણે એના મનમાં પૈસાનું મહત્ત્વ જરા વધારે પડતું આંકી દે છે. 'તું કહ્યું નહીં કરે તો તને ચોકલેટ નહીં લઈ આપું. તું પહેલો નંબર લાવીશ તો તને સાઈકલ અપાવીશ.'

માબાપના અધિકાર ક્ષેત્રમાં આવતી તમામ બાબતોને પૈસા સાથે જોડવી યોગ્ય નથી. જેમ કે, 'તારે અમારું અને ટીચરનું કહ્યું કરવું જોઈએ. નથી કરવું તો એના કારણ આપવાં જોઈએ. સાચાં હશે તો અમે તારું કહ્યું કરીશું. તું ભણવામાં હોંશિયાર છે. થોડી મહેનત વધારે કરે તો પહેલો નંબર તો પાક્કો જ... અથવા તોફાન કરે ત્યારે તને અને ઘરને નુકસાન થાય છે એ સમજવા જેટલો મોટો તું થઈ ગયો છે.'

'અને બીજી બાજુ આજે ચોકલેટ ખાઈશું? હવે તારે સાઈકલ શીખવી છેને? ચાલ આપણે એક સાઈકલ લઈએ, તારે પિકનિક જવું છે? ત્યાં શું કરીશ? બધા સાથે રહેવાનું અને ટીચર કહે તેમ કરવાનું, મોટાઓને તમારી ચિંતા હોય છે. એમને સાચાખોટાની ખબર હોય છે.'

ક્યારેય બાળકને એવું ન કહો કે તમે કમાવ છો અને એને પૈસા આપો છો એટલે બધા નિર્ણયો તમે જ લઈ શકો છો. એમ થશે તો બાળક જેવું કમાતું થશે કે તરત સ્વચ્છંદી અને ઉધ્ધત થઈ જશે, પણ એ મનથી તમને માબાપ તરીકે આદર આપતું હશે તો એના પૈસાનું શું કરવું એની અથવા એણે જે કરવું છે એ સાચું છે કે કેમ એ અંગે માબાપની સલાહ ચોક્કસ લેશે. બાળક નાનું હોય ત્યારે એના પર જેટલું ધ્યાન અપાય છે એટલું ટીનેજમાં પણ આપવું જરૂરી છે અને એ માટે બાળકનું માન જળવાય એ રીતે એની સાથે વર્તવું તો જ ભવિષ્યમાં એની પાસે પૈસાની સ્વતંત્રતા આવે તો પણ એ માબાપનું માન જાળવશે.

❀

## મેહુલો

પુરી રંગતમાં આજ
ખીલ્યા છે મેઘરાજ
છે વરસાદનો માહોલ જરા
બહાર તો આવો
વહેતું પાણી ખળખળ
ઉતરી આવ્યું ગલીમાં
છે જોયા જેવો ખેલ જરા બહાર
તો આવો
મેઘ કરે ગર્જનાને
ચમકી જાય છે વીજળી
આજ જામ્યો છે તાલ-મેલ જરા
બહાર તો આવો
તુપ્ત થઈ ગઈ તરસી ધરા
ને આવી માટીની મહેંક
માગ્યો કળશો આપી હેલ જરા
બહાર તો આવો
ટહુકા ઉપર ટહુકા કરી
થનગન નાચે મોર
ને આજે રંગતે ચડી છે ઢેલ જરા
બહાર તો આવો

■ **મણિલાલ ડી. રૂધાણી - રાણાવાવ**




# સિઝેરિયન શા માટે?

■ ડૉ.નમ્રતા ઉપાધ્યાય



માતૃત્વ દરેક સ્ત્રીને માટે એક લ્હાવો છે. માતા બનવું એ પ્રકૃતિની એક એવી બક્ષિસ છે, જેને માટે દરેક સ્ત્રી મોટામાં મોટી તકલીફ સહન કરવા તૈયાર રહે છે, જ્યારે વંધ્યત્વ એ મહિલાઓ માટે અભિશાપ મનાય છે. સ્ત્રી એ તો જગતની ઉત્પત્તિનું દ્વાર છે અને સ્ત્રી જ્યારે ગર્ભ ધારણ કરે ત્યારે તેને હંમેશા કરતાં વિશેષ ધર્મ અને નિયમો જાળવવાનાં હોય છે. આ નિયમોનું જો સાંગોપાંગ પાલન થાય તો પ્રસૂતિ સફળ બને છે, ડિલીવરી નોર્મલ થાય છે. ગર્ભાવસ્થામાં પાળવા માટેના નિયમોમાં સ્ત્રીએ પોતાના દેહ વર્તણુંક અને એની દુનિયાને સાચવી લેવાની હોય છે. પ્રસૂતિશાસ્ત્ર એ ગહન સક્રિય અને ચાણક્યતા ભર્યો વિષય છે અને સરળતાપૂર્વક સ્વસ્થ બાળકને જન્મ આપવો એ અત્યંત કાળજીભર્યું કાર્ય છે. અત્યારના યુગમાં આ બાબતે અદ્યતન હોસ્પિટલો અને સર્જરી સાથેની મીડ વાઈફો પણ ઉપલબ્ધ છે. પણ સંતાન પકવવું એ અત્યંત કપરું કાળજીપૂર્વક કાર્ય છે. આમ તો ગર્ભ રહ્યાથી માંડીને પ્રસવકાળ આવે ત્યાં સુધીની ક્રિયા કુદરત પોતે જ સંભાળપૂર્વક કરે છે, પણ અત્યારના યુગમાં ગર્ભાવસ્થાની આચારસંહિતા ઉપરાંત સગર્ભાવસ્થા દરમ્યાન સગર્ભાએ ડૉક્ટર પાસે નિયમિત તપાસ કરાવતા રહેવું જરૂરી છે. આ તપાસમાં સામાન્ય રીતે પહેલા છ માસ સુધી દર મહિને અને ત્યારબાદ છેલ્લો માસ બેસે ત્યાં સુધી દર પંદર દિવસે અને છેલ્લા માસમાં દર અઠવાડિયે તપાસ કરાવવી જરૂરી છે. આ તપાસમાં સ્ત્રીની શારીરિક તપાસ ઉપરાંત લોહીનું દબાણ, પેશાબની તપાસ, વજન લોહીનું ગ્રુપ, લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ તેમજ અલ્ટ્રાસાઉન્ડ એટલે કે સોનોગ્રાફીની તપાસ કરવામાં આવે છે અને તેના દ્વારા બાળકમાં કોઈ ખોડખાંપણ તો નથીને? તેની ખાત્રી કરાય છે. તપાસમાં આવેલ વિગતોના આધાર પર જરૂરી ગોળી (ટેબ્લેટ) અને દવા અપાય છે. સામાન્ય રીતે સુખદ પ્રસૂતિ એટલે બાળક માતાને કોઈ ઈજા પહોંચાડ્યા વિના કુદરતી માર્ગે-યોનિ માર્ગે જેમાં બાળકનું માથું પ્રથમ અવતરે તેને કહેવાય છે. બાળકનું માથું બહાર આવ્યા પછી બીજા અંગ-ઉપાંગો બહાર આવવામાં સાધારણ રીતે મુશ્કેલી નથી પડતી. પણ કેટલીકવાર ગર્ભને બહાર ધકેલનાર અવયવની ખામીને કારણે કે પછી નીકળવાના માર્ગની ખામીને લીધે કે ગર્ભમાં પોતાનામાં ખામીને કારણે અસ્વાભાવિક પ્રસવ થાય છે. બાળક પગેથી હોય અથવા આડું હોય અને ડૉક્ટર પણ પોઝિસન ફેરવી શકે તેમ ન હોય અથવા બાળક છેક સુધી આડું જ હોય ત્યારે સિઝેરિયન ઓપરેશન જરૂરી બને છે. પરંતુ ક્યારેક સગર્ભા સ્વયં જ પોતાની ધીરજ ખૂટી જાય ત્યારે પ્રસૂતિના કૃત્રિમ ઉપાય રૂપે સિઝેરિયન પ્રસૂતિની સહાય લે છે. સિઝેરિયન ક્યારે અને કેમ કરાવવું જોઈએ તેની જાણકારી પણ જરૂરી છે. કારણ કે ઘણીવાર છેલ્લી ઘડીએ એટલે કે પ્રસૂતિની તારીખના બે દિવસ બાદ છેક સુધી નોર્મલ રહેલા કેસમાં પણ પ્રસૂતિની પ્રગતિ યોગ્ય નથી તેમ જણાવી અથવા પ્રસૂતિ પહેલાં પાણી છૂટ્યું, પણ ગર્ભાશયનું મુખ ન ખુલ્યું તેમ જણાવી સિઝેરિયનનો આગ્રહ રાખે છે. અત્યારના યુગમાં ખાનગી પ્રસૂતિગૃહોમાં સિઝેરિયનનું પ્રમાણ હદ બહાર વધી રહ્યું છે. કેટલાંક ખાનગી પ્રસૂતિગૃહો તો સામાન્ય પ્રસૂતિની પળોજણમાં જ નથી પડતા, જે ચિંતાની બાબત ગણાય. સિઝેરિયન એક મોટું અને જોખમભર્યું ઓપરેશન છે. તેની ડૉક્ટર કુશળ નિષ્ણાત હોય તો જોખમ ઘટી જાય છે અને શિશુની સુરક્ષા પણ સલામત બને છે. સિઝેરિયન એ સામાન્ય કુદરતી પ્રસૂતિ તો નથી જ, સિઝેરિયન એક્સન એક કૃત્રિમ પ્રક્રિયા છે.

સિઝેરિયન એ પેટની દિવાલ તથા ગર્ભાશય પર પાંચ-છ ઈંચ લાંબો ચીરો મૂકીને શિશુને બહાર લાવવાની શસ્ત્રક્રિયા છે, જે બેભાનવસ્થામાં જ થાય છે અને તેમાં આઘાત, લીમિટ બહાર રક્તસ્ત્રાવ, ચેપ સહિતની અનેક મુશ્કેલીઓ સામાન્ય પ્રસૂતિની તુલનાએ રહેલી છે. સિઝેરિયન પ્રસૂતિ પશ્ચાત કમજોરી, કમરદર્દ, પેટ ભારે લાગવું તથા તેમાં વેદના, ઉઠબેસમાં પણ તકલીફ તેમજ શિશુને બેસીને સ્તનપાન કરાવવામાં તકલીફ પડવી જેવી મુશ્કેલીઓ દીર્ઘકાળ સુધી ભોગવવી પડે છે. સિઝેરિયન પછી મૂળ સ્થિતિએ સંપૂર્ણપણે પાછા આવવામાં બે-ત્રણ મહિનાઓ વીતી જાય છે. જ્યારે નોર્મલ ડિલિવરીમાં મહિલા એકાદ મહિનામાં જ નોર્મલ થઈ જાય છે. સિઝેરિયન પછી તો પ્રસૂતાને અઠવાડિયે રજા મળે છે જ્યારે નોર્મલ ડિલીવરીમાં તો બે-ત્રણ દિવસમાં જ રજા મળી જાય છે. સિઝેરિયન અને નોર્મલ ડિલિવરીના ડૉક્ટરના બિલમાં પણ ઘણો તફાવત રહે છે. સિઝેરિયન પછી ટાંકાનો દુઃખાવો, ટાંકા તૂટી ન જાય તેની બીકને કારણે પ્રસૂતિ મહિલાને લાંબા સમય સુધી પથારીમાં આરામ ફરજિયાત બની જાય છે. તેને વધુ સમય ઉઠબેસ તથા હરવાફરવા પર પણ પ્રતિબંધ ભોગવવો પડે છે. આશરે ત્રણ મહિના પછી જ તે રેગ્યુલર એક્સરસાઈઝ કરી શકે છે. જ્યારે સામાન્ય પ્રસૂતિમાં તો બે અઠવાડિયા પછી પણ એક્સરસાઈઝ શરૂ કરી શકે છે. વળી પ્રસૂતાને ઘણાં લાંબા સમય સુધી સહાયનો હાથ લંબાવવો પડે છે. સામાન્ય પ્રસૂતિમાં આવી કોઈ સહાય-સહારાની જરૂરત નથી પડતી. સિઝેરિયન વાળીના ટાંકા બરાબર જોડાય અને કમજોરી ન રહે તે હેતુથી વિશિષ્ટ આહારની જરૂર પડે છે, જેનાથી સ્થૂળતા પણ વધી શકે છે. સામાન્ય પ્રસૂતિની તુલનાએ સિઝેરિયન પછી સ્થૂળતાની શક્યતા વધુ રહે છે.

સિઝેરિયનનો ચીરો એ મહિલાના શરીરમાં હંમેશની હાનિ છે. પેટના સૌથી નીચેનાં ભાગે અને ગર્ભાશય પર મૂકાયેલ ચીરો ગમે ત્યારે અલગ અલગ વિકૃતિઓ તથા જટિલતા જન્માવી શકે છે. લાંબા સમયનો ચેપ, અંગો આંતરિક રીતે જકડાઈ જવા-ચોંટી જવા, ચીરાની આસપાસ માસિકનું લોહી ભેગું થઈ જવું અર્થાત્ એન્ડ્રોમેટ્રિયોસિસ, એબીજનમાં આંતરડા ફસાઈ જવા તેમજ સારણગાંઠ વગેરેને લીધે મહિલાને વર્ષો પછી પણ સમસ્યાનો સામનો કરવો પડે છે. કોઈ મહિલાને તો વર્ષો સુધી ટાંકા ખેંચાવાની પણ સમસ્યા રહે છે. એમાં પણ બે-ત્રણ સિઝેરિયન વાળી મહિલાને તો તે જગ્યાની વિકૃતિ આજીવન વેદના આવે છે. આ પ્રકારના કેસોમાં ગમે તે કારણે મહિલાના ગર્ભાશય કાઢી નાખવાની જરૂરત આવી પડે ત્યારે તો મહિલાને મુશ્કેલીનો પાર નથી રહેતો અને ઓપરેશન પણ અત્યંત મુશ્કેલ જોખમી-જટિલ થઈ જાય છે. નોર્મલ ડિલીવરીમાં આવી જાતની મુશ્કેલીઓ આવી પડવાની શક્યતા જ નહીવત રહે છે. પણ બીજી બાજુ ગર્ભાશયના નીચેના ભાગે અપરા-પ્લાસેટા લગભગ કે સંપૂર્ણપણે સ્થિર થઈ જાય (મેજર ડિગ્રી પ્લેસેંટા), સાંકડો પ્રસવમાર્ગ (કોન્ટ્રેકટેડ પેલ્વિસ), પ્રસવ માર્ગમાં બીજા અવરોધ, પૂર્ણ કાલીન આડું બાળક (ટ્રાન્ઝવર્સ લઈ) પ્રસવ માર્ગના પ્રમાણમાં મોટું બાળક, અગાઉ પણ ગર્ભાશય પર ચીરો મૂકાયેલ સિઝેરિયન વિ.માં સિઝેરિયન અનિવાર્ય થઈ પડે છે. આ ઉપરાંત પણ બીજા કારણો પણ હોઈ શકે છે, આવા કારણોમાં ગર્ભાશયનું મુખ ન ખોલવું અથવા ધીમેથી ખુલવું, શિશુનું યોગ્ય રીતે ન સરકવું, શિશુની ધડકન ઓછી કે વધારે કે પછી શ્વાસ રૂંધાતો હોવાની આશંકા, અનુચિત પ્રસવ પ્રગતિ, સમય અગાઉ પાણી છુટવું, પ્રસૂતિ લાંબી ખેંચાવી, અસામાન્ય-અસહાય વેદના થવી, ગર્ભપ્રેરિત હાઈ બી.પી., પ્લાસેંટોનું તેના પોતાના સ્થાનેથી ખસી જવું કે પછી આવી આશંકા થવી, ૩૦ વર્ષ કરતાં વધુ વયે પ્રથમ પ્રસૂતિ



થવી, વધારે પડતી દવાઓના સેવનથી રહેલો ગર્ભ, માતામાં કોઈ વિશેષ રોગ હોવો, પ્રસૂતિની તારીખ પસાર થઈ જવી, પાણી ઓછું હોવું, પાણીમાં શિશુમળ ભળી જવો વિ.

મુખ્ય તૈયારી એ છે કે - સામાન્ય પ્રસૂતિ જેવી કુદરતી ક્રિયાની ચેલેન્જ ન સ્વીકારવી, શારીરિક પરિસ્થિતિ નોર્મલ ડિલીવરીને અનુકૂળ હોવી, દિનચર્યામાં વ્યાયામ અને શારીરિક શ્રમનું પૂરતું ધ્યાન, સગર્ભાવસ્થામાં શરીરના સ્નાયુઓ તથા પ્રસવ માર્ગ વિ.ને તૈયાર - અનુકૂળ કરવા તથા પ્રસવ પીડાનો મુકાબલો કરવા પૂરતું મનોબળ હોવું તેમજ પ્રસૂતિ કરાવનાર ચિકિત્સકનો અનુભવ, કુશળતા, માસ્ટરી તથા પરિપક્વતાનો પણ સિઝેરિયન પર પ્રભાવ પડે છે. અત્યારના યુગમાં કોમર્શીયલ ડૉક્ટરો સિઝેરિયનને જ ધ્યાનમાં લે છે. બીજું કેટલાક ડૉક્ટરોનું માર્કેટીંગ (સીધું કે આડકતરું) ખૂબ જ હોવાથી તેને ત્યાં ગર્ભિણીઓનો ધસારો વધુ રહેતો હોય છે. કેટલાક ડૉક્ટરો પ્રમુખ સમાચારપત્રોમાં કોલમ ખરીદી લઈ પોતાને ભગવાન જેવા પ્રસૂત કરી ગર્ભિણીઓને પોતાના ક્લિનીકનો સ્રોત બતાવી દેતા હોય છે. પરિણામ સ્વરૂપ અધિકતમ વ્યસ્તતા વશ - વધુ કમાણી માટે, દર કલાકે ફટાફટ સિઝેરિયન કરતાં રહે છે, તેમને માટે પૈસાનું કલેક્શન જ મહત્ત્વનું હોય છે. એટલે આ બાબત પણ સિઝેરિયનના નિર્ણય પર અસરકર્તા નીવડે છે. વળી આધુનિક યુગમાં અગવડ તથા શારીરિક પીડા વેઠવી જેવી બાબતો નીગ્લેક્ટ કરાય છે. જેમ બને તેમ છૂટા થઈ જવાની બેબાકળી હોય છે, વધુમાં પ્રસૂતા સાથે રહેલા સગાસંબંધીઓની ધીરજ ન હોવી, ઘડીપડી પ્રસૂતા તથા બાળક બાબત ચિંતા કર્યા કરવી, સમય પસાર થઈ રહ્યો હોય તેની વ્યાકુળતા, હવે ક્યાં સુધી સહન કરવું જેવી લાગણી વ્યક્ત થવી, બાળકને કંઈ થઈ તો નહીં જાય ને તેવી આશંકાઓ કર્યા કરવી. આવી બાબતોની પણ ડૉક્ટર પર જરૂર અસર પડે જ છે. પ્રસવ ક્રિયા પર માનસિક તાણની અસર પડે અને તેને લીધે પણ અસામાન્ય પરિસ્થિતિ ઉદ્ભવી શકે છે અને મનોમન સિઝેરિયન કેમ નહીં, એવા વિચારો અથડાતાં રહે છે. ડૉક્ટરને પણ ખબર હોય છે કે આવા તંગ વાતાવરણ શિશુના જન્મ પશ્ચાત જ શાંત થઈ શકે છે. આ રીતે સિઝેરિયનની વધતી જતી સંખ્યા માટે સગર્ભા મહિલાઓ તેના સગાંવહાલાઓ અને ડૉક્ટરોની માનસિકતા પણ જવાબદાર બની શકે છે.

એક બાબત ખાસ ધ્યાનમાં લો કે - નોર્મલ ડિલીવરી એ પ્રકૃતિની અમૂલ્ય બક્ષિસ છે, મહિલાશક્તિનું ગૌરવ છે. માતૃત્વ ક્ષમતાને સંપૂર્ણપણે સાબિત કરી આપવાની સુખદ પળ છે. માટે મહિલાઓએ પોતાની જાત અને મનને સામાન્ય પ્રસૂતિ માટે તૈયાર કરવી, પ્રસવક્રિયાને સારી રીતે સમજવી. આ માટે સ્થપાયેલ કેળવણી કાર્યક્રમોમાં નિયમિત ભાગ લેવો, શ્રોણી, જાંઘ, તેમજ પ્રસવ માર્ગ આસપાસના સ્નાયુઓને મજબુત અને સક્ષમ બનાવવાથી નોર્મલ ડિલીવરીની શક્યતા મોટેભાગે બની રહે છે, પ્રસૂતિની પીડા પણ નહિવત રહે છે અથવા સહય થઈ જાય છે. પ્રસૂતિ યોગ્ય અને સુલભ બની જાય છે. પશ્ચિમના દેશોમાં તો મોટાભાગની મહિલાઓ પોતાની જાતને સામાન્ય પ્રસૂતિ માટે તૈયાર કરે છે. ત્યાં તો આ આધુનિક વિચારસરણી છે, પણ ત્યાંની મહિલાઓની જાગૃતિને કારણે ત્યાંની મહિલાઓમાં ૩૦ વર્ષની વયની બાદની પ્રથમ પ્રસૂતિ પણ સામાન્ય નોર્મલ થવી એ સામાન્ય બાબત બની ગઈ છે.




WE OFFER A VAST RANGE OF SERVICES CUSTOMISED TO SUIT BOTH CORPORATES AND INDIVIDULAS

LIC
भारतीय जीवन बीमा निगम

**૧૯૯૯થી કાર્યરત**
**C.M. Club મેમ્બર**
**M.D.R.T. ક્વોલીફાઈડ**
**ઓર્થોરાઈઝડ L.I.C.પ્રિમિયમ કલેક્શન સેન્ટર**

- LIFE INSURANCE PLANNING
- REITREMENT PLANNING
- INVESTMENT PLANNING
- TAXATION PLANNING
- MEDICLAIM
- VEHICLE INSURANCE
- PROPERTY, SHOP, WAREHOUSE, FACTORY ETC INSURANCE
- PERSONAL ACCIDENTPOLICY

**શૈલેશ શામજી જેવત મારૂ (બીદડા)**

**જીવન વીમા તથા રોકાણ યોજનાઓના સલાહકાર**

Shree Sankalp Flat No.1601,
G.B. Road, Near Vedant Hospital,
Kasar Vadvali Thane (W) 400615
મો.: 9869154666, 7021907705
Email : shaileshsmaru@yahoo.com

**બાંદરા સુધરાઈ, થાણા લોકલ બોર્ડ, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મુંબઈ વિધાનપરિષદ થઈને દેશની મધ્યસ્થ ધારાસભાના પ્રથમ અધ્યક્ષપદે પહોંચનાર ગરવા ગુજરાતી રાજપુરુષ...!**

# સંસદીય પ્રણાલીના પુરસ્કર્તા : વિઠ્ઠલભાઈ પટેલ

## ૨૭-૯-૨૦૨૩ : ૧૫૦મી જન્મજયંતી (સુવર્ણ શતાબ્દી)


■ ભરત'કુમાર' પ્રા.ઠાકર, વૃન્દાવન નગર, અંજાર (કચ્છ) ૯૪૨૭૨ ૨૩૧૫૦

**આ**ઝાદીના સંક્રાંતિકાળમાં રાષ્ટ્રીય ક્ષિતિજે ઉદય પામેલા ગુજરાતના અનેક રાજપુરુષોમાં સરદાર વલ્લભભાઈ પટેલ (૧૮૭૫-૧૯૫૦)ના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ પટેલ દેશના રાષ્ટ્રવાદી આંદોલનના દિગ્ગજોમાંના એક હતા. આપણા દેશમાં સંસદીય પ્રણાલીનો સફળતાપૂર્વક અમલ કરાવવાનું માન કાયદાના જ્ઞાતા અને કુશળ સંસદવિદ્ વિઠ્ઠલભાઈ પટેલના ફાળે જાય છે, જેનો આ મહિને સાર્ધ શતાબ્દીનો અવસર પડે છે.

### સફળ વકીલ તરીકે પ્રતિષ્ઠા

મધ્ય ગુજરાતની ચરોતર ભૂમિમાં આજના આણંદ જિલ્લાના કરમસદના વતની એવા વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલનો જન્મ સાધારણ ખેડૂ પરિવારમાં આજથી બરાબર દોઢસો વર્ષ પહેલાં ૨૭ સપ્ટેમ્બર, ૧૮૭૩ના મોસાળ નડિયાદ (જિ.ખેડા) ખાતે થયો હતો. તીવ્ર સ્મરણશક્તિ ધરાવતા બાળ વિઠ્ઠલે કરમસદ-નડિયાદમાં અભ્યાસ પૂરો કરી ૧૮૯૫માં મુંબઈમાંથી જિલ્લા વકીલાતની પરીક્ષા ઉત્તીર્ણ કરી. થોડાં જ વર્ષોમાં બંને ભાઈઓ ફોજદારી દાવાના જાણીતા વકીલ બની ગયા.

કાયદાના ઉચ્ચ અભ્યાસાર્થે ૧૯૦૫માં ઈંગ્લેન્ડ ગયા અને બેરિસ્ટર પદવી મેળવી ધારાશાસ્ત્રી બન્યા. ત્યાં દાદાભાઈ નવરોજી (૧૮૨૫-૧૯૧૭) સાથે થયેલો સંપર્ક વિઠ્ઠલભાઈની રાજકીય કારકિર્દી માટે પ્રથમ મંડાણ રૂપ બન્યો. ૧૯૦૮માં ભારત આવી એમણે મુંબઈને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી વકીલાત શરૂ કરી. અહીં પણ એક સફળ વકીલ તરીકે નામના મેળવી.



### જાહેરજીવનમાં પ્રવેશ

દરમ્યાન તબિયત લથડતાં ૧૯૧૦માં વતન કરમસદ આવ્યા અને પૂર્ણપણે સામાજિક કાર્યોમાં જોડાઈ ગયા. અહીં એમણે ખેડા જિલ્લાના ખેડૂતોની સમસ્યા જાતે નિહાળી. તેમાંથી સમાજસેવા અને દેશસેવાના બી રોપાયાં. તે સમયે સ્થાનિકે દેશભક્ત નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ (૧૮૭૪-૧૯૪૫) સામેનો ચર્ચાસ્પદ રાજદ્રોહ ગુનાનો મુકદમો વિઠ્ઠલભાઈએ જીતી બતાવતાં દેશભરમાં તેની નોંધ લેવાઈ હતી.

ત્યારબાદ વકીલાત છોડી તેઓ પુનઃ મુંબઈ આવ્યા અને દેશસેવાર્થે જાહેરજીવનમાં પ્રવેશ્યા. રાજકીય અનુભવ મેળવવા પ્રથમ બાંદરા નગરપાલિકા અને થાણા લોકલ બોર્ડના સભ્ય અને પછી પ્રમુખ તરીકે ચૂંટાયા. ૧૯૧૫માં તેઓ કોંગ્રેસમાં જોડાયા. ૧૯૧૮માં મુંબઈ ખાતે યોજાયેલા કોંગ્રેસ અધિવેશનની સ્વાગત સમિતિના અધ્યક્ષ રહ્યા હતા. ઈંગ્લેન્ડ ગયેલા ભારતીય પ્રતિનિધિમંડળ (૧૯૧૯)માં કોંગ્રેસનું



**લાડબાના પાંચ પુત્રો : (છેક ડાબે) વિઠ્ઠલભાઈ, (છેક જમણે) વલ્લભભાઈ**

પ્રતિનિધિત્વ પણ કર્યું.

## મુંબઈ વિધાન પરિષદના પ્રમુખ

૧૯૧૫માં વિઠ્ઠલભાઈ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના પ્રતિનિધિ તરીકે મુંબઈ વિધાનપરિષદ (ઉપલા ગૃહ- લેજિસ્લેટિવ કાઉન્સિલ)માં ચૂંટાઈ આવેલા અને તેના પ્રમુખ પણ બનેલા. તે વખતે દેશમાં ચાલી રહેલી ચળવળોમાં પણ યત્કિંચિત્ ભાગ લેતા. ખેડા સત્યાગ્રહ (૧૯૧૮) વખતે અત્યાચારના વિરોધમાં પ્રમુખપદનો ત્યાગ કરેલો.

મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮)એ અસહકાર આંદોલન (૧૯૨૦)નો પ્રારંભ કર્યો ત્યારે વિઠ્ઠલભાઈએ પણ મુંબઈ ધારાસભામાંથી રાજીનામું આપી દીધું. તત્પશ્ચાત્ તે આંદોલન અંતર્ગત વિદેશી વસ્ત્રોના બહિષ્કાર સાથે ખાદીની સ્વદેશી ચળવળમાં સાથ આપ્યો.

મુંબઈ વિધાનપરિષદમાં એમનો પાંચ વર્ષનો ગાળો (૧૯૧૫-૨૦) અર્થપૂર્ણ, હેતુલક્ષી અને ઘણી ઘટનાઓથી સભર રહ્યો. અનેક તબક્કે પોતાની કુશાગ્ર બુદ્ધિપ્રતિભા અને નીડરતાનો પરિચય આપ્યો. સાથે સંસદીય કાર્યવાહીનો પણ સારો અનુભવ મેળવ્યો.

## મુંબઈ મહાનગરપાલિકાના પ્રમુખ

૧૯૨૨માં કોંગ્રેસમાં મતભેદ સર્જાયા ત્યારે પંડિત મોતીલાલ નહેરુ (૧૮૬૧-૧૯૩૧) અને ચિત્તરંજન દાસ (૧૮૭૦-૧૯૨૫) સાથે મળીને વિઠ્ઠલભાઈ પટેલે ‘સ્વરાજ્ય પક્ષ’ની સ્થાપના કરી. ૧૯૨૩ની ચૂંટણીઓમાં આ પક્ષને ૪૫ બેઠકો મળી હતી.

તે પછી તેઓ મુંબઈ મહાનગરપાલિકાના પ્રમુખ (૧૯૨૪-૨૫) બન્યા. યોગાનુયોગ, વલ્લભભાઈ પટેલ પણ એ જ સમયે અમદાવાદ પાલિકાના પ્રમુખ હતા ! અહીં ટૂંકી મુદ્દત છતાં કુશળ વહીવટદાર તરીકે ઝળકી ઉઠ્યા અને કેટલીક રચનાત્મક યોજનાઓ સફળ બનાવી.

શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી નગરનિગમની પ્રાથમિક શાળાઓમાં મફત અને ફરજિયાત શિક્ષણ અમલી બનાવ્યું. મુંબઈની જાણીતી કે.ઈ.એમ. (કિંગ એડવર્ડ મેમોરિયલ) હોસ્પિટલ અને તેને સંલગ્ન મેડિકલ કોલેજ (પરેલ)ની સ્થાપના (૧૯૨૬)માં પણ એમનો સિંહફાળો હતો.

## મધ્યસ્થ ધારાસભાના અધ્યક્ષ

ત્યારબાદ ૧૯૨૫માં એમને આજની સંસદની પુરોગામી સંસ્થા ‘કેન્દ્રીય ધારાસભાના અધ્યક્ષ’ તરીકે ચૂંટવામાં આવ્યા. એક ગુજરાતી પાટીદાર રાજપુરુષ અને કાયદાશાસ્ત્રી માટે


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ફોન ઘર : ૨૪૦૯૨૦૪૩/૨૪૦૭૬૪૧૮

**શ્રી ઓધવાનંદ જ્યોતિષ મંગલ કાર્યાલય**

સંચાલક : રાજગુરુ હિંમતલાલ ઉત્તમરામ મોતા, જ્યોતિર્વિંદ, બી.એ.એસ. - મો.-૯૩૨૨૧૦૩૪૪૫ રાજગુરુ હરેશ હિંમતલાલ મોતા, જ્યોતિર્વિંદ, બી.કોમ.-મો.-૯૩૨૪૩૯૯૫૭૫ - રાજુભાઈ મો. : ૯૩૨૪૫૨૭૪૨૭ - સચીન મો. : ૯૯૩૦૩૭૨૪૬૨ જન્માક્ષર, વાસ્તુ, ગૃહપ્રવેશ, લગ્ન મુહુર્ત તથા અન્ય મુહુર્તો, લગ્ન રજીસ્ટર્ડ વિધી, જૈન લગ્ન વિધી, રાશી મેળાપક, લગ્ન વિધી, ધાર્મિક કર્મકાંડ, વૈદિક મંત્ર જાપ, જયેષ્ઠનક્ષત્ર, મૂળનક્ષત્ર, આશ્લેષનક્ષત્ર, વૈધૂતિયોગ, વ્યતિપાતયોગ, વદી ૧૪ અમાવાસ્ય ભારી વેરાઘડી શાન્તીપૂજા વગેરે ક્રિયાઓ કરનાર. ચંડીપાઠ, નવચંડી, શિવરૂદ્રાભિષેક, સત્યનારાયણ મહાપૂજા, કુંભ વિવાહ, અર્કવિવાહ, વિષ્ણુ વિવાહ, ભૂમિ પૂજન, નવગ્રહ શાંતી, નવગ્રહ જાપ, નવગ્રહ રત્ન સિદ્ધિ તથા જાપ, યંત્ર સિદ્ધિ પૂજા કરનારા.

૨૮૨/૪, સેવાકુંજ, જયશંકર યાજ્ઞીક માર્ગ, હિમાલય હોટલ પછી, સન્મુખાનંદ હોલની બાજુમાં, જનતા અને મેઘદૂત સ્ટોરની બાજુમાં, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.

આ એક ગૌરવવંતો પ્રસંગ હતો. બ્રિટિશ શાસનકાળની આ વડી ધારાસભાના પ્રથમ નિયુક્ત પ્રમુખ (૧૯૨૦-૨૫) સર ફ્રેડરિક વ્હાઈટ (૧૮૮૩-૧૯૭૦) પછી તેઓ પ્રથમ ચૂંટાયેલા પ્રમુખ અને આ પદે આવનાર પ્રથમ ભારતીય પણ હતા !



સંસદીય પ્રણાલીમાં અધ્યક્ષનું સ્થાન માન અને મોભાભર્યું હોય છે. વિઠ્ઠલભાઈની ખ્યાતિ ખાસ કરીને સંસદીય નીતિ-નિયમો અને કાયદા અંગેની વિસ્તૃત સમજને આભારી છે. કાયદા-કાનૂનની સૂક્ષ્મ વિગતોથી પૂરા પરિચિત હોવાથી તત્કાલીન સરકાર માટે ક્યારેક મૂંઝવણભરી સ્થિતિ પણ પેદા થતી. બીજી બાજુ પોતાની તટસ્થતા-વિદ્વત્તા, ઓજસ્વી વ્યક્તિત્વ અને પ્રભાવક પ્રવચનશક્તિને લીધે સૌનું આદરમાન પામતા.

ગાંધીરંગે રંગાયેલા હોવાથી અધ્યક્ષ તરીકે પણ ખાદીવસ્ત્રો ધારણ કરી તે સ્થાનને દીપાવ્યું હતું. સંસદીય નીતિ-નિયમોમાં પારંગત હોવાને લીધે ગૃહની કાર્યવાહીના કુશળ સંચાલન માટે બધાએ એમની ખૂબ પ્રશંસા કરી છે. રાષ્ટ્રીય ધારાસભાના અધ્યક્ષ તરીકે એમણે દેશમાં જે ઉજ્જવળ બંધારણીય અને સંસદીય પ્રણાલી સ્થાપી છે તેના થકી આજે પણ આપણી લોકશાહી ઉજળી છે.

## આઝાદી જંગના સેનાની

દાંડીકૂચ (૧૯૩૦) વખતે દમનના વિરોધમાં કોંગ્રેસે વિધાનમંડળોનો બહિષ્કાર કર્યો ત્યારે વિઠ્ઠલભાઈએ પણ તત્કાળ અધ્યક્ષપદના ત્યાગ સાથે વડી ધારાસભામાંથી રાજીનામું આપી દીધું. એમણે લખ્યું છે, ''... દેશની આઝાદીના જંગની આ ઘડીએ મારું સ્થાન મારા દેશવાસીઓ સાથે જ હોય. પ્રજા સાથે ખભેખભા મિલાવીને કામ કરવાનો મેં નિર્ધાર કર્યો છે...''

તે પછી તેઓ સંપૂર્ણપણે આઝાદીની લડાઈમાં જોડાઈ ગયા. ગાંધીજીની સવિનય કાનૂનભંગ ચળવળ વખતે બ્રિટિશ સરકારે કોંગ્રેસ કારોબારી સમિતિના અન્ય સભ્યો સાથે વિઠ્ઠલભાઈની પણ ધરપકડ કરી અને એક વર્ષની સજા થઈ. પરંતુ કેદમાં જ સ્વાસ્થ્ય કથળતાં સરકારે એમને વહેલાં મુક્ત કર્યા.

દરમ્યાન ગાંધીજી સાથે લંડનની ગોળમેજી પરિષદ (૧૯૩૧)માં પણ ભાગ લીધો. તેથી ૧૯૩૨માં ફરી પકડવામાં આવ્યા, પરંતુ માંદગી સબબ સરકારે ભારત બહાર ઈલાજ કરાવવાની મંજૂરી આપી.

## વિદેશીભૂમિ પર અંતિમ શયન

ફલતઃ ફેબ્રુઆરી, ૧૯૩૨માં તેઓ વિયેના (ઓસ્ટ્રેલિયા) ગયા અને બીમારીની હાલતમાં જ અમેરિકા અને યુરોપની પણ શ્રમભરી યાત્રા કરી અને અમેરિકાનાં અનેક શહેરોમાં વ્યાખ્યાનો આપ્યાં. વિયેના પાછા ફરતાં તે સમયે ત્યાં રહેતા નેતાજી સુભાષચંદ્ર બોઝ (૧૮૯૭-૧૯૪૫)ને પણ તેઓ મળ્યા. બંનેને એકમેક પ્રત્યે ગાઢ સ્નેહાદર હતો તે જાણીતી વાત છે.

વિઠ્ઠભાઈ તે પછી લીગ ઓફ નેશન્સ (રાષ્ટ્રસંઘ)માં ભારતના પક્ષે દલીલો કરવા જિનિવા (સ્વિટ્ઝર્લેન્ડ) આવ્યા. ત્યાં જ ભારતમાતાના આ સપૂત ૨૨મી ઓક્ટોબર, ૧૯૩૩ના અવસાન પામ્યા. વિઠ્ઠલભાઈની ખ્યાતિ એક કુશળ સંસદવિદ્ અને સફળ અધ્યક્ષ તરીકે વધુ રહી છે. પરંતુ તેઓ આનાથી કંઈક વિશેષ હતા. તેઓ ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની અને સાચા દેશભક્ત હતા.

જન્મ શતાબ્દી અવસરે ટપાલ ખાતાએ એમના માનાર્થે ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૩ના પચાસ પૈસા મૂલ્યની, ઊભા આકારની અને આછા બદામી (હોર્નેટ બ્રાઉન) રંગમાં મુદ્રિત ખાસ ટપાલટિકિટ પણ બહાર પાડી છે. તો આપણા આ મુઠ્ઠીઊંચેરા ગુજરાતી રાજપુરુષની રાજ્યમાં પણ કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે હેતુ ગાંધીનગર ખાતે નવનિર્મિત વિધાનસભા સંકુલનું ૮મી જુલાઈ, ૧૯૮૨ના 'વિઠ્ઠલભાઈ પટેલ ભવન' એવું નામકરણ કરાયું છે. ✽

# સમાચાર વિભાગ

# બૃહદ કચ્છ વર્તમાન

સંપાદક : ભાવેશ કુરિયા

## કારકિર્દીના કલાધર ટ્રેવ શુક્લ



કચ્છી યુવાન ટ્રેવ શુક્લનું નામ ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની મહેચ્છા ધરાવતા વિદ્યાર્થીઓમાં અગ્રસર નામ છે. મહેનત જેનો જીવનમંત્ર, શિક્ષણ જેના હૃદયમાં અને મનોવ્યથાથી પીડિતોનું હિત જેનું લક્ષ્ય છે એવા ટ્રેવ ઓપન માઈંડેડ નવું શીખવાની ધગશ, પોઝિટીવ એટિટ્યુડ, શાંત પ્રકૃતિ અને નિયમિત વાંચન, ચિંતન, મનન દ્વારા પોતાની સ્કીલ ડેવલપ કરી એવી ઉજ્જવળ કારકિર્દી હાંસલ કરી છે કે જે સાંભળી તમામ કચ્છીઓની છાતી ગજગજ ફૂલે છે. ટ્રેવ શુક્લે અગાઉ બી.એ.ની પદવીમાં કચ્છ યુનિવર્સિટીમાં બીજું સ્થાન મેળવ્યું હતું, પણ તાજેતરમાં લેવાયેલી એમ.એ. (સાઈકોલોજી)ની પરીક્ષામાં ગુજરાત યુનિવર્સિટીમાં પાંચમું સ્થાન મેળવી ૮૦.૫૦ ટકા સાથે પસાર કરી છે. સાઈકોલોજીમાં એમ.એ.માં આટલી ઉંચી ટકાવારી મેળવનાર ટ્રેવ પહેલો વિદ્યાર્થી છે. M.A. with Clinical Sychology ચિકિત્સા મનોવિજ્ઞાનમાં તેમની આ સિધ્ધિએ કિર્તીમાન સર્જ્યો છે.

'ટ્રેવ' નામ કદાચ કોઈને અજનબી લાગતું હશે, પણ વાસ્તવમાં આ (ટ્રેવ) નામકરણ પાછળ પણ ગૂઢ રહસ્ય છૂપાયેલું છે. સિવિલ હોસ્પિટલ અમદાવાદનાં આંગણામાં કિડની રોગોની સારવાર અને સંશોધન શિક્ષણને લગતી વિશ્વની અગ્રહરોળની સંસ્થાના સ્થાપક, કિડની રોગ સંબંધિત મોટા પ્રશ્નોનો મોટી રીતે ઉકેલ લાવનાર, તબીબી ક્ષેત્રે ચમત્કાર સર્જનાર મહાપુરુષ અને કેનેડામાં જેમના પર યશ, કિર્તી અને લક્ષ્મીનો સતત વરસાદ વહેતો હતો તે પણ પોતાની માતૃભૂમિ-વતનના કિડની દર્દીઓની સારવાર અર્થે ભારત આવી જનાર વૈજ્ઞાનિક સંશોધક ડૉ.શ્રી એચ.એલ. ત્રિવેદી સાહેબે જયેન્દુભાઈ પાસે પુત્ર જન્મનાં સમાચાર સાંભળ્યા ત્યારે જ ભારતના આ પનોતા પુત્રે ટ્રેવના ઉજ્જવળ ભવિષ્ય બાબતે ભવિષ્યવેત્તા જેવી આગાહી કરી તેનું નામ ટ્રેવ પાડી દીધું. ત્રિવેદી સાહેબે કહ્યું કે - કેનેડામાં ડૉ.ત્રિવેદી ઉચ્ચારણ અઘરું લાગતું હોવાથી બધા તેમને ડૉ.ટ્રેવ તરીકે સંબોધન કરતા હતા. તેમની આત્મકથામાં પણ 'ટ્રેવ' નામનો ઉલ્લેખ લગભગ પંદર વખત વંચાય છે.

કચ્છ રચના પરિવાર, પોતાના જાહેરજીવનમાં વ્યક્તિગત સ્વાર્થ માટે કોઈ સમાધાન ન કરનાર ટ્રેવ હજુ પણ વિશેષ ઉંચી ઉડાન ભરી પોતાના સમાજોપયોગી સામર્થ્યમાં નિરંતર વધારો કરતો રહે. આપશ્રીના માનસિક રોગની સમસ્યાના ઉપચાર માટે ટ્રેવભાઈનો મો.૯૪૨૭૭૧૮૧૫૪

## ભુજના ચિત્રકારની ચિત્રકૃતિ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં પસંદગી

પસંદગી પામેલ ભારતની ૪ કૃતિ પૈકી ગુજરાતની એક માત્ર કચ્છની.

સાઉથ આફ્રિકામાં વોટરકલર આર્ટ સાઉથેર્ન આફ્રિકા સંસ્થા મોરેશિયસ સહિત દક્ષિણ આફ્રિકામાં કામ કરે છે જે દર વર્ષે એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને કલાને લગતા કાર્યો કરે છે જેમાં ઓગસ્ટ-૨૦૨૩માં વિશ્વભરમાંથી કલાકૃતિઓની ઓનલાઈન એન્ટ્રીઓ મંગાવવામાં આવેલ હતી જેમાં ભુજનાં ચિત્રકાર લાલજીભાઈ જોષીએ 'આહિરાણી' ચિત્રકૃતિને સબમીટ કરીને કચ્છની લોકસંસ્કૃતિને વિશ્વ ફલર પર દર્શન કરાવ્યા હતા અને વિશ્વભરમાંથી કુલ ૩૪૦ એન્ટ્રીઓ પસંદગી પામેલ જેમાં ભારતની માત્ર ૪ કલાકારોની એન્ટ્રીની પસંદગી પૈકી ગુજરાતની ફક્ત એક ભુજનાં ચિત્રકાર લાલજીભાઈ જોષીની

ચિત્રકૃતિ પસંદગી પામેલ હતી.

વોટરકલર દ્વારા આ ઓનલાઈન પ્રદર્શન સોશીયલ મીડિયા અને વેબસાઈટનાં માધ્યમોથી સાઉથ આફ્રિકા સાથે વિશ્વભરમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

## ધ્રોબાણા ગામમાં આયુષ અને આયુર્વેદિક આરોગ્ય સેવા અંગે માહિતી અપાઈ

ભુજ તાલુકાના સરહદી પચ્છમ વિસ્તારના ધ્રોબાણા ગામે આરોગ્ય શાખા-જિલ્લા પંચાયત તેમજ આયુર્વેદિક શાખાના સંયુક્ત ઉપક્રમે સર્વરોગ આયુષ નિદાન-સારવાર કેમ્પ યોજાયો હતો.

આરોગ્ય કેમ્પના અધ્યક્ષ તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આર.આર.ફૂલમાલી રહ્યા હતા અને ડૉ.પવન મકરાણી, જિલ્લા આયુર્વેદિક અધિકારી તથા જિલ્લા મેલેરિયા અધિકારી પ્રકાશભાઈ દુર્ગાણી રહ્યા હતા.

કેમ્પને ખુલ્લો મુકાયા બાદ ડૉ.ફૂલમાલીએ પચ્છમ વિસ્તારના લોકોને આયુષ અને આયુર્વેદિક આરોગ્ય સેવાઓની જાણકારી આપી હતી અને આવી સેવાઓનો ગરીબ દર્દીઓને વધુને વધુ લાભ લેવા લોકોને અપીલ કરી હતી. આયુર્વેદ શાખા તરફથી અપાયેલા કુપોષણ નિવારક ઔષધોનો લાભ લેવા પણ જણાવ્યું હતું.

કેમ્પમાં આયુર્વેદિક શાખાના તબીબો દ્વારા ૧૭૩ દર્દીનું નિદાન કરી સારવાર અપાઈ હતી અને ૨૦ બાળકને આયુષ બાળ રસાયણનું અને ૩૫ કિશોરીને પાંડુરોગ (એનિમિયા) પ્રતિરોધક ઔષધિઓનું વિતરણ કરાયું હતું. ગામના અગ્રણી એ.પી.એમ.સી. ભુજના ડાયરેક્ટર સમા સનાવલા સધિક અને સામાજિક અગ્રણી હાજી શકુર સમા હાજર રહ્યા હતા.

સંચાલન અને સહયોગી ડૉ.સવાના મેમન અને ડૉ.મુશ્કાનબેન શર્મા રહ્યા હતા. દિનારા પી.એચ.સી.કેન્દ્રનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ગોવામાં કચ્છના યુવાને રૂબરૂ મિસ્ટર ઈન્ડિયાનો ખિતાબ મેળવ્યો

ગોવાના બોગમલો બીચ ખાતે યોજાયેલી 'રૂબરૂ મિસ્ટર ઈન્ડિયા-૨૦૨૩'ની સ્પર્ધાની ૧૯મી આવૃત્તિમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી દિવ્યાંગ એવા કચ્છના ખટિયા ગામના ૩૨ વર્ષીય ચેતન નારાણભાઈ જાજાણીએ ખિતાબ જીત્યો હતો. આ સિધ્ધિ મેળવનારા ગુજરાતના ક્રમિક યાદવ પછી તે બીજી વ્યક્તિ છે. તે હાલમાં કર્ણાટકના મેંગ્લોર સ્થિત કશાર્પ ફિટનેસમાં કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે.

બે વર્ષની ઉંમરે ચેતનને પોલિયોની અસર થઈ. શિક્ષણ પુરું કરી એથ્લેટિક્સ ગેમ્સ અને પેરા પાવરલિફિંટગ જેવી રમતોમાં ભાગ લઈ રાજ્યસ્તરે મેડલ મેળવ્યા. પોતાની સિધ્ધિ વિશે વાત કરતાં તેણે જણાવ્યું હતું કે, ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા ૩૨ સ્પર્ધકમાંથી તે એકમાત્ર હતા કે જેણે વ્હીલચેર પર ઓડિશન, ઈન્ટરવ્યૂ, ફિટનેસ જેવા જુદા જુદા રાઉન્ડ પુરા કરી આ સિધ્ધિ હાંસલ કરી હતી.

'રૂબરૂ મિસ્ટર ઈન્ડિયા' ટાઈટલ એ એક જવાબદારી છે તેથી વિકલાંગતા ધરાવતા લોકોના શિક્ષણ અને ઉછેરના ક્ષેત્રમાં કામ કરવા તથા તેમને પ્રોત્સાહિત કરવાના પ્રયાસ કરશે તેમ તેણે વધુમાં જણાવ્યું હતું.

વર્ષ ૨૦૨૨માં મિસ્ટર કેબેલેરો યુનિવર્સલ સ્પર્ધા, તો મોસ્ટ ઈન્સ્પિરેશન પર્સનાલિટી ટાઈટલ-૨૦૨૩ પણ જીત્યા હતા. આ સફળતા બદલ તેને વતન તથા રાજ્યભરમાંથી શુભેચ્છાઓ મળી રહી છે.





Greeting Cards

| | |
|---|---|
| Books, Music, Movies | Watches, Clocks, Electronics |
| Photo Albums, Photo trames | Fine Writing Pens, Stationeries |
| Ties, Wallets, Belts, Cufflinks | Ceramlcs, Crystals, Stonewares |
| Perfumes, Cosmetics, Jewelery, Leather Bags | Posters, Prints, Frames |
| Plants, Murals, Handicrafts | Lamps, Water-fountains, Name-plates |
| Trophies, Plaques, Awards | Games, Toys |

Satyam Collection

When you want to express your emotions

J.Tata Road, Nr.Eros, Churchgate, Mumbai. P : 22854703 / 04 - C : 9820596961
Ghantali, Vishnu Nagar, Thane (W). P : 25408714 / 25424224
e : info@satyamcollection.com

## રતાડિયા પ્રાથમિક શાળાના બાળકો ડિજીટલ શિક્ષણ મેળવશે

ટેકનોલોજીના માધ્યમથી છેવાડાના ગામના બાળકો પણ ડિજીટલ શિક્ષણ મેળવી શકે અને અભ્યાસક્રમને સરળ રીતે સમજી શકે એ હેતુથી ડિજીટલ ઈન્ડિયાના દૃષ્ટિકોણથી પ્રેરિત થઈ ગુજરાત સરકારના ડિજીટલ શિક્ષણ ક્ષેત્રના પ્રયાસોને વેગ આપવા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત મુન્દ્રા તાલુકાની રતાડીયા પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસે ત્રણ સ્માર્ટ કલાસનું ગામના નિવૃત્ત ફૌઝી પરાક્રમસિંહ જાડેજા અને રમેશચંદ્ર સોલંકીના હસ્તે મહેમાનો, સ્ટાફ અને ગ્રામજનોની હાજરીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

સ્માર્ટ કલાસ અંગે વધુ જાણકારી આપતા શાળાના આચાર્ય ધીરુભા ચૌહાણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા ત્રણ એન્ડ્રોઈડ સિસ્ટમ વાળી ફૂલ સાઈઝની ટીવી તથા ત્રણ લેપટોપ બાળકોના અભ્યાસ અર્થે શાળાને ફાળવવામાં આવતા વિદ્યાર્થીઓ ગણિત, વિજ્ઞાન, ભૂગોળ જેવા કઠિન વિષયોને સરળતાથી ઓડિયો-વીડિયોના માધ્યમથી સમજી શકશે અને એની રુચિમાં વધારો થતાં કલાસરૂમમાં વિદ્યાર્થીઓની હાજરીની નિયમિતતા અને અભિરુચિમાં વધારો થશે. આ ટીવીમાં વિવિધ એપ્લિકેશન અને ઉપગ્રહ પ્રસારણ દ્વારા તજજ્ઞોના પાઠ પણ ઓનલાઈન શીખવી શકાશે એવી માહિતી આપવામાં આવી હતી.

મારી માટી મારો દેશ અંતર્ગત ગામના નિવૃત્ત ફૌઝીના હસ્તે ધ્વજવંદન કર્યા બાદ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં આચાર્યએ શાબ્દિક સ્વાગત કર્યા બાદ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો રજૂ કરીને બહોળી સંખ્યામાં હાજર રહેલ ગ્રામજનોના દિલ જીતી લીધા હતા. બાળકોને પ્રોત્સાહિત કરવા વિવિધ ઈનામો સહિત ૮૦૦૦ રૂપિયાનો ફાળો વાલીઓ, સ્ટાફ અને ગ્રામજનો દ્વારા આપવામાં આવ્યો હતો.

## વૃક્ષોના જતન સાથે જળ બચાવી પર્યાવરણને સમૃધ્ધ બનાવો

કોડાય પ્રા.શાળા ખાતે તાલુકા કક્ષાનો વન મહોત્સવ ધારાસભ્ય અનિરુધ્ધ દવેની ઉપસ્થિતિમાં ઊજવાયો હતો.

મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત ધારાસભ્યના હસ્તે ધ્વજવંદન તેમજ ગામના સૈનિકોનું સન્માન થયું હતું. વૃક્ષ રથને પ્રસ્થાન કરાવાયું હતું. સ્વાગત પ્રવચન દિવ્યાબેન ગઢવીએ કર્યું હતું.

તા.પં.પ્રમુખ નીલેશ મહેશ્વરી, સુરેશ સગાર, અમૂલ દેઢિયા, તા.વિ.અ.શ્રી કોલચા, રાકેશ રાઠવા, વિરલ જોષી, વાછિયાભાઈ ગઢવી, હરદાસ ગઢવી, તલાટી ખેતશી ગઢવીનું બહુમાન કરાયું હતું.

અનિરુધ્ધ દવેએ પ્રકૃતિના જતન માટે ઠેરઠેર હરિયાળી લાવવી પડશે, જેના માટે સૌ વૃક્ષોનું જતન કરે અને જળ બચાવે તેવી અપીલ કરી વન ખાતાંની કામગીરીને બિરદાવી આર.એફ.ઓ. જયાબેન અને વનકર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા. રેન્જ ફોરેસ્ટ ઓફિસરે કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના સકારાત્મક પ્રયાસોથી વનીકરણની કામગીરીને વેગ મળ્યો છે.

કાર્યક્રમમાં કાનજી પટેલ, વનપાલક અબ્દુલ્લા ભંભરા, પી.એસ.ખોરાણી, અરજણ ચાવડા, એચ.કે.ગઢવી, અબ્દુલ્લા પટેલ, કેતન શિયાણી, શિવજી જુમ્મા, વિપુલ સુથાર, અશ્વિન જાદવ, મુસ્તાક હાલા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોને વન વિભાગ દ્વારા તુલસીના રોપાઓનું વિતરણ કરાયું હતું. સંચાલન બંસરીબેન ભટ્ટ અને આભારવિધિ ચંદ્રકાંત અમીને કરી હતી.

Ramesh P. Shah
M. : 9321414680

Sagar R. Shah
M. : 9833184943

Shree Mamal Novelty

Mfg, of Hairpins & Hair Accossoiles

A-15, Bhatiya Estate, Ganesh Nagar, Opp. Garuda Petrol Pump, Kandivali (West),
Mumbai-400 067. Maharashtra (India) - E-mail : gapu.saga@gmail.com

since 1975

**MANSI textiles**

*Specialise in :*
Fabric for girl's dresses, infant wear, women's night wear and men's shirting

101, Kumar Fun'n'shop, 1st Floor, Old Hindmata Theatre, Dr Ambrdkar Rd , Dadar East , Mumbai 400014

TEL : 02224114329 / 02224136151
Harakhchand Gangar : 9820032030
Kirti (Ravi) Gangar : 9967768833

**MILAN textiles**

*Specialise in :*
Exclusive fancy shirting fabric

21, Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224112352 , 02224113032
Nemchand Gangar : 9821097336

**APNA® textiles**

*Specialise in :*
Fancy shirting fabric

22 , Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224120734
Vinod Gangar : 9321162013
Hasmukh Gada : 9320031226

**Sankalp SYNTHETICS**

*Specialise in :*
Exclusive shirting fabric

37, Kesharbaug , Dr. B. J Devrukhkar Marg, Opposite Progressive Co-op Bank, Hindmata, Dadar East, Mumbai 400014

TEL: 02224131661
Shivji Shah : 9820001312 | Sailesh Shah : 9821016559
Mayur Shah : 9820790587

**MAYKA® Lifestyle**

*Specialise in :*
Casual wear fabrics for men and women

37/38 , Kewal Industrial Estate, Ground Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai 400013

TEL : 02249556666
Amit Gangar : 9819901234 | Hardik Gangar : 9819577677
Mayank Gangar : 9820550015

**MAYKA® SYNTEX**

*Specialise in :*
100% Cotton shirting garment fabric supplier, smart formals and clubwear shirting fabric

52, Kewal Industrial Estate, Ground Flr, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013

TEL : 02262495555
Jayanti Gangar : 9224500000 | Samay Gangar : 9819032325
Nirav Gangar : 9773296976 | Nilesh Shah : 9820790572

*With best compliments*

માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પરિવાર - ચુનડી

GALA GROUP
Enhance your Lifestyle

# ONE STOP SOLUTION FOR ALL YOUR INTERIOR NEEDS

**Choose from over 2 lakh products & 40 International brands spread across 1 lakh sq. ft. of display area**



## Uro Veneer World

Exclusive Veneers
Designer Laminates
Plywood
Alabaster & MDF
Designer Charcoal Panels & Acrylam

**Mysore Road** 9880589240 **RV Road** 9902348240



## Wood & Mouldings

Wooden Flooring
Exterior Cladding
Decking
Wallpaper
Dupont Corian
Door

**Mysore Road** 9880589246 **RV Road** 8105921000



## Gala Furniture World

Luxury Sofas
Dining Tables
Living Collection
Recliners
Artefacts & Carpets

**Mysore Road** 9900710000 **RV Road** 9980156197



## Bath World

Flooring Tiles
Wall Tiles
CP Fittings
Sanitaryware
Faucets
Kitchen Sinks


**Mysore Road** 9880520000



## Gala Stone World
## Stone World

Odyssey carvings
Flex stone cladding
Orvi stone surfaces
Stone metal fusion
Natural stone cladding, Stone décor

**Mysore Road** 9036456788 **RV Road** 9632811911



## Euro Lighting World

Decorative Light Fixtures
Designer Ceiling Fans

**Mysore Road** 9945446666



## Gala Curtain World
## Drapes World

Curtains
Blinds
Upholstery
Mattress
Home Linen & Accessories

**Mysore Road** 9036839449 **RV Road** 9844431901



## Gala Hardware World

Designer Hardware
Cabinet Handles & Locks
SS Railings
Bathroom Accessories
Glass Fittings

**Mysore Road** 9845565779 **RV Road** 9945163360



## Mahaveer Corporation (India)

Aluminum Composite Panels
Interior & Exterior Grade

**Mysore Road** 9739300015




## Gala Kitchen World
## Hafele & Blum Design Studio

Kitchen & Wardrobe Accessories
Appliances
Hobs & Chimneys
Sliding Fittings

**Mysore Road** 9945163360 **RV Road** 7829773850

www.galagroup.in info@galagroup.in customer care: 080 26749845



Anchor Toothpaste
The Economic Times
BEST BRANDS 2019
INDIA'S BEST BRAND
Awarded and accepted by The Economic Times (The Times Group) for 2019
100% Vegetarian
Vegetarian Society LONDON, UK Approved
4 અઠવાડિયામાં કૅવિટીઝ રોકવામાં સહાય કરે છે*!!
NEW!
Anchor
TOOTHPASTE WITH
HAP^
અન્ય ટૂથપેસ્ટથી તદ્દન અલગ
NEW
Anchor
ADVANCED CAVITY PROTECTION WITH HAP
RECOMMENDED BY DENTISTS
100% VEGETARIAN
CALCIUM HYDROXYAPATITE TOOTHPASTE PROVIDES SUPERIOR CAVITY PROTECTION
150g
— હેપ^ — એટલે શું?
હેપ, અથવા હાયડ્રોક્સીએપાટાઇટ વધુ જાણીતું કેલ્શિયમ છે અને કુદરતી રીતે ઉદ્‌ભવતા કિંમતી ખનિજનું સ્વરૂપ છે.
પોલાણ (કૅવિટીઝ) કઈ રીતે તૈયાર થાય છે?
આપણી ખાવાની આદતોથી કે વટીઝ તૈયાર થાય છે. એમની માઇક્રોસ્કોપિક રીતે એટલે કે તમારા દાંતના એનામલ પર અતિશય નાનાં છિદ્રોના રૂપમાં શરૂઆત થાય છે. અને જો સારવાર કરવામાં ન આવે તો, એ છિદ્રો મોટાં થાય છે અને આખા દાંતમાં સડો થાય છે.
હેપના ફાયદા કયા છે?
હેપ ધરાવતી ટૂથપેસ્ટનો ઉપયોગ કરવાથી કેવિટીના સમયપૂર્વેના સ્વરૂપોને ઘટાડવામાં સહાય થાય છે જેનાથી સમગ્ર મોઢાની (ઓરલ) બહેતર સ્વાસ્થ્યપ્રદતા રહે છે. આ દાંતના એનામલની ઉપલી સપાટી તથા નીચલી સપાટીમાંની માઇક્રોસ્કોપિક ખામીઓને ઠીક (રિપૅર) કરે છે, એનામલની એની મૂળ ખનિજ ઘનતામાં જાળવણી કરે છે અને દાંતોના સડાની શરૂઆત, પ્રારંભિક સડાને ઠીક કરે છે. આ જાળવણીથી એનામલ એના મૂળ ગુણધર્મો ફરીથી પ્રાપ્ત કરે છે. એચએપી આધારિત ટૂથપેસ્ટમાં રહેલી ભરવાની અસર (ફિલિંગ એક્શન) એ સંવેદનશીલતાની સામે તમારું શ્રેષ્ઠ દીર્ઘકાલીન સંરક્ષણ છે. કુદરતી રીતે પ્લાક દૂર કરવામાં અને દાંતને કુદરતી રીતે સફેદ કરવામાં આ ફાયદાકારક છે. તમે હેપ વિશે www.anchorglobal.net પર વાંચી શકો છો.
ટોક્યો મેડિકલ ઍન્ડ ડેન્ટલ યુનિવર્સિટી અને જિફુ ડેન્ટલ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ સંયુક્ત અભ્યાસ બતાવે છે, જે બાળકો નૉન- હાયડ્રોક્સીએપાટાઇટ નિયંત્રણની સરખામણીમાં હાયડ્રોક્સીએપાટાઇટ આધારિત ટૂથપેસ્ટથી એમના દાંત દરરોજ બ્રશ કરે છે એવાં બાળકોમાં નવા સડામાં મહત્ત્વપૂર્ણ ઘટાડો દર્શાવે છે.
આ ટૂથપેસ્ટ માત્ર કેવિટીને નથી અટકાવતી પરંતુ સમગ્ર દાંતની સ્વાસ્થ્યપ્રદતા માટેની શ્રેષ્ઠ ટૂથપેસ્ટમાંથી એક છે
Clinically tested at Universta' Degli Studi Di Pavia, Italy and at Dr. D. Y. Patil Dental College & Hospital, Pune.
* 4 અઠવાડિયાં સુધી દિવસમાં બે વાર બ્રશ કરવા પર, યુનિવર્સિટા ડેગલી સ્ટડી ડી પાવિઆ, ઈટાલી અને ડૉ. ડી.વાય. પાટીલ ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલ, પૂણે દ્વારા આયોજિત ક્લિનિકલ પરીક્ષણના આધાર પર. ** એન્કર દ્વારા કરવામાં આવેલા ક્લિનિકલ ટેસ્ટ મુજબ, Anchor Advanced Cavity Protection with HAP નો સેન્સિટિવિટી ઓછી કરવા પર નિર્ણયાત્મક પ્રભાવ હતો જે રિમિનરલાઈઝેશન પ્રક્રિયાના સીધેસીધા પરિણમ હતો. ^ HAP કેલ્શિયમ હાયડ્રોક્સીએપેટાઇટના સંદર્ભમાં છે.
વધુ જાણવા, મુલાકાત લો www.anchorhap.com
RECOMMENDED BY DENTISTS
Hydroxyapatite Calcium
— HAP —
ટૂથપેસ્ટ આ રીતે કામ કરે છે
HAP ટૂથપેસ્ટનો ઉપયોગ ન કરતા પહેલાં
ખાવા-પીવાની આદતને લીધે સૂક્ષ્મ છીદ્રો તૈયાર થાય છે.
આ છીદ્રોની સારવાર કરવામાં ન આવે તો કૅવિટીઝ થઈ શકે છે.
HAP ટૂથપેસ્ટનો ઉપયોગ કર્યા પછી
HAP સૂક્ષ્મ માઇક્રોસ્કોપિક છીદ્રોને પૂરી દે છે.
સંરક્ષાત્મક આવરણ તૈયાર કરી કૅવિટીઝ રોકવામાં મદદ કરે છે.
Anchor
કરોડો લોકોનો અતૂટ વિશ્વાસ
ORAL HEALTH FOUNDATION APPROVED UK
Internationally recognised Oral Health Foundation, London UK has approved & accepted Anchor Toothpaste as a useful aid for good dental health care

Kutch Rachana : Registered under Postel Regd No. AHD-C/104/ 2020 - 2023 Valid upto 31st December - 2023
Published on 5th Every Month Posting at Ahmedabad P.S.O. 5th of Every Month Dt. 5-9-2023 R.N.I. No. GUJGUJ / 2019 / 78536




માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક : ભવાનજી રામજી ગાલા, મુદ્રણ પ્રકાશન સ્થળ : રચના પ્રિન્ટર્સ
૩૩૨, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન :૨૫૫૦૪૪૮૧